રચનાર—

શો૦ મ૦ દેશાઈ.

દુઃખીને દિલાસો.

ભાગ ૭ મો.

આવૃત્તિ ત્રીજી.

પ્રસિદ્ધ કર્તા,

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબઈ.

તૈયાર છે.

દુ:ખીને દિલાસો.

(૫૬ ભાગમાં)

ભાગ ૧ થી ૭ દરેકની

કીમત રૂ. ૦-૧૨-૦.

પ્રસિદ્ધકર્ત્તાઓની નોંધ

શેઠ શોરાબજી મંચેરજી દેસાઇએ 'દુ:ખીને દિલાસો' એ નામથી ૫૬ ભાગ બ્હાર પાડ્યા છે પણ તે ઘણુ ખરૂં માત્ર પારસી કોમમાં વંચાતા હોવાથી અમને તે પ્રસિદ્ધ કરીને હિંદુઓમાં પણ તેનો ફેલાવો પામે એવા આશયથી કહેવામાં આવતા આ સાહસ માથે લેવાનો નિશ્ચય થયો અને મી દેસાઇને પુછતા તેમણે તે પ્રસિદ્ધ કરવાની રજા આપવાથી અત્યાર સુધીમાં ૭ ભાગ બ્હાર પાડ્યા છે તથા બીજા ભાગો હાલ છપાય છે તે પણ યોગ્ય સમયમાં પ્રસિદ્ધ થતા જશે તો આશા છે કે ગુજરાતી સાહિત્યના સઘળા વાચકો હિન્દુ, મુસલમાન અને પારસી બંધુઓ તરફ બહુ તેને યોગ્ય ઉત્તેજન આપશે પ્રથમ આવૃત્તિ વખત મી. દેસાઇને સખી ગૃહસ્થોની મદદ મળવાથી તેઓ તેની કીમત ઘણીજ સસ્તી રાખી શક્યા હતા પણ આ વખતે તેવી જાતની મદદ માટે અમને કોઈ જાતની આશા ન હોવાથી તથા હાલમાં છપામણી વગેરેની સખત મોંઘવારીને લીધે આ વખતે કીમત જરા વધારે રાખવી પડી છે તે માટે દિલગીર છીએ પણ હવે પછીના ભાગમાં કોઈ ઉદાર ગૃહસ્થ તરફથી આ કાર્યને યોગ્ય ઉત્તેજન મળશે તો કીમત તે પ્રમાણમાં સસ્તી રાખવા પ્રયાસ કરીશું છેવટમાં જે ઉદાર શરતોથી મી દેસાઇએ આ ભાગો છપાવવાની રજા અમને આપી છે તે બદલ તેમનો ઉપકાર માનીએ છીએ

બીજા ભાગો માટે તમારાં નામ તત્કાલ નોંધાવો.

પ્રસિદ્ધ કર્તા.

એન એમ. ત્રિપાઠી એન્ડ કંપની

કાલબાદેવી રોડ, મુંબઈ.

દુઃખીને દિલાસો.

(૫૬ ભાગમાં)

ભાગ ૭ મો

રચનાર,

શો૦ મ૦ દેશાઈ

તે

પારસી અટકો અને નામો–આતશબેહેરામે દેશાઇ ખોરશેદ–ઐયામે
નૌસાલો હિંગામે નૌરોઝ–સીહા સસાર–તવારીખે નવસારી–હિંદુસ્થાનના
આતશબેહરામો–નૂરજેહાન–બદગી અને માથ્રવાણીની મોતેમરી
ગાયકવાડ અને બ્રિટાનિયા–પ્રાણી મડળ–ગજે શાયરાન–પારસી
સુતકો–પારસીઓમા લગનનુ જોડુ–જમશેદની ઇતિહાસીક
નિંદા–મહારાણી વિકટોર્યાંનુ જીવન ચરિત્ર–સરસ્વતી
વિલાસ–અડવર્ડ નામુ–દુ ખીને દિલાસો–દાદારજીની
દરબાર–પાગ્સી વિષયો–પારસી પ્રજાને
અપીલ ઇત્યાદિના
કર્તા

નવસારી.

(આવૃત્તિ ત્રીજી)

છપાવી પ્રસિદ્ધ કર્તા,

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની, મુંબઈ.

ઈ સ ૧૯૨૪

કિંમત રૂ. ૦–૧૨–૦

વડોદરા રાજયના ચિફ જસ્ટીસ

રાવ બહાદુર [illegible]ભાઈ હાથીભાઈ દેશાઈજી

બી એ, એલ એલ બી,

એફ આર એ આઈ

જેઓએ એક ધુરન્ધર સુબા લેખે, એક સયોજક અને ચાલાક
પોલીસ કમિશનર લેખે, કાર્યસિદ્ધિવાળા સરસુબા લેખે,
એક હિમ્મતવાન મેજીસ્ટ્રેટ અને ચોકખા મુનસફ લેખે,

શ્રીમત સયાજીરાવ મહારાજા જેવા બારીક ચિકિત્સા કરનારા
અને કઠણ પરીક્ષા કરી કડક કસોટી પછી
વિણી વિણીને ટકોરા મારી પસદગી
ઉતારનારા ગૂર્જર નરેન્દ્રની
દરબારમા

કલગી પેઠે ઉગી નિકળીને ઉચ્ચ ન્યાયાસનને શોભાવે છે,
જેઓ સખ્યાબધ પુસ્તકોના કર્તા અને સાક્ષર
હોવા છતા "દુ ખીને દિલાસા"ના છપ્પને
છપ્પન ભાગો પ્રકટ થતા

વખતોવખત મ્હારા ન્હાના કામને મ્હોટુ ઉત્તેજન આપ્યુ છે,
એવા એક સાચા સાહિત્યો ઉત્તેજક
મુરબ્બીને

આ લઘુ પુસ્તક અર્પણ કરીને
સમતોષ લઉ છુ

શો૦ મ. દેશાઈ.

" ફુરસદ " નો અભિપ્રાય.

ડીસેમ્બર ૧૯૧૪

" દુઃખીને દિલાસો "

ભાગ ૧ લો અને ૨ જો.

નવસારીવાળા મી૦ શો૦ મ૦ દેસાઇએ આસરે પાચેક વરસ ઉપર આ નામનુ એક પુસ્તક છપાવ્યુ હતુ, કે જેનો અભિપ્રાય અમે તે વખતે આપી ગયા હતા તે જ સ્વરૂપના આ પુસ્તકો છે ફરક માત્ર એટલો જ કે તેમા આવેલી બાબતો ઉપરાત આમા કાઈક લબાણુથી અને તે પછી મળેલા અનુભવનુ સમિશ્રણ છે વળી લગભગ ૩૫૬ પુસ્તકો, ચોપાનીયા, વર્તમાનપત્રો, નાટકો, કાવ્ય, વિગેરે વાચી તથા આડકથા અને લોકકથાના શ્રવણથી મળેલા ગૌહરોના દાણાની આ એક હારમાળા ગુથેલી છે દુ ખ દરદ દફે થાય અને રાહત મળે અને વાચવામા રસ પડે એવી સહેલી ઈબારતમા હિન્દુ, મુસલમાન, અને પારસી વાચનારાઓને માટે લખનારનો પ્રયત્ન કાઈક અશે સફળ થયો છે, તોપણ જો એમણે પાછળના પાના ઉપર કોષ (vocabulary) આપવાની તસ્દી લીધી હોત તો તે વધારે આવકારદાયક લેખાત એમ અમારૂ માનવુ છે

દિલાસા દેવાનો એક રસ્તો નથી મોઢેથી, પત્રથી અને પુસ્તક દ્વારા તે મળી શકે છે તેમ મેળવી શકાય છે દરેક લેખકોમાથી કાઈ પણ દુનીઆઇ અનુભવનુ જાણવાનુ મળે છે તેમ " અનેક રત્ના વસુધરા " કહેવત પ્રમાણે અનેક મનુષ્યના સમાગમમા આવતા નવી નવી તરેહનુ બને છે, તેમાથી તાત્પર્ય કાઢી લઈ તત્વરૂપે નોધી રાખી આપણા બાધવોને ઉપયોગી થાય હેતુથી તે લખાણનો સાર પ્રકટ કરવો એ બધાના નસીબમા

હોતુ નથી તો પણ જેઓ એ હેતુ ગાભત રીતે રાખે છે તેમને પ્રભુ અતમા યશસ્વી કરે છે "અલ્લાકે ઘર ઇન્સાફ હૈ, બાબા!" એ વાકય નિત્યસ્મરણ રાખવા જોગ છે ઘણાકને જ્યારે પોતાની મતલબ બર નથી આવતી ત્યારે કહેવાની ટેવ હોય છે કે "ભગવાનનુ રાજ્ય તો અધેરરાજ્ય છે !" પરન્તુ જેઓ સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈ શકે છે, જ્ઞાન મારફતે જાણી શકે છે તે અથવા તો હૃદય તરફથી ઇસારો મેળવી શકે છે, તેઓ પ્રભુનો ગુપ્તભેદ પામવાને, ઉકેલવાને, અને જાણી સમજવવાને શક્તિવાન બને છે

એક કવિએ કહ્યુ છે કે ' સુખ દુ ખ મનમા ન આણીએ ઘટ સાથે રે ઘડીયા, ટાળ્યા તે કોઈના ના ટળે, રઘુનાથના જડીઆ " એટલે કે સુખ અને દુ ખ શરીર સાથે જ જન્મે છે અને મરે છે એનો માત્ર આભાસ થાય છે, એટલે કે મન મનનુ કારણ છે પુત્રવાળાને પુત્રમૃત્યુથી ખેદ થાય છે પરન્તુ જેને પુત્રની ઇચ્છા જ નથી અને અપુત્રવાન રહે છે તેને તેના મરણનો ગમ કદિ થવાનો નથી માટે જો ઈંદ્રિયનિગ્રહ–આત્મસયમ–મન ઉપર કાબુ હોય તો પછી દુ ખનુ વાતાવરણ લેખાતું નથી સસ્કૃત સાહિત્યકારોએ કહ્યુ છે કે "મન એવ કારણ બધ મોક્ષયો " મન એ જ બધ અને મોક્ષનુ કારણ છે જગતમા સર્વ વાતે જિતવુ હોય, ફક્ત સુખ જ અનુભવવુ હોય તો મા– મનને જ જિતવુ આવશ્યક છે અનેક તરેહના દુ ખોના વર્ણ– સાથે મી૦ દેસાઇએ પ્રસગવશાત્ માની લીધેલા દુ ખમાંથી સુખાભાસ કેમ તારવી કાઢવા તે વિષે ૩૬૬ દિલાસાપત્ર કાઢવા વિચાર રાખ્યો છે, અને આ પ્રથમ પુસ્તકમા ૧૨ દિલાસાપત્રોનો સમાવેશ કર્યો છે જેથી ગરીબ વર્ગ પણ પોતાને રૂચતુ આવશે કે કેમ તે રૂ ૦। ની કીમતમા જાણી શકશે પુસ્તક ઉમદા છે અને જે જ્ઞાન મળે છે તે પ્રમાણમા કીમ્મત બીલકુલ નજીવી છે.

મી૦ દેશાઇનો "દુઃખીને દીલાસો."

નવસારીના પ્રસીધ લેખક મી૦ સોરાબજી મનચેરજી દેશાઈની કલમથી લખાયલા "દુ ખીને દીલાસો" નામના વીષયોનો સગ્રહ મુબઈવાળા જાણીતા બુકસેલરો મેસર્સ એન એમ ત્રીપાઠી એન્ડ કપનીએ બીજી આવૃત્તીના રૂપમા ચાર ભાગમા પ્રગટ કીધો છે મી૦ દેશાઈએ ઘણી ભાષાઓ તથા સાહીત્યોનો અભ્યાસ કીધેલો હોવાથી વીષયોની ચુટણી, રચના, શઈલી, અને ઉપદેશ સબધમા ઉંચી કીસમનો રસ, નીતી અને ફીલસુફી આસાનીઅતથી એઓ સમાવી શકયા છે મહીને મહીને તખતાઓ ઉપર આવીને લાબા હાથો સાથે "હીલતી દાઢી" ના ભાષણો કે વાયજીઓ કરનારા ફીલસુફો પાસેથી જેટલો દીલાસો મળી શકે, તેથી ૩૬ ગણો દીલાસો મી૦ દેશાઈની નાની કીતાબો માથી મળતોજ હશે એકદર ૪૮ પત્રોમા તવારીખ, ધર્મ, સસાર, રાજપાટ વગેરે દરયાફ્ત કરવા લાયક હકીકતો સાધારણ અક્કલના વાચકને શાતિમય નીર્મળ ખીયાલમા નાખીને ફાયદો કરવાની યોગ્યતા ધરાવે છે, અને વીશેષ ડાહપણ ધરાવનારા સ્ત્રી પુરૂષો પણ એટલા ૪ દજન દીલાસા વાચે તો તેમા પ્રમાણપૂર્વક વધારો કરે અમે તો સઘળાનેજ આ દીલાસાથી "છાતીનો ખુલાસો" કરી જોવાની ભલામણ કરવા ખુશી છીયે

સાંજ વર્તમાન. તા. ૨૪-૭-૨૪

દુઃખીને દિલાસો.

ભાગ ૭ મો.

દિલાસા પત્ર ૭૧ મો.

"Interesting as has been the past history of our race, engrossing, as must ever be, the present,–the future, more exciting still, mingles itself with every thought and sentiment, and casts its beams of hope, or *its shadows of fear, over the stage both of active and* contemplative life "

Brewster

"આપણી જાતિનો ભૂતકાળનો ઇતિહાસ જેટલો મનોરંજક છે, અને જેમ હમ્મેશા હોવુ જોઈએ તેમ વર્તમાન ઇતિહાસ મનને તલ્લીન કરનારો છે તેટલો જ ભવિષ્યનો ઇતિહાસ વળી એથી વધારે હોંસભર્યો અને હરેક વિચાર તથા ભાવની સાથે મળી જાય છે અને પોતાનાં આશાનાં કિરણો અથવા ભયની છાયાને બન્ને પ્રવૃત્તિમય અને વિચારશીલ જીવનના તખતા ઉપર ફેંકે છે."

બ્રુસ્ટર.

ખુશરૂ ! તું આ ક્ષણુભંગુર જગતના સુખદુ ખોનો રાત-દહાડો વિચાર કરે છે, અને મીનોઇ દુનિયાનો તુ દહાડાઓ કે મહિનાઓ વચ્ચે એક પણ વાર બિલકુલ વિચાર કરતો જ નથી, તે જ કારણે તને મુજાપો ને ઝુરાપો થાય છે આહા ! તે ઉમદા મીનોઇ ખ્યાલો ! તે ખુશનુમા ખ્યાલોથી જીવને કેવો આનદ થાય છે, તોપણ માણુસ પોતાની આ ૨૫–૫૦ વરસની ઉમ્મર ઉપર ફોકટનો જીવ પટકી દુ ખી રહેવાનુ કા પસદ કરે છે, તેની દાનાવોને સમજ પડતી નથી માણુસની ઉમ્મર તો ગોયા શિયાળાના બરફની મીસાલની સખ્ત છે, પણ ફરતા જમાનાના ઉનાળાનો સૂર્ય એટલો બધો તેજી છે, કે તે બરફને પિગળાવીને સહેજમા રેલાતો અને સુકાતો કરી નાખે છે એથી સઘળી પેદાયશ ગોથા સઘળી જ રીતે ફાની અને ટુક ઉમ્મરની ઠરીને દિન ઉગ્યે નાપેદા થતી જાય છે એવુ હર પળે દરેક ઇનસાન પોતાની નજરથી જુએ છે અને દિલથી સમજે છે, તે છતા આ “ જેહાને ફાની ” સાથે દિલ બાધેલુ રાખીને “ આખે-રતની જાવેદાની ” વિષે તે કંઇએ ફીકર અથવા દુરઅદેશો કરતો નથી, એ વાત મોટી અજાયબી જેવી અથવા મોટા અફ-સોસથી ભરેલી લાગે છે પાપોમા હાથ બોળીને જે કાઇ મેળવી શકાય તેવા જડ પદાર્થોનો સગ્રહ કરવા ઉપર માણુસો મડેલાં છે, પણ બોલબોલતામા ‘ પાપીનુ ધન પ્રલ્લે જાય, કીડી સચરે ને તીતર ખાય ’ તેવી તેમની સ્થિતિ થતી આપણે જોઈએ છીએ, છતા તેવા દુ ખ તે માનવીના વારસો ભોગવતા જ ચાલ્યા જાય છે, અને દરેક વસ્તુનો અને તેના ભોગવનારનો નાશ થતો જ ચાલે છે, તે પણ જોવા છતા તેની દરકાર તે વારસો કરતા નથી.

હે ખુશરૂ ! તુ જુએ છે કે બાગમા સર્વથી ખુશનુમા ફુલ હશે તે ઘણુ જલદી કરમાઈ જશે કુદરતની નિશાની એ છે, કે આ જગતમા કોઈ પણ વસ્તુ અવિચળ રહે એવી નથી, પણ સર્વ વસ્તુ થોડી ઘણી વાર રહીને નાશ જ પામે છે તે નાશ કહો, કે મોત કહો, તેનાથી જો તે વારસો સૉક્રેટીસની માફક ડરતા નહીં હોય તો સમજ્યા, પણ તે મોત કે નાશથી તો તેઓ ભારેમાં ભારે આફત આવી પડેલી માને છે સૉક્રેટીસને તેના શહેરની સરકારે બીન ગુનાહ મારી નાખવા કાઢયો ત્યારે તેના મિત્રોએ તેને નાશી જવા કહ્યુ સૉક્રેટીસે જવાબ દીધો કે, “ મોતથી નાશીને હુ કયા જવાનો છુ ? આ દુનિયામા આવ્યા છે તે સઘળા મરવાના છે હુ આજે મોતથી બચવા સારૂ નાશી જઈશ, પણ મોત મને કોઈ કાળે પણ છોડવાનુ છે ? માટે બહાદુરીથી કીર્ત્તિવત મોતે મરવુ બહેતર છે ” જે દીકરો પોતાની માતાને જારકર્મ કરતી જુએ છે તે દીકરો પણ પોતાના દુ ખનો અત પોતાના મોતથી જુએ છે, અને જે દીકરો પોતાની માવતરની કેળવણી અને માયાથી વધીને જગ આશાકારા થાય છે તે પણ પોતાના સુખનો અત મોતમા જ જુએ છે The tide will fetch away what the ebb brings “ ઓટ જેને પાસે લાવે છે તેને ભરતી ખેંચી દૂર લઈ જાય છે ”

ખુશરૂ ! તારા ક્રૂર પિતા તારી ઉપર જફા પાડે છે, અને છતી દોલતે તને કગાલ કરી નાખ્યો છે, પણ તારી કગાલીયતમા જો તું આ દુનિયામા આગળ જ વધવાનો પ્રયત્ન કરશે તો ખુદાતાલાએ જે કસોટી ઉપર તને ચઢાવેલો છે, તે ઉપરથી બીજા નશીબવત કગાલોની માફક તારો દહાડો જરૂર ફેરવી નાખશે. ગરીબ અને કગાલ, છતે પૈસે ક્રૂર થયલા માતપિતાને પેટે

કુલૉડ લૉરેન જન્મેલો છતાં, અને પદરખાનામા ગધ્ધાવૈતરૂં કરી ઉછરેલો છતાં, સબુરી અને હિમ્મત રાખી સખ્ત મજુરીથી પોતાનો દહાડો તેણે પાધરો કર્યો હતો ટરનર પોતાના હજામ પિતાની દુકાને હજામત કરવા રહેલો હતો, અને બાપ તરફની હાડમારી છતાં પણ તેની કુદરતી ચબરાકીએ એક શ્રીમત વેપારીનુ ધ્યાન ખેંચ્યુ. તેના ઉપર અનેક પ્રકારના રંજોગમ પડ્યાં ખરા, પણ આખરે સુખી અને કીર્તિવત જીદગીને તે પામ્યો હતો તેમ જ ખુશરૂ! તારો દહાડો પણ ફરી જશે વિચાર કર, કે સર્વ પાલખીએ બેસનારા હોય, તો પછી પાલખી ઉંચકે કોણુ? માટે ઉમેદભર રહી તારા ક્રૂર પિતાના ફાડેલા ડોળા તરફ નજર નહી કરતા, તારી માયાળુ માતાની રાહત બક્ષનારી ગોદમા ઉમગથી ઉછરતો રહે

ખુશરૂ! ઉમેદથી હિમ્મત આવે છે, પણ નાઉમેદીના જેવુ આ દુનિયામા બીજુ કાંઈ દુખ નથી માટે જે ધણી જીવને હિમ્મત આપે તે સરસ હકીમ છે. ખગોળવિદ્યામાં જેઓએ નામ કાઢેલુ છે, તેમા કૉપરનીકસ પ્રખ્યાત હતો. તે નિર્દય ભઠિયારા બાપનો દીકરો હતો, જે બાપ દીકરાને નિવારી બેઠો હતો કૅપ્લર જેવો ખગોળવેત્તા એક જર્મન કલાલનો દીકરો હતો તેનો બાપ તેની તરફ દુશ્મન હોય તેમ નાલાયક ચાલ ચલાવતો હતો ખુશરૂ! આ બન્ને મહાન બેટાઓ પોતાના નાલાયક બાપોથી ઘણુા દુખી હતા, પરતુ તારી માફક તેઓ દુખને ખોળામા લઈને રમાડ્યાં કરનારા નહતા તેઓ પોતાના દુખને પસવારી પસવારીને ઉછેરી મોટાં કરનારા નહતા. હા, મા કગાલ અને બાપ ખુની એવા મા-

આપના દીકરાઓનુ દુ ખ ખુદા કોઈને ના દેખાડે. હે ખુશરૂ! એવુ દુ ખ તો તને નથીને? ત્યારે માત્ર ક્રુર પિતાનો સતાપ તારે આઝો ગણકારવો જોઇતો નથી

ખુશરૂ! બેશક, દુ:ખના ડુગર પડે પડે છે ત્યારે દુનિયા અકારી લાગે છે, સસાર ફિક્કો ને જગત જુઠુ જણાય છે, ને મરવાનુ મન થાય છે, પણ તે દુ ખમાંથી જરા જેટલી રાહત મળી, કે મરવાએ ગમતુ નથી, જગત જુઠુ જણાતું નથી, સસારે ફિક્કો લાગતો નથી, ને દુનિયા પણ અકારી માલમ પડતી નથી

ખુશરૂ! તું ખુદા ઉપર વિશ્વાસ રાખીને આ મિથ્યા માયા ઉપર મુસ્તાક થઇને મદાર ના બાધ આ જુઠા સસાર–નાટકની લાલચો ઉપર ના લોભા "ખુસરવા દર એશ્કબાઝી કમ, ઝહીં દુઝન મબાશ, કઝ બરાએ મુર્દેહ સુઝદ ઝીન્દેહ મને ખીશરા" જેમ હિન્દુસ્તાનની હિન્દવાણીઓ પોતાના મરદની લાશ ઉપર સતી થઇને અગ્નિમા બળી મરે છે, તેમ ખુદાની મહોબતમા તારો જીવ આપ દુનિયાની લાલચો ઉપર ના તાપ. તું બાપના દુ:ખે મોત માગે છે તે ગુન્હાભર્યો વિચાર છે "માગ્યું મોત નહી આવે, ને માગી કિમ્મત નહી આવે "

અરે ખુશરૂ! જીદગી એ કાઈ ગુલાબનુ બિછાનુ નથી. ઘણા લોકો જે ચીજ નહી મળી શકે તે મેળવવાની ઇચ્છામાં જ પૂરા થઈ રહે છે, અને તે માટે બળાપો કરતા રહે છે. ઘણા દાખલાઓમા જેને આપણે ભૂડુ કહીએ છીએ તે તો ખરેખર ખોટે માર્ગે વાપરેલુ ભલુ છે, અથવા ભલાને હદની બહાર લઈ ગયેલું તે જ ભૂડુ છે હદ બહાર કિમ્મત તે અવિચારથી જોખમ

એડનારૂ કૃત્ય છે હદ બહાર માયા એ નબળાઈ છે. હદ બહાર કરકસર તે તો અદેખાઈ છે કહેવત છે કે What is one man's meat is another man's poison "એક માણુસનુ જે ખાણું હોય છે તે બીજાનુ ઝેર હોય છે" કુદરતના કાયદામા જરા પણ ફેરફાર થયેલો સારો નથી તારા માબાપની ગોદ તારે માટે જો રહેલી ન હોય તો તુ તારા મહાન પિતા પરમ કૃપાળુ પરમેશ્વરની ગોદમા ભરાઈ જા, તું તેના ખોળામા માથુ મૂકી કા નહી પડતો ?

કયો ન ઉસ મહબૂબ પર, કુરબાન તુ હોતા નહી ?
દેખ ઉસકી કુદરતે, હયરાન તુ હોતા નહી
જીદગાની દમ જહા હે, ચદરોજ હય એ નિદાન,
હયફ હયવાનોસે કયો, ઇનસાન તુ હોતા નહી ?

ઇસિ જહાન સરાયમે, નહિં અર્સ તક હોગા કયામ,
દમકી નહિં ઉમ્મેદ ફિર, મહમાન તુ હોતા નહી
દાસ કહે રઘુવીર ગુરૂ, ફરમાન પર ઇતકાદ કર,
હોત અનહદ ગબ્દ ફિર, મતિમાન તુ હોતા નહી

[સીસેરો પોતાની "બુઢાપો" નામની ચોપડીની છેવટે પોતાના વિચાર કેટોને મોઢેથી સીપીઓ અને લેલીને આ પ્રમાણે કહેવડાવે છે—"ઓ સીપીઓ ! કોઈ પણ મારી ખાત્રી કરશે નહી, કે તારા લાયકીવાળા પિતા અથવા તારા વડવા પોલસ અને આક્રિકેનસ અથવા તેના બાવા યા કાકા આક્રિકેનસ અથવા બીજા ઘણા નામાકિત માણસો, જેઓના નામ દેવાની મને અગત્ય નથી, તેઓ ભવિષ્યની જીદગી પોતાનો એક જાતનો હક્ક છે એવુ જાણ્યા વગર આવતી ઓલાદોમા યાદ રહી જાય એવા કામો કરી ગયા હોય, અને જો એક બુઢ્ઢા માણસના હક્ક

તરીકે મને મારે પોતાને વાસ્તે બોલવાની રજા આપે તો હું પૂછુ છુ કે, શુ તમે એમ ધારો છો કે, અગર જો મારી આ જીદગીની હદ મારી કીર્ત્તિનો પણ છેડો લાવશે, એમ હુ માનતો હોત તો દેશમા અને દેશ બહાર થકવી મૂકનારા કેટલાક દિવસો અને રાતોની શુ હું રજ ખેંચત ? શુ મહેનત વગર અને સરસાઈ મેળવવાના ફાફાં વગર મારી જીદગી રાહત અને આરામમાં ગુજારવાનુ વધારે પસદ પડતુ ન થઈ પડત ? પણ હુ જાણુતો નથી, કે કેવી રીતે મારા આત્માએ પોતાને બુલદ હાલતે ચઢાવ્યો છે, અને ભવિષ્યની જીદગી ઉપર નજર રાખી છે ! એવા વિચાર અને આશાથી જ કે જ્યારે તે આ જીદગીથી ગુજર પામશે ત્યારે તે એક હમ્મેશની જીદગી ગુજારશે આપણો આત્મા અમર છે એ જો ખરૂ નહી હોય, તો ઘણા નામાકિત આદમીઓના આત્માઓને બીજાના કરતા કીર્ત્તિ મેળવવાને કાઈ ઉશ્કેરણી નહી મળે.]

જે પુરૂષો કગાલ માતાપિતાનો છાયોસાહ્યો મેળવવાને બેનશીબ રહ્યા હતા, તેઓ પોતે જ પોતાનાં માબાપ પોતાને બનાવી શકયા હતા નૅચરલ હીસ્ટરીના પિતા રીચર્ડ ઓવને માબાપથી કટાળી નાશી જઈને વહાણના માલમ તરીકે જીંદગી શરૂ કરી હતી, અને વિજ્ઞાનની શોધમા નામ મેળવવાની શરૂઆત તેણે પોતાના વખતમા કરી હતી ! જૉન હટરે કંગાલ માબાપના દુઃખે ઘરનો ત્યાગ કરીને સગ્રહ કરેલા મ્યુઝીયમનું ૧૦ વરસ સુધી મહેનત લઈ પત્રક બનાવતા બનાવતા પોતાના બહોળા જ્ઞાનનો પાયો નાખ્યો હતો. પોતે જ પોતાનો પિતા બન્યો હતો અને પોતે જ પોતાની માતા બન્યો હતો

યાદ રાખ ખુશરૂ ! કે "પરમેશ્વર હોય પાધરા, તો વેરી થાય આધળા" ગમે તેવુ તારા માતપિતાનુ દુ ખ હોય તો પણ તેઓ ઉપર કીનાખોર ના થતો માત્ર એક જ રાત તારી માએ તારા સુખને ખાતર કેવી હાડમારી વેઠી છે તે યાદ કરજે. તારો એક મિત્ર તારી ઉપર કોઈ વાર દુશ્મની ધરાવતો થાય તોયે તેના ઉપર કીનો લેવા પહેલા તેનો કિંચિત્ ઉપકાર પણ યાદ કરજે વારવાર પોતે પોતાનુ જ સત્યાનાશ વાળનારો તને એક જ જણ જણાશે, કે જે કીનાખોર છે તે પોતાના શત્રુને સકટમા નાખવાની હમ્મેશા કોશીષ કર્યો જાય છે. તે પોતાના શત્રુની એક આખ ફોડવા જતા પોતાની બે આખ ફોડવાનુ જ દુ ખ ખમે છે. "જેવુ કરશે તેવુ મળશે" So got, so gone, "જેવુ મેળવ્યુ તેવુ ગયુ" કીના કે વેરને તારી છાતીમા કદિએ મુકામ કરવા દઈશ નહી, કેમકે નાહક તે તારા દિલને દુ ખી કર્યા કરશે સારૂ કિવા માઠું કર્મ હમ્મેશ સુધી જીવતુ રહે છે સબબ જીદગી લાબી ગુજારવાથી નહી, પણ જીદગી નેકીમા પસાર કરવાથી જ આ અને હવે પછીની દુનિયામા સુખ અને શાન્તિ મળશે. "પડતે પડતી, ને ચઢતે ચઢતી" તારા માબાપે તારા કોઈ પૂર્વના કર્મબધને લીધે તને જન્મ આપ્યો છે તેમ જ તેઓની સાથે તેં પૂર્વ જન્મોમા જે જે દુષ્ટ ચાલ ચલાવી હશે તેના વેર તે આ જન્મમા લે છે માબાપ, ભાઈબહેન, એ સર્વ કોઈ ને કોઈ જન્મના દુશ્મનો પણ હોય, યા કોઈ જન્મના મહેરબાન ઈષ્ટ મિત્રો પણ હોય એ સર્વ જ્ઞાન મેળવીને તુ મનથી સમજીશ ત્યારે તને હસવુ જ આવશે. લેણાદેણીના કાયદાની સમજ જ્ઞાન થયા વિના તને નહી પડે.

મન મટકા મારે રે, જ્ઞાનઘોડે લગામ નથી,
દિવેલ વણ અધારૂ રે, વારે વારે શુ કહુ કથી ?

જીવ શિવ બે ભેદ ન જાણે, ફોકટ ફેરા ખાય,
ઘર ગગા ને જાય જો કાશી, મનખો સફળ કયમ થાય ?
ઓળખ નથી તુજને રે, પાખડી પૂજે ઉમગથી મન૦

આ સસારમા સગુ ન કોઈ, સર્વે સ્વાર્થિ જાણ,
માત પિતા કે ત્રિયા ભગિની, કોની ન ચાલે તાણ,
આણુ શી લેખા માહે રે, માર ખાય જીવ ભ્રમથી મન૦

સાચી માયા હરિ ગુરૂજીની, જેહ ઉતારે પાર,
લોકડિયાની ખોટી માયા, તૂટતા નહિ વાર,
ભવસાગરથી તરવા રે, ત્રિભુવન ચ્હાય ઉમગથી મન૦

દિલાસા પત્ર ૭૨ મો.

——— o ———

"There are thoughts that lie and glitter deep; tearful pearls beneath life's sea, that surges still and rolls sunlit, whatever it may hide Common woes, like fluids, mix all round Some mourners load the air with their lamentations, but the loudest notes are struck from hollows Their tears flow fast, but the deep spring only wells "

Mards.

"કેટલાક વિચારો એવા છે કે જે ઉંડાણમા રહે છે અને ચળકે છે અદર ગમે તે છૂપાયેલુ હોય છતા જીવનસમુદ્ર જે શાન્તિથી અને સૂરજના તેજથી પ્રકાશિત ઉછળે છે તેની નીચે અશ્રુપૂર્ણ મોતી હોય છે સામાન્ય દુ ખો, પ્રવાહીની માફક, ચારે બાજૂએ મળી જાય છે કેટલાક રૂદન કરનારાઓ પોતાના રૂદનથી વાતાવરણને ભરપૂર કરી દે છે પરતુ મોટામા મોટા અવાજો તો પોકળમાથી નીકળે છે તેમના અશ્રુ જલદીથી વહે છે પણ ઊંડુ ઝરણુ ફક્ત વહે છે "

મારડી.

કુયસર ! ઓ જરમન કુયસર ! તારી નકલી નેપોલીયનાઇ અને તારી લોભી ઇચ્છાની સખ્તાઈથી તેં જે અભિમાન ધારણ કર્યું, તે અભિમાન આ ફરતા આકાશની ગીરદેશમા લાખો બચ્ચાઓને માબાપ વિનાના કરવામા, લાખો નારીઓને વિધવા બનાવવામા, અને લાખો માતાપિતાને નસતાના બનાવવામા કેટલુ ખર્ચ્યુ, અને તેના પાપોનો બોજો તારી ગરદન ઉપર કેટલો બધો ચઢ્યો, તેનુ જ્યારે તને દુ ખી વખતમા ભાન થશે, ત્યારે આખા જગતના દુ ખોને એકઠા કરવાથી થયેલા ઢગલા કરતા પણ દુ ખોનો મોટો જથ્થો તારી સન્મુખ ઉભો રહેલો તને જણાશે

હે કુયસર ! "આસમાનની મરજી જ્યારે દોલતનુ સુખ અને આબરૂની બુલદી આપવાની નહી હોય, ત્યારે ફદફરેબના ફાદામા, કે કૌવતદાર પજાના કબજામા કોઈ પણ માણસ આવી શકનાર નથી, એ સત્ય જાણજે ! એક કીડી ઘણુ નાકૌવત જાનવર છે તેને, તેમ જ એક વાઘ અથવા સિહ ઘણું જ

જબરદસ્ત પ્રાણી છે તેને, તે ખોદાતાલાનુ જ કૌવત અને મહેરબાની એકસરખી રીતની રોજી-રજક પહોચાડે છે નબળુ જાણીને હારી ખાવાનો અથવા જબરૂ જાણીને મારી ખાવાનો ખ્યાલ જે શખ્સ રાખે તે શખ્સને મોટી ભૂલથાપ ખાતો સમજવો ”

કુયસર! તારો ચડસ જુવાનીમાથી જ એક સીકદર થવાનો હતો, પણ નેપોલીયનના જેવો તુ દૂરઅદેશ કયા છે? તારો ચડસ એક નેપોલીયન થવાનો હતો, પણ નેપોલીયનના જેવો વખત કયા છે? એક ફલાગે પૅરીસ, ને બીજી ફલાગે લંડન જિતી લેવાનો ચડસ દુખમા જ નાશ પામે અમુક જાતના દઢ નિશ્ચયવાળા જન્મની સાથે જ જન્મેલા આપણા ચડસો આપણને છેવટે ફળ આપ્યા વગર રહેતા નથી પણ તે ચડસ હદ બહારના અગર દુષ્ટ લોભના હોય તો તેથી તેના ધણીને મહા દુખકર થઈ પડે પરતુ તે જ ચડસ શુભ હેતુ માટે દઢ હોય તો તે પાર પડે છે ઘણા ખરા દરેક યુવાન પુરૂષનો તારા જેવો ચડસ હોય છે ખરો જેમકે, સાહિત્યનો શૉખ ધરાવનાર જુવાન પુરૂષોને કોઈ એક નાયક કહેતા પૂજ્ય પુરૂષ હોય છે, કે જેને માટે તે આખે આખો ફીદા થવા તૈયાર હોય છે તે શૉખ તેને તારે છે એલેન કુનીગહમ જ્યારે નાનો હતો અને એક કડીયાના હાથ નીચે કામ શીખવા રહ્યો હતો, ત્યારે છેક **નીથ્સડેલ**થી પગે ચાલતો ચાલતો **એડીનબરો** સુધી ગયો હતો! કા? તો કહે પોતાના વહાલા સર વૉલ્ટર સ્કૉટને મહોલ્લાઓમાથી ચાલતો તે જૂએ! આ જુવાનીયાનો ઉમગ અને પોતાના ‘હીરો’ તરફનો ચાહ આપણને કેવી ઉંડી અસર કરે છે! જો તારો ચડસ એવા શુભ નિશ્ચય

માટેનો હોત, તો આજે દુનિયામા તેં નામના મેળવી હત. પણુ તે ચડસ નાશકારક હોવાથી જ તુ ધિક્કારને પાત્ર થયો સર જોશુઆ રેનૉલ્ડઝ માટે કહેવાય છે, કે જ્યારે તે દશ વરસનો હતો ત્યારે લોકોના ટોળામાથી ધસી જઈને, પોપની આસપાસ ફરી વળેલી મોટા માણુસોની હારમાથી કુદી નીકળીને, પોપને હાથ લગાડી આવ્યો ! કારણુ, પોપને સ્પર્શ કરવો એ પણુ મોટુ પુણ્યનુ કામ તે માનતો હતો

રેનૉલ્ડઝની આ દૃઢ પણુ શુભ વાસના ફત્તેહમદ નીવડી, ને તેને પણુ પોપની માફક પૂજ્ય માનનારાઓ નીકળ્યા કેમકે, હેડન નામનો ચિત્રકાર એ જ રેનૉલ્ડ્ઝ માટે એટલો તો મગરૂર હતો, કે રેનૉલ્ડ્ઝને જોવા અને અડકવાની એને ઘણી જ ઉલટ હતી ! અર્થાત્, શુભ વાન્છનાનુ ફળ શુભ આવે છે. પરતુ તારી વાન્છના જોકે ઘણી દૃઢ હતી, જો કે તારૂ મનોબળ બહુ જ શ્રેષ્ઠ હતુ, તોએ તે અતિ દુષ્કર અત માટે હોવાથી નિંદાયુ રૉજર્સ નામના કવિને પણુ જ્યારે તે નાનો હતો ત્યારે ડૉ૦ જૉનસનને જોવાની કાંઈ ઘણી જ અભિલાષા હતી, જેથી એક વખત હિમ્મત કરીને જૉનસનના બોલ્ટકોર્ટ મધ્યેના ઘર ઉપર તે ચઢ્યો અને દરવાજો ઠોકચો પણુ ખરો, મગર હિમ્મત નહી ચાલી ને પાછો સટકી ગયો તોએ તેની દૃઢ અને શુભ વાસના છેવટે પાર પડી તેની જ માફક આઈઝૅક ડીઝરાયલી પણુ જ્યારે નાનો હતો ત્યારે હિમ્મત કરીને ડૉ૦ જૉનસનને જોવાને ખાતર તેના ઘર ઉપર ચઢ્યો, હિમ્મતથી બારણુ ઠોકયુ, પણુ અદરથી એક નોકરે આવીને કહ્યુ, ડૉકટર તો થોડા જ કલાક થયાં ગુજરી ગયા ! આવી નિરાશીથી નાહિમ્મત નહી થતા તેના મુએલા બદનને પણુ અડકયા વગર તેનાથી રહેવાયુ નહી, કેમકે તેનો

ચડસ તારા જેવો જ મજબુત, પણ તારા જેવો અશુભ નહી હતો, જેથી તેણે પોતાની મનકામના પાર પાડી.

હે કુચસર ! ભલો હેતુ અને નેક નૈયત તારા હોત તો તારા મનોબળ અને પ્રભાના પ્રમાણથી તો દુનિયાનો તું "સુલેહ સાલાર" કહેવાઈ જાત પરતુ ઉપર જણાવેલા દાખલાઓથી ઉલટી દિશાએ તારો ચડસ હોવાથી જ તુ દુ ખી થયો, ને તે બીજાઓને દુ ખી કર્યા આપણે જાણીએ છીએ કે, સાકડા મગજના અને બેકદર માણુસો કદિ પણ મોટા માણુસોની મોટાઈ પામી જતા નથી, ને તેઓની સારી પેઠે પ્રશસા કરતા નથી તેઓના કમનસીબે ઘણા મોટા લોભને લીધે તથા ઘણી મોટી અદેખાઈને લીધે આધળાની માફક તેઓ આગળ પાછળ જોઈ શકતા નથી, અને ખરેખરી મહાન રચનાની કદર કરવાને બદલે તુંડાઈ અને અભિમાનથી દોડીને પોતાનો જ ટાટિયો ભાગે છે પછી દુ ખના બરાડા પાડવા શા કામના ?

નીચો માણુસ નીચાઇનેજ વખાણે છે દેડકાને દેડકાના જ કઠોર અવાજ ગમે છે. ગુલામો વેચનારો વેપારી એક દિવસ પોપની હજુરમા ઉભો હતો, ત્યા સર ગૉડફ્રે આવી પહોચ્યા વાત ચાલતા સર ગૉડફ્રે બોલ્યા, કે હું મારી સમક્ષ દુનિયાના બે સર્વેથી મહાન પુરૂષોને જોઉ છુ પેલો ગુલામ-વેપારી બોલી ઉઠ્યો· "એ તમે શુ બકો છો ! એક વખત મે ફક્ત દશ ગીનીમાં અકેકો એવો તો લઠ્ઠ અને અલમસ્ત ગુલામ ખરીદ્યો છે, કે તમે બેઉ જણા મળીને પણ એકની બરોબર નહી થાઓ !" તેના મનથી તો માંસ ને ચરબીથી જ માણુસની કદર કારણ કે તેનો ચડસ નીચ હતો.

કૃયસર ! તું કાંઈ દુનિયાના લોકો ખાય છે, તેથી દશ ગણુ ખાતો હતો ? વારૂ ! તુ દસ ગણુ ખાવા માગત તો તેનો કાંઈ તોટો હતો ? વારૂ ! તને દુનિયાના સર્વથી સુખી આદમીઓ કરતા કાંઈ ઓછુ સુખ હતુ ? વારૂ ! તને છોકરાબચ્ચા, ધનદૌલત, માનઅકરામ, કીર્ત્તિકિસ્મત, ખ્યાતિવિખ્યાતિ, રાચરચીલા, પહેરવાઓઢવા, કે કોઈ પણ પ્રકારના દુઃખ કે સંતાપ હતા ? તને નહી મોતના સંતાપ હતા; તને નહી કંગાલીયતના સંકટ હતા, તને નહી બાયડી છોકરાના દુઃખ હતા આમ છતા આખી દુનિયાનો જિતનારા "એક વીલીયમ કૃયસર"ને નહી કહેવાવાનુ મનકલ્પિત દુઃખ હતુ ! અરે રે ! તે આ જીંદગીની કેટલી બધી મોટી મોટી ખોટી ખોટી આશાઓ બાંધી ?

કોહી ઘડીકી આમ કરે, મન લાખ બરસકી આસ
તનકે ગૃહકો નહી ભરોસો, પલમે હોવે નાશ,
તબભી નિલયકો બાંધત જૈસે જીવન અગનીત માસ
કુન્દન કંચન બઢતી દેખત, રહેત મગન તુ ખાસ,
કૌડીભી નહી સંગ ચલે જબ છોડ ચલેગો બાસ

નસીયતો કરનારાઓ માણસોને છેવટ સુધી નસીયત કરે, પણ જ્યારે માનવીની નજરે આડો અહંકારનો પડદો હોય ત્યારે તો રેહોબોમથી માંડીને ચેસ્ટરફીલ્ડ સુધીના નસીયતરૂપી દિલાસો દેનારાઓને પણ તેઓ ભૂલી જાય છે કૃયસરના સંબંધમાં એવુ બન્યુ છે, કે જેમ ન્યુઝીલૅંડમા એક નસીયત દેનાર પાદરી વિષે લોકો બોલ્યાં હતાં કે, "એ પાદરીએ એટલી તો શિખામણો અમને આપી, કે છેવટે તો તેને મારી નાખ્યા વગર અમે

છૂટકો જોયો નહી !" તેમ હે છકેલ કૈયસર ! લોભ અને હુંપણાની મોટાઈમાં ખરૂ સુખ એ મનની હાલત છે, સંજોગોનુ પરિણામ નથી, એમ તેં વિચાર ન કર્યો, તેથી જ તને આ દુ ખ પ્રાપ્ત થયુ. હાથમાથી કોઈ લુટી જાય, પણ કોઈ કરમમાથી લુટી નહી જાય તેં તો તારા જોડીદાર રાજાઓના હાથમાથી તેમ કરમાથી પણ લુટી જવાનો લોભ રાખ્યો, જે સર્વેથી બળવાન લોભે આખા જગતને દુ ખમા નાખ્યુ આહા ! એક માણસના માની લીધેલા સુખ કે દુ ખ ઉપર કેવો આધાર રહે છે, તેનો ધડો મનુષ્ય પ્રજા શિખી.

હે કૈયસર ! તને કરોડો લશ્કરીઓનો ડર ન લાગ્યો, પણ માત્ર એક નાનકડી ખીલીનો ડર લાગ્યો ! આવા ડરથી જ સ્વભાવ પાજી કરી મનુષ્ય દુ ખમા રાજી રહે છે આનદ વગર કરોડો રૂપીયા કોડીના હ્યુમના કહેવા મુજબ ખુશનુમા સ્વભાવ એ દર વર્ષે ૧ લાખ રૂપીયાની ઉત્પન્નની જાગીર કરતા પણ ઉત્તમ છે તમારા ઉપર ઉતરેલી કુદરતની કરમ બક્ષિસોનો તમે સરવાળો કરી જુઓ તમે ધારો છો તે કરતા તે વિશેષ થશે ઘણી નવાજેશોની કિમ્મત તો આપણે પાછળથી કરીએ છીએ આ દુનિયા તુર્તાતુર્ત નાહિમ્મત થવા માટે નથી સકટની સામે થા, અને સારા પરિણામ માટે લડત લડ તુ જાણજે કે તારી મોજમજાહ ખરેખરી હસ્તિ ધરાવે છે તે કાઈ કલ્પિત નથી. અમુક ચીજ મોજમજાહના નામથી જ આપણને ખુશકારક લાગે છે, બાકી ખરેખરી તે મજાહ જ નથી. નાનકડી ખીલીએ તને મુજાવી માર્યો. અચિત, જે લાખો તરવારથી બીતા નથી તેઓ ખિસકોલીથી બીએ, એ પણ આપણે ઘણા દાખલામાં જોયુ છે મહા વિદ્વાન સૅલીગર દુ ખી લોકોને ખોટા દુ ખ નહી માનવાને શિખામણ દેતો, પણ તે તીખી ભાજીને જોઈને એટલો દુ ખી થઈ પડતો, કે તેને ટાઢનાં

લખલખાં છૂટતા હતાં તો પછી તુ પેલી નાની ખીલીથી બીએ છે તેમા નવાઈ નથી સ્ત્રીને દીઠાથી જ કેટલાક બહાદુર નરો ફાળ ખાય છે, અને સ્ત્રીને જોઇને જ મહા દુ ખ પામે છે પણ તને તો હજારો દુ.ખી સ્ત્રીના પ્રાણ લેતાં બીક નહોતી લાગી ! મસ્કૉવીનો ૨ જો ઝાર કોઈ પણ સ્ત્રીને જોતા જ બેશુદ્ધ થઈ પડતો હતો, જ્યારે તું કુચસરે નાનાં બાળકોથી તેમની માતાઓને વિખુટી પાડી ટ્રેનો ભરીને સ્ત્રીઓનો કોઠાર સિચવામા મોટાઈ માની ! ફ્રાંસનો બહાદુર ફીલ્ડ મારશલ ઑલબર્ટ ખાણાની ટેબલ ઉપર જો ભોગ ચોઘડિયે સુશક ડુક્કરની વાની દીઠામા આવતી તો જમીન ઉપર એકદમ બેભાન થઈ પડી જતો, પણ તારી આગળ તો નાવારસોના લાખો વાલીઓની ભુજાઇ ને બફાઈ તૈયાર થયેલી વાનીઓ આવી તેથી તને મજાહ પડી ! જે વસ્તુથી એક માણુસને દુ ખ થાય છે તે જ વસ્તુથી બીજાને સુખ થાય છે જ્યારે સુખદુ ખનુ મુકરર થયેલુ કાઈ સ્વરૂપ જ નથી, ત્યારે તે મિથ્યા છે એમ કહ્યા વગર પણ રહેવાતુ નથી

વીર ! હવે તારે દુ ખ વેઠવુ જ જોઇએ હવે તારે પડતીનો અનુભવ લેવો જ જોઇએ કાકે, કદિ નહી પડવુ એમાં આપણી મોટી કીર્ત્તિ નથી, પરંતુ દર વખતે પડીએ ને ઉઠીએ તેમા મોટી કીર્ત્તિ છે દુ ખ ન જ પડે તેમા કાઈ બહાદુરી છે ! ‘હાકમ દડે તે સૌ કોઈ જાણે, ગ્રહ દડે તે કોઈ નહી જાણે’ હે ભોળા ! હવે બની તે બની, પણ તું આફતોથી બાયલો બનતો ના. જે પોતાનો મક્કમ વિચાર બાંધવાની હિમ્મત કરતો નથી તે જ બાયલો છે જે મક્કમ વિચાર કરવાની તમા રાખતો નથી તે ઐયાસી છે જે મક્કમ વિચાર કરી જ શકતો નથી તે મૂર્ખ છે એ ત્રણેયને અતે દુ ખ આવી પડે છે.

વાચક! સચ્ચાઇને ખાતર તુ સકટ ભોગવજે, પણ તારા સુખને ખાતર સચ્ચાઇને દુ ખી થવા ના દેતો દુશ્મનો વધે તો ચિંતા નહી પ્રામાણિક માણુસના દુશ્મનોને ઠગારાઓ જાણજે. સાચા માણુસના શત્રુઓને જુઠ્ઠા માનજે ઈનસાફી પુરૂષના વેરીઓને જુલમગાર ધારી લેજે પવિત્ર પુરૂષના શત્રુને બદીમા ફસેલા બદમાશો જાણજે દુશ્મની અને અટકાવની જરાએ દરકાર વગર જેઓ ખરાબીની સામે થયા, જેમણે કુધારાને તોડી સુધારાઓ દાખલ કર્યાં, તે સર્વ થોડા કે ઘણા કષ્ટો વેઠયા શિવાય નહોતા રહ્યા કલાર્કસન, ગ્રૅન્વીલ શાર્પ, ફાધર મૅથ્યુ, રીચર્ડ કૉબ્ડન એ લોકો કેટલા કેટલા દુશ્મનો અને રકમબધ નિંદાઓની સામે થઇને જ પાર પડ્યા નથી શુ ? પણ યાદ રાખ ભોળા ! મજબુત અને હિમ્મતવાન માણુસો જ માણુસોની આગેવાની લઈ શકે છે. તેઓ જ દુનિયાને દોરી પકડીને દોરવે છે, ને તેઓ જ લોકો ઉપર હાકમી ચલાવે છે મગર તેમની ઇચ્છા શુદ્ધ બિલોર જેવી હોવી જોઇએ યાદ રાખજે કે મહા મહા ધડક ધુજારા, ભારે દુઃખો, અને અસહ્ય સકટો પડે છે, તે તો જેમ તારા જેવા અશુભ દૃઢ મનોબળવાળાઓ ઉપર પડે છે, તેમ શુભ વાંચ્છના અને મનોબળવાળા ઉપર પણ પડે છે. તેઓનુ દુ ખ તેઓ જ જાણે, અને તારૂ દુ ખ તું જ જાણે

હવે તારાં પાપોનો ભાર તારે જ ઝીલવો જોઇએ તારા વાંકા ગ્રહયોગનો જોગ તારે જ વેઠવો જોઇએ. તારા કર્મથી ઉપસ્થિત થયલા દુ ખોમા તારે પોતે જ પોતાને દિલાસો દેવો જોઈએ. એક હિચકારા માણુસનો બીકણુ સ્વભાવ તેને માઠી હાલતમાં નાંખે છે. ગરીબાઈ તળે દબાઈ ગયાથી તે એકદમ નાહિમ્મત થઈ જાય છે. જે પ્રમાણે એક હલકું પીછું પવનની

બારીક ફુંકથી ઉડી જાય છે તે જ પ્રમાણે દુઃખનો અમસ્થો ઓળો તેની નજરે પડે છે, કે તે હિચકારા માણસના હોશ ઉડી જાય છે. સંકટને સમયે તે આકુળવ્યાકુળ થઇ ગભરાઈ જાય છે કમનશીબીના વખતમા તે નાહિમ્મત ને નાઉમેદ થઈ જાય છે, અને નિરાશીમા તેનુ દિલ ભાગીને ટુકડે ટુકડા થઈ જાય છે જેણે "યા હોમ કરીને પડો, ફત્તેહ છે આગે" એમ વિચારીને ઝોકાવ્યુ, તેણે દુ:ખ દેખીને રડવા બેસવુ નહી. જેણે "જે બને તે ખરી" એ સૂત્ર ધારણ કરી દુનિયાના રોહમા હોમાવ્યુ, તેણે સંકટથી ગભરાઈ જવુ નહી દરેક મનુષ્યને યા હોમ કરવા પડ્યા છે. કેમકે આ જીદગી દુઃખની સાથે લડાઈ કરવા માટે જ છે.

દિલાસા પત્ર ૭૩ મો.

" A broken fortune is like a falling column, the lower it sinks, the greater weight it has to sustain "

" કમનશીબ એક પડતા થાભલા જેવુ છે જેમ જેમ તે નીચે ને નીચે દબાતો જાય છે તેમ તેમ તેણે વધારે ને વધારે ભાર ઝીલવો પડે છે. "

નશીબ અને કમનશીબ કરતો બેસીને રડ્યા કરતા અએ અદ્દી ! તુ જાણ, કે નશીબદેવી તો તારા ઘરના ઉમરાની બહાર તારી રાહ જોતી જ બેશી રહી છે, માત્ર ઉમરો ઓળઘવાની જ તારી ખોટી છે ! નશીબદેવીની બેટીઓ તંદુરસ્તી, સંપત્તિ, ઐશ્વર્ય, રિદ્ધિસિદ્ધિ, એના પ્યારાઓ તો ઉદ્યોગો છે. ઉદ્યમ,

પ્રયાસ, વ્યવસાય એની સાથે જ હમ્મેશાં નશીબદેવી પોતાની બેટીઓને પરણાવવાને ઉભી રહેલી જોવામા આવે છે. હે અહી ! આળસાઈ અને બેકારી આપણને દેહનુ દુખ કરે છે.

ખરેખર, ઘણા માણસો જાણીબુજીને પોતે જ પોતાની તદુરસ્તીનો નાશ કરે છે, અને જાણી જોઈને ઘડપણનાં સંકટો વેઠવાને, અગર કબર તરફ વહેલો ધસવાને, તે નહી કરવા જેવા કાર્યો કરી દુખી થાય છે આપણામાના ઘણાંઓ ચાહે તો હમ્મેશા આસુદા રહી શકે આપણે માદગીનુ દુખ ભોગવીએ છીએ, તેમા ઘણે ભાગે આપણી પોતાની જ કસુર કાઢી શકાય. જે ચીજો આપણે નહી કરવાની તે કરીએ છીએ અને જે કરવાની ચીજો તે કરતા નથી અને પછી આપણે નાદુરસ્ત રહેતી તબીયતના બળાપા કરીએ છીએ આપણામાંના ઘણાઓ તબીયત બગાડવાનો હુન્નર જાણીએ છીએ પણ તદુરસ્તી સુધારવાની કળા જાણતા નથી ઘણા દુખો તો આપણે જ આપણી ઉપર પાડેલા હોય છે

અહી ! નશીબદેવીને કામ કરનારો જમાઈ ગમે છે, જેમ ઉદ્યોગને નશીબ જેવી સાસુ ગમે છે માદા મનુષ્યને જેમ તદુરસ્તી વ્હાલી લાગે છે, તેમ તદુરસ્તને બાગે બેહેસ્ત જેવા વ્યવસાય વ્હાલા લાગે છે તે એવી મીસાલે કે,

મોર ખુશી ઘનઘોરથી જેમ, પતગ ખુશી ચિત હોય ચીરાગે,
ચદપ્રભાથી ચકોર ખુશી જ્યમ, નાગ રહે ખુશ મોરલી રાગે.
ભોગી ભલા ભમરા ખુશ જેમ, રહે ફરી ફુલ સુગધિક બાગે;
મોમીન રાજી રહે ઈબ્રાહીમ, તેમ બહારે મજલીસ બાગે:

હે અદી ! આપણા લોકો માણસને જીવાડવા અને તેનું દર્દ ટાળવા માટે એક પાઈ ખર્ચ કરતા પણ ડરે છે, ને મુઆ બાદ પેલા કોચરાની સાલના ઈજીપ્શીઅનોની માફક તેમના ઉપર ધરાપગ કરે છે, અને શોક કે ગમ બતાવવામા સરસાઈ કરતા શિખ્યા છે, એ મોટા અફસોસની વાત છે અસલી ઈજીપ્શીઅનો જીદગી બચાવવાની તજ્જુમલ રાખવા કરતા મુઆ બાદ સારી રીતે દટાવા વિષે મુખ્ય નેમ ધરાવતા હતા આજે પણ ઘણાઓ મુઆ બાદ " હાડકા ઠેકાણે પડે ' તે માટે જેટલી કાળજી ને ફીકર રાખે છે, તેના કરતા જીદગીને ટકાવવા તરફ પૂરતી કાળજી રાખતા નથી

અદી ! એ ખરૂ છે કે જો કે કોઈના માદા પાડેલા આપણે ઘણી વાર માદા પડીએ, છીએ પરતુ જરાજરામા તબીયતના રડા-કુટા, ને હાથ દુખ્યો, પગ દુખ્યો કરવાની જે લોકો ટેવ રાખતા નથી, તેમના ધખારા કમી થવાથી તેઓ પોતાની તદુરસ્તી સારી ટકાવી રાખે છે, ને જરાજરામા કાનમા રૂ ઘાલી ગળેબધ બાધી ફરનારાઓને તબીયતના દુખી રહેવાની જાણે ટેવ પડી જાય છે પરતુ તેઓ કાઈ ખરા દર્દી નથી દેખાદેખીના અને કુટેવના તેઓ દર્દી છે મનથી માની લીધેલા જ દરદોથી તેઓ પીડાય છે.

અદી ! ચાદરાતે પણ એક વાર નહી હસે એવા બળિયલો દેહના દુખ બહુ ભોગવે છે આપણી જીદગીના જે જે દહાડામા આપણે એક વાર પણ હસ્યા નહી હોઈએ, તે જ દહાડાઓ આપણે વ્યર્થ ગુમાવ્યા છે એમ તમારે જાણી લેવુ આખા ભવમા એક જ વાર હસનારાઓએ આ જીંદગીને દુખી જ જોઈ છે ન હસ-નારાં પ્રાણીઓમા સર્વથી ઐયાસી પ્રાણી ગધેડું હોવા છતાં, એક વાર તેણે એવુ પરાક્રમ કરી બતાવ્યુ હતુ, કે જે તવારીખોમાં

યાદગાર રહી જશે માર્કસ ક્રાસસ નામનો બહાદુર લડવૈયો, જે પાર્થીયન લડાઈમા માર્યો ગયો હતો, તેનો બપાવો માર્કસ ક્રાસસ ભટકતો, ગભીર સ્વભાવનો, અને ભવ્ય ભપકાવાળો, પુરૂષ હતો, છતા તે આખી જીદગી દરમ્યાન ફક્ત એક વાર સિવાય કોઈ પણ વખત કદિએ હસ્યો હતો નહી ! અને તે ઉપરથી તેને એવા જ અર્થનુ ઉપનામ Agelastus કરીને આપવામા આવ્યુ હતુ. તેના વખતના સર્વથી સરસ હસમુખાઓ, લહુવાઓ, કે બીજા ઠઠાઈ બોલવૈયાઓના હસાવ્યાથીએ તે હસ્યો હતો નહી ગમે એવા નાટક તખ્તા ઉપર પણ આ ગભીર ચહેરા ઉપર હાસ્યની અસર કદિ પણ થઈ શકતી હતી નહી 'હસતુ હસ્યા નહી કરે, ને રડતું રડ્યા નહી કરે,' એ કહેવત જ તેણે ખોટી પાડી હતી. બનાવ એવો બન્યો, કે એક દહાડાના સમયે મેદાનમા તે ફરતો હતો, ત્યારે કુમળા છોડવાઓને ચાવતો ગધેડો તેની નજરે પડ્યો, અને તે દહાડાઓ ઉપર એવી રીતે ક્રમ ક્રમ કરવુ ઘણું જ હાસ્યરસિક ગણાતુ હતુ, એટલુ જ નહી પણ, તે ગધેડાએ એવી રીતનો તો ચહેરો કરેલો હતો, કે જાણે તેણે હાલતુ મુખારવિંદ ધારણ કરેલું હોય, અને આવો નવી જ તરેહનો ફારસ જોઇને માર્કસ ડોસાથી હસ્યા વિના થોભાયુ નહી, અને તેને હસવુ એકદમ તે જ ઘડીએ આવી ગયુ તે પણ આગળની માફક પાછો ગભીર થઈ ગયો, અને પછી કદિ પણ હસ્યો હતો જ નહી !! આવી રીતે બળિયલ રહેવાથી તેને પહેલા તો મનના પુષ્કળ દુ ખ થવા લાગ્યા દરેક ડાકટર તેને એમ જ સલાહ આપતો, કે તારે માટે ખુશમીજાજ અને હસવુ એ શિવાય બીજી કોઈ દવા જ નથી. આખરે તો તેને દેહના બહુ વ્યાધિ લાગુ પડ્યા. ત્યારે પણ વૈદોએ દવા લેખે આનદથી ખુબ હસવા તેને જણાવ્યુ. પણ કહે છે કે તેના એક

નોકરે જે દહાડેથી ગધેડો બારણે બાધવા માડ્યો તે દહાડેથી તે કોઈ કોઈ વાર હસવા લાગ્યો, અને થોડા દહાડામા તેને આરામ થયો. તેનુ ચાલુ દર્દ નિકળી ગયુ, તેની દુ ખની વેદના જતી રહી, અને તદુરસ્ત રહેવા પામ્યો માટે હે અદી! દહાડામા દશ વાર રડતો હોય તોએ એક વાર તો જરૂર હસજે જ હસજે.

બૂરી એ તો મનહર ભૂમિ, જૂઠો જગ તમાશો,
લેહે લગાડી ભુરખી લીયે, નાખે ફદ ફાસો.
રબ નામ અમર સદા, સમજ સઉ રાખો
જનમ થતા ખુશ થાઈ, મરણથી અકળાવો,
નાવ દેહની કાગળ રૂપી, અમર શુ? બતલાવો રબ૦

માલ ધન દોલત ખેશ, રાજ તાજ શાનુ?
મહોબત માયા જૂઠી એ તો, આખરે નાશ થાવુ રબ૦

બાજી જુલમી જીવની, અતમા તો હરાવે,
સમુદ્રની પેરે નસીબ, નીચે ઉચે ચઢાવે રબ૦

બૂરે બૂરૂ પામો સદા, નેકીથી નેક લખાવો,
સતરત્નમા નામ તમો, સત્યથી જડાવો રબ૦

હે અદી! દિલગીરીથી તો માણુસો દિવાના થઈ જાય છે. હે ભાઈ! નાખુશીથી તો આદમીઓ નસબધા બની જાય છે હે બધુ! ગમગીનીથી તન તવાઈને બાલ પાકી જાય છે દિલગીરીની અસર કેવી થાય છે તેનો હુ તને દાખલો આપુ છુ. ગુએરીનો **વીરોનીસ** નામનો શખ્સ ઇસ્તબોલથી ગ્રીક ભાષા શિખી પોતાને વતન જતો હતો તેની પાસે હાથના લખેલાં ગ્રીક ભાષાનાં બે પુસ્તક હતા, જે તેણે મહા મુશ્કેલીથી મેળવ્યા હતા.

તેમાંનુ એક પુસ્તક વહાણ ઉપર ખોવાઈ ગયુ, તેથી તે એટલો તો દિલગીર થયો, કે જેની અસરથી તેના કાળા ભમ્મર જેવા વાળ હતા તે ઉજળા સફેદ પુણી જેવા થઈ ગયા! અરેરે! 'શિયાલેકા પરોઢ, ઉનાલેકા દપેર, ઔર ચોમાસેકી રાત, અલ્લા દીજીઓ, મગર ગમ મત દીજીઓ!' નહી માને એવા મનુષ્યને દિલાસો કેમ દઈ શકાય? નહી સમજે એવા મનને હજારો ઉપદેશો શું કારગત લાગે? અરે મન! તુ સમજીને લાગ સુધરવા.

અરે સખી! કયસે જીયા સમજાઉ રે!
માનત નાહીં-થાભત નાહીં,
નાહી માને, ન માને મનાએ, કહો કયસે સમજાઉં રે! અરે૦
હાલે દિલ કીસ્સે કહુ, હમસે કહા ન જાય,
ગુગેકા સપના ભયો, સોચ સમજ પછતાય
મોહે દેઓ બતાયે ઉપાયે, જો જાય કે મનાઉં રે! અરે૦

Speculative ability યાને શકાની સત્તાના વિચારો કર્યા કરનારી શક્તિવાળો તો કઈ નહી તેવા વિચારો જ કરી કરીને મન ને માથુ બગાડે છે, ને કામ કરી શકતો ન હોવાથી દુખી થઈ પડે છે Practical ability યાને વહેવારૂ કાર્ય કરનારી શક્તિવાળો મનુષ્ય જોસબંધ કાર્યમાં પડ્યો જાય છે, જેથી તે જય પામી સુખ પ્રાપ્ત કરે છે ડામાડોળ માણુસ કોઈ પણ ચોક્કસ ઠરાવ ઉપર આવી શકતો નથી તે તો ઢાલની બે બાજુ તપાસી તપાસીને તેનો વિચાર કરતા કરતા જ અટવાઈ જાય છે દરેક પ્રશ્નના સામ-સામી વિચારમા જ શાસ્ત્રના ને તર્કશાસ્ત્રના મુદ્દાઓ ઓળંગીને ચોક્કસ ઠરાવ ઉપર આવી જઈ પોતાની રાજનીતિને અમલમાં મૂકી દઈ મુઝાતો નથી.

સર આઇઝાક ન્યુટન ટકશાળમા નાલાયક અધિકારી તરીકે ગણાયો, પણ ફીલસુફીમા બધાને ઓળગી ગયો; અને સર જૉન હર્ષલે તે જ જગ્યાએ મોટુ નામ કાઢ્યુ. હુમ્બોલ્ટ ભાઈઓ માટે તો કહેવત થઈ પડી છે, કે સાહિત્ય, ફીલસુફી, ખાણુ ખોદવાના હુન્નરમા, રાજપ્રબધ, અને શબ્દશાસ્ત્ર વિગેરે બધામા સરખા ઉતર્યા હતા એ સઘળા પુરૂષો એક દુ ખ આવી પડ્યુ તો તેને જ રમાડ્યા નહી કરતા એક વાર એક દુ ખને માટે પૂરતુ રડી લઇને, બીજી બાબત ઉપર ઝટ્ મન લગાડી દેતા પહેલે સપાટે દુ ખનો ઉભરો ખાલી કરી દેતા તે જ બસ કેમકે “ દુખીનુ દુ ખ પ્રકટી નીકળવુ જોઈએ, ફાટી જતુ હૃદય શબ્દોમા ઉભરાવાથી શાન્તિ મેળવે છે, ઉભરાતા તળાવના પાણીને બહાર નીકળવાનો માર્ગ મળવાથી તેને ફાટવાનો ભય રહેતો નથી ”

મોત થવા પછી રડમસ થવા કરતા, હમ્મેશા મોતનો ખ્યાલ કરવો જોઈએ આ ફાની દુનિયા મોતથી જ ઓળખાય છે “ આપણુ સઘળાને મોડે યા વહેલે મરવુ છે, આપણી જીદગીનો કાઈ ભરોસો નથી, તે એટલે સુધી કે તદ્દન ટુંક ઉમ્મરમા જ જુવાનીઆઓ પણ ન ધારેલી રીતે સાજાસમા મરણુ પામે છે આપણુ શરીર નાશવત છે, અને તેને કઈ ઘડીએ છોડી જવુ પડશે તે આપણને ખબર નથી આપણી માયા, આપણો સસાર સઘળુ છોડવુ પડશે પૈસાટકા સઘળાં અહિના છે, ગરીબાઈ, તવગરી સઘળી અહિની છે, અને આ દુનિયામા આપણને થોડા જ વરસ જીવવુ છે, ત્યાર પછી હમ્મેશને માટે આપણને બીજી દુનિયામા જવુ છે આ ઉપર દર્શાવેલા ખ્યાલો મોતનો વિચાર કરીએ છીએ ત્યારે જ આવે

છે. પણુ માણુસ જાતના મનની પ્રકૃતિ એવી છે કે તે આ દુનિયાની મોજમજાહુમા આ વિચારો વિસરી જાય છે અને જે નેમથી આપણે આ દુનિયામા જન્મ લીધો છે, તેથી ઉલટી જીદગી ગુજારે છે ”

અફસોસ ! આવા વિચારથી આપણે એક પછી એક થતા મોત ઉપર રડીએ છીએ કે, “ગઈ એક બ એક જો હવા પલટ ન તો દિલકુ મેરે કરાર હે, કરૂ ગમ સીતમકા મૈ કયા બયા, મેરા ગમસે સીના ફીગાર હે ”

જેવી નજરે તમે જુઓ તેવી નજરે દરેક ચીજ દેખાશે તમે એક વિષયને આનદની દૃષ્ટિએ જુઓ તો તે તમને સુખ આપશે તમે તેને દુખદાયક નજરે જુઓ તો જરૂર તે તમને દુખમય થઈ પડશે જ્યારે **બેન જૉન્સન** ગરીબાઈમા માદો પડી સબડવા લાગ્યો ત્યારે રાજાએ તેના ઉપર ખેર આફ્રીયતનો સદેશો મોકલી પૈસાની બક્ષિસ પહોચાડી પરતુ તે બોલ્યો — “હુ ધારૂ છુ, કે આ બક્ષિસ મોકલવાનુ કારણુ એ જ કે હું ગરીબ લોકોની ચાલી આગળની ગલીકુચીમા રહુ છુ એમ તે ધારે છે, માટે રાજાને કહો, કે તારો જ આત્મા ગલીકુચીમા રહે છે ”

જેણે મનથી ગમ પકડી લીધો તે કપટી હૈયાનો જ પુરવાર થાય છે જેણુ એકાદા નાખુશ બનાવથી કોઈ નિર્દય વ્રત પકડી લીધુ તે મેલા હૈડાનો સાબીત થાય છે એક માઠા બનાવથી દુનિયાનો વૈભવ પેલા હેનરી રાજાની માફક તજી દેવાથી દુનિયાને તેનો શો પાડ ? ઇંગ્લડની તવારીખના દરેક અભ્યાસીને ખબર હશે, કે **હેનરી** પહેલાના રાજ્યવેળા એક

ઘણો જ દુ ખદાયક બનાવ બન્યો હતો. જે The white shib નામે ઓળખાય છે, તેમા હેનરીનો વ્હાલો અને એક પૂરો બેટો **વીલીયમ,** વહાણની સાથે પચાસ બહાદુર દરિયાવૈયાઓની જોડે ડુબી મુઓ હતો આવા માઠા બનાવથી એકના એક પુત્રના પિતા હેનરીને એટલુ તો લાગી આવ્યુ, કે તે પોતાની બાકી રહેલી જીદગીમા કદિ પણ હસ્યો જ નહી ! એ બનાવ ઈ. સ ૧૧૨૦ ની યાદ આપે છે હશે તેણે આવો ગમ પકડયો છતા તેની રૈયતે કાઈ ખારૂ પાણી પીધુ? તેનો ગમ તેને ભારે. આખરે તેણે આ કપટી વતને લીધે મરણ સુધી ગમ શિવાય બીજો કાઈ ખોરાક ખાધો જ નથી, અને ખાધો હોય તો ગમના શાકમા રાધેલો જ ખોરાક ખાધાથી છેવટે તે મરણ પામ્યો.

હે ભાઈ ! એટલા માટે ઘણા ગમથી રડ્યાએ ના કરતો ને ઘણી ખુશાલીથી હસ્યાએ ના કરતો ઘણા ગમથી કાળા નિમાળા ધોળા થઈ જશે, પણ ઘણ હસ્યાથી સફેદ બાલ કાળા થવાના નથી પણ ઉલટુ કોઈ આતરડુ બીજા આતરડામા વળ ખાઈ જશે તો તુ કામ વધારી બેસીશ ઘણી વાર ખુશાલીથી અથવા તો ગમગીનીથી મગજ ઉપર એવી અસર થઈ ગયાના દાખલાઓ નોધાયલા છે, કે જેમાં કોઈ હસ્યા જ કરેલો છે, તો કોઈ ગભીર થઈ ગયલો છે.

દાખલા તરીકે ઝર્કસીસે પોતાનો છેલ્લો ગ્રથ બહાર પાડ્યો, તેની અદર એક બુઢીયા ઓરતના ઘડપણનું જે ચિત્ર આપ્યુ હતુ તેમાં જે નાતવાની અને ખોડ ખામી ઉમ્મરને અફસોસ કરવા યોગ્ય સ્થિતિમા લાવી નાખે છે તેનો આબાદ ચિતાર આપ્યો હતો પાતળીએ તેવી

જ, કરચલીઓ પણ તેવી જ, ગળ્યા કરતી અને ઝુરફ્યા કરતી આખોએ તેવી જ લબડી પડેલા ગાલો, વગર દાતની પાર બહાર નીકળી આવેલી હડપચી, એ સૌ એવી તો હાસ્યરસિક ઓબારતમા તેણે ગોઠવ્યુ હતુ, કે જેમ કારીગરો અને લખનારાઓની ખાસીયત હોય છે તેમ, જ્યારે ઝ્યુક્સીસે પોતાની અક્કલથી ઉપજાવેલી આવી રચના ઉપર ફરીથી નજર નાખી, ત્યારે તે પોતે જ એટલો તો હાસ્યરસમા ઉશ્કેરાઇ ગયો, કે અત્યત હસવાને લીધે તત્કાળ જ તેનુ મરણ નીપજ્યુ ! પોતે જ બનાવેલી બનાવટથી પોતે જ હસીને મરી ગયો, તો બીજાઓએ તે ચિત્ર વાંચ્યુ હશે ત્યારે તેઓના મનને પણ તેવી જ નહી તો થોડીએ અસર થઈ જ હશે. માટે કાઈ પણ અતિશય કરવુ તે નાશકારક જ સમજજો

કઈ ખુશી થાએ આજ, ન જાણુ, કઈ ખુશી થાએ આજ ?
કારણ તો છે ઉંધુ ઉલટુ, તો આ ખુશી શે કાજ ? ન જાણુ કઈ૦

સહજ હસાય મસ્ત થઈ નાચુ, બનાય નીશાબાજ,
સહજ સારૂ સારૂ ન ધાર્યું મળતુ, આજ ખુશીનુ ભલુ ખાજ ન જાણુ કઈ૦

અરે મન ! શુ શુકન દીસે કઈ, બચશે ડુબતુ જહાજ,
બહુ કાજ તો દીસે કારમુ, કુદરત રાખે લાજ,
કુદરતી ખુશી તવ હોવુ જ જોઇએ, કઈ પણ રૂડુ કાજ ન જાણુ કઈ૦

યુક્તિ શ્રમ કીધા બહુ ફળશે, ધરે ધીરજ મહજ સાજ,
ઉપાય નહી ત્યા ધૈર્ય રાખવુ, વળે કર્યે શુ મીજાજ ?
વિજય હગારી લહે આશ પૂરી, પણ કરવુ પડે રાજ ન જાણુ કઈ૦

દિલાસા પત્ર ૭૪ મો.

When any calamity has been suffered, the first thing to be remembered is, how much has been escaped

Johnson.

" જ્યારે કોઈ એક દુ ખ ભોગવાઈ રહ્યુ હોય છે ત્યારે તે પછી જે પહેલી વસ્તુ યાદ કરવાની છે તે એ છે કે કેટલાં સકટોમાથી નાશી છૂટાયુ (ઉગરી શકાયુ) છે "　**જૉન્સન.**

દુ ખ જેવી કોઈ હયાતી નથી, છતા મનની સ્થિતિથી દુ ખનો જન્મ થાય છે, અને મનનુ માનેલુ દુ ખ ઉત્પન્ન થવાનું કારણ, પૂર્વના કિવા ચાલુ જન્મના સસ્કારને લીધે છે જેટલાં ખોટા કર્મો મનુષ્યે ગઈ કાલે કિવા આજે કર્યા—ગઈ સદીમા કિવા ચાલુ સદીમા કર્યા—ગયા જન્મોમા કિવા ચાલુ જન્મમા કર્યા, તેનુ ફળ તે માત્ર મનને લાગતુ દુ.ખ છે, અને જમા ખાતે જે ચૉંડો ભૂડા કર્મોથી ચઢી ગયો છે, તે દુ ખોના ખર્ચથી દિન પર દિન કમી થતો જાય છે જેમ ઉપરાછાપરી દુ ખો પડવા લાગે છે, તેમ પાપોના કરજ ખાતે ભરપાઈ થતી જાય છે પાપોનું મુદ્દલ અને વ્યાજ સાથે ચઢેલુ દેણુ અદા કરવાને, હે દુ ખી ! વિપત્તિઓ—અને પીડાઓના પ્રાયશ્ચિત્ત શિવાય બીજી કાઈ પણ શિલ્લક તારી પાસે નથી, તો દુ ખો પડે ત્યારે દુ ખી થવાને બદલે ખુશી થા, કે કરજ વળતુ જાય છે, અને દેણુ ચૂકવાતુ જાય છે તે દેણુ ચૂકવ્યા શિવાય તુ સુખી રહેનાર નથી માટે ઉપલી ડૉ **જૉન્સન**ની સલાહ પ્રમાણે દુ.ખ પડ્યે તેનો કયાસ ના કર, મગર કેટલુ કમી થયુ તેનો જ વિચાર કરી જીવને રાહત આપ !

કાહેકુ પ્રભુ નામ ભૂલાયા—
ધર્મકર્મસે છુયા ચુરાવત, પાપ કરનકો ધાયા,
જિતના દિન ભયા વિષયનકા ઉતનાહી દુ ખ પાયા

ક્રાઇસ્ટ ખુદાનો દીકરો હતો પણ દુ ખોથી નિરાળો ન હતો છેવટે શૂળી ઉપર દુ ખના તરફડીઆ મારી કમોતે મરણ પામ્યો **જરથોસ્ત** એક સત્યવાદી પેગબર હતા તેઓ જન્મ્યા ત્યારથી પીડાઓ પામ્યા, અને છેવટે તુરબરાતુદ્દતે દુ ખ દઈ તેમનો પ્રાણ લીધો **બુદ્ધ** એક મહાન ધર્મપ્રચારક હતા, અને તેમનુ લોહી રેડાયુ ત્યારે બહુ દયાજનક દુ ખ વેઠ્યુ **જમશેદ** પાદશાહ લ્યો, મહાત્મા **મનસુર** લ્યો તેઓ ઉપર શુ ઓછા દુ ખો પડ્યા હતા ? તો હે જીવડા ! તુ તારા જ દુ.ખને એવડુ મોટુ ગણે છે ? ખુદાના પેગબરો, પરમાત્માને પોહોચી ગયલા મહાત્માઓ, કરોડો આદમી ઉપર હકુમત કરનારા પાદશાહો દુ ખોના બોજાથી ભરેલા હતા તો આપણે પાપી, નાના, અને અભાગ્ય કમીના બદાઓ તે કુદરતી વેરો ભર્યા વિના કેમ બચી જઈશુ ? જેમ જેમ દુ ખો પડે તેમ તેમ તારા વર્તનમા, તારા કાર્યમા, અને તારા વહેવારમા તુ પ્રકાશ ફેકયે જા, અને હિમ્મત ના હાર !

ડાગર ઉપર જેમ જેમ સાબેલાના ઘા પડતા જાય છે, તેમ તેમ તેનામાં ઉજળાશ આવતી જાય છે ડાગર જેમ ખડાઈ ખડાઈને ચોખાના સ્વચ્છ સ્વરૂપમા ખિલી નિકળે છે તેમ દુ ખના સાબેલાથી ખડાઈ કુટાઇને હે માનવી ! તુ ઉજ્જવળ થઇશ ! જો તારો દીકરો ગુજરી ગયો હોય, તો તું વિચાર કર, કે તેની પાછળ જીવીજીવીને તુ તે ક્યા સુધી જીવવાનો છે ? જો નાનાં બાળકોને મૂકી મરી જતાં તને ભવિષ્યની ચિંતા, અને કાળજી

લાગી હોય, તો તું ખુદા ઉપર ખરે જ બેવિશ્વાસી હોવો જોઇએ. તું પોતે અભિમાની હોવો જોઇએ તારાં તે જ બાળકો જન્મ્યાં ત્યારે તેમની માતાના સ્તનોમા ત્રણ દહાડા આગમચથી દુધનો ખોરાક ભરી રાખનાર તું નહી હતો તે માલેકે મખલુકે તને અને તારાને પાળ્યા અને ભવિષ્યમા પાળશે જ. તુ કોણ? કોઈના વગર કોઈ અટકી બેઠુ નથી. કોઈની પણ ગેરહાજરીમાં દુનિયા રડાઈ બેઠી નથી તે તો હમ્મેશાની સોવાસણ જ છે. "ધરતી બેઠી હસે, કે જન્મી ત્યારથી કઈ વસ્યા ને કઈ વસશે!"

દુખી માતા! તુ તારા બચ્ચાના ભવિષ્યનુ દુખ શિર ઉપર ના ઉઠાવ! દુખી કૉરનેલીઆ જેણે પોતાના દશ છોકરાને મરતા જોયા, તોએ તે દશના મરણથી દુખી થવાને બદલે પરમેશ્વરનો પાડ માનતી હતી, કે "શુકર તે પરવરદેગારના! કે મારા જેવી એક કમીની બદીને શ્રેષ્ઠ પુત્રો જણવાનુ માન આપ્યુ!" અર્થાત્, જે નાના ઘરની માતાઓ પોતાના સપૂતોને લીધે મોટા ઘરની મોટામાય લેખાતી હશે, તેના વિખ્યાત અને શૂરાપૂરા સપૂતો મરી જતા હશે ત્યારે એટલો જ સતોષ લેવો જોઇએ, કે હુ અભાગીણી, હુ પાપીણીને પેટે આવો જગપ્રસિદ્ધ બેટો એક વાર પેદા થયો, એ જ ઈશ્વરની મહેરબાની માનુ છુ આથી દુઃખી માતાઓને જરૂર દિલાસો મળશે

રૂટીલ્યા માતા પોતાના વ્હાલા બેટા કોટા ઉપર બેહદ વ્હાલ રાખતી હતી. પરતુ જ્યારે તે પુત્ર ઉપર દુખ આવી પડ્યુ, અને તેને દેશનિકાલ થવુ પડ્યું, ત્યારે તે પોતાના પુત્રપ્રેમને લીધે તેની પુઠે પુઠે ગઈ ખરી, તો પણ જ્યારે તેને દફનાવવામાં આવ્યો ત્યારે કોઇએ તેને એક આસુ પણ પાડતા નહોતી દીઠી! તે કહેતી કે, "જ્યારે

જરૂર હતી ત્યારે પ્રેમ બતાવવામા આખી દુનિયાની માતાએ કરતાં મેં મારા દિકરા ઉપર વધુ પ્યાર બતાવ્યો, તો હું મુઆ પછી ફોકટમા ગમગીની બતાવવાથી પહુરેજ રહેવુ તે જ મને ઠીક લાગે છે." છાતી ઉપર પથ્થર મૂકી, દુઃખમ દુ:ખનો જ વધારો કર્યાં કરનારી અબળાઓએ આવા દાખ લાઓથી ધડો લેવો જોઇએ છે.

એક વરસે બાળકનું મરણુ, બીજે વરસે વેપારમાં તોટો ત્રીજે વરસે છોકરીને પરણાવી પણુ વર ખરાબ નીકળ્યો, ચોથે વરસે તને પાકું નીકળ્યુ, અને વળી બે વરસ નરમ ગરમ ગય કેડે માબાપ વિનાનો થયો, એમ જીદગી સુધીના સપાટ ખમવા પડે છે તે બધી વાતો યાદ રહી જશે, પરંતુ વચમ વચમાં નાના સુખો મળશે તે તો શુ ભુલાઈ જવાશે ? આ માનવ દેહ ધારણુ કર્યો છે તે કરેલા કામોના સારા કિવા માઠા ફળે ચાખવાને માટે જ છે આ ચાલુ જીદગી એક કસોટી છે અ અવતાર આપવામા પરમેશ્વરે તને છેલ્લામા છેલ્લી તક આપ જોઈ છે માટે જેમ આ ભવમા દુખો પડે તેમ ખુશી થા સતોષ માન, કેમકે એવા ઘણા દુ:ખી જન્મો તને લેવા નહ પડે, માટે હમણા જ કરજ વાળી આપ.

> થનાર વસ્તુ એણી પેર થાશે, જ્યમ શ્રીફળ પાણી ભરે,
> જનાર વસ્તુ એણી પેરે જાશે જ્યમ ગજેન્દ્ર કોઠા ગળે.
> રે મન ! તુ શીદને ચિંતા કરે, કૃષ્ણુને કરવુ હોય તે કરે !

જે થવા કાળ તે તો થવાનું જ. જૂઓ, નાળીએરી કેટલ ઉંચી છે, તેની નજીક કુવા કે નદીનાળાં કાંઈએ નથી, તો પણ તેમાં પાણી તે ક્યાથી ભરાયુ ? ને એટલે ઉંચે કોણે તેમાં ભર્યું

ને વળી તેમાં કોણે કયે રસ્તે પાણી રેડયુ ? કાકે તેને કાંઈ છિદ્ર કે કાણુ નથી જણાતું ! માટે થવાનુ હશે તે તો પરવરદેગારના હુકમથી હર બહાને થવાનુ જ આપોઆપ માલિકની મહેર અને લહેરથી તારી પેટી પૈસાથી ભરાવાની હશે, તારૂં ઘર બચ્ચાબાળાથી હલમલવાનુ હશે, તો તારી જાણ બહાર પોતાની મેળે થઇ રહેશે, તેમ જ જે જનાર વસ્તુ થઈ તે ગમે એટલી સાવચેતી છતા જવાની તે જવાની કોઠ નામના ઝાડને જે ફળ આવે છે તે જયારે હાથીને ગળાવીએ છીએ ત્યારે તે આખા ને આખા ગળી જાય છે, પણ ઝાડા વાટે જયારે તે કોઠ આખાં ને અખા બહાર નીકળે છે, ત્યારે અજણ જેવી રીતે તેમાનો જરાએ જરા માવો ગુમ થઇ ગયલો જણાય છે પાશેર અચ્છેરનો માવો તોળતી વેળાએ જણાયલો હોય તે નીકળી જઈ આખુ ને આખુ કોટલુ રહી જાય છે ! વળી તે કોટલાંને કાઇ પણ ફાટ કે છિદ્ર કે કાણુ કશુએ પડેલુ જણાતુ નથી, છતા પેલો માવો કયે રસ્તે ગુમ થઈ ગયો ? માટે રે માનવી ! તુ કાઇએ ચિન્તા ના કર ! કેમકે જે ઇશ્વરને ગમશે તે જ થવાનુ, જવાનુ તે તો જવાનુ, ને રહેવાનુ તે તો રહેવાનુ. ઈશ્વરના હજારો હજાર હાથ છે તે આપવા બેસશે ત્યારે તે સાહેબની બક્ષિસો તારા માત્ર બે હાથે લઈ પણ શકાવાની નથી, અને જયારે તે લેવા જ બેસશે, ત્યારે તો તેના હજારો હજાર હાથે તે લઈ લેશે, તો આદમી ! તુ તારા બે હાથે તે જતી રહેતી ચીજોને કેમ રોકી શકશે ?

જે વસ્તુનો નાશ થયો, જે માણુસ મરી ગયુ, જે વાત થઈ ગઈ, તેનો શોક પડિતજન કહેતા ડાહ્યા માણુસો કરતા નથી મૂર્ખ અને નાદાન લોકો જ ગઈ વાતનો શોક કરી દુ:ખ માને છે, માટે ઘેલા અને ડાહ્યામા એટલો ફરક છે

ઇજ્જત આબરૂ ગયાનુ દુ ખ થાય છે ત્યારે માણસ ઇચ્છે છે કે હું, હજુ ખાટલે કા નહી પડ્યો, અગર મરી કા નહી ગયો, કે તે ખમાત ! શરીરને રોગ થાય છે, અને ચાલુ ઘડીએ ઘડી હાથપગોને કળતર થાય છે, માથુ ફરે છે, અને ઉંઘ કે ભુખ બન્ને જતા રહે છે પરતુ ઈજ્જતને ઘણી જ ચ્હાનારા તે પુરૂષને પૂછશો તો તે ઈજ્જત જવા જેવા પ્રસગમા આવવાને બદલે છ મહિના કે વરસ દહાડો આવા કોઈ રોગના બધનમા પડવાનુ વધારે પસદ કરશે ! કુટુબકલેશથી કટાળી ગયલાને જગલ કે પહાડના એકાદ ઝુપડામા આશરો લેવાનુ વધુ પસદ પડે છે, પરતુ તેજ માણસને વસ્તીથી દૂર દેશાવર ફરજીયાત એકાતવાસ ભોગવવો પડે છે, કિવા દેશનિકાલ થવુ પડે છે, ત્યારે કુટુબકલેશના દુ ખમા રહેવાનુ તેને ઓછુ દુ ખ લાગે છે ! બીજાના દુ ખો અદલાબદલી કરવાની વાતો થાય છે, અને સુખી દેખાતા દુ ખીઓની વાતો સાભળે છે, ત્યારે પોતાનુ જ દુ ખ ખમી શકાય એવુ હોવાનુ તેને લાગ્યા શિવાય રહેતુ નથી મુબઈના ચાર વિદ્વાન પારસી શેઠોએ નિશ્ચય કરીને પોતપોતાના દુ ખો પરસ્પર અદલબદલ કરવાનો ઠરાવ કર્યો, અને જ્યારે દરેકે પોતપોતાની ખરી વાતો કહી સભળાવી ત્યારે પોતાના સજોગો ધ્યાનમા લેતા તેઓને પોતપોતાનુ જ દુ ખ બીજાઓના કરતાં વધુ કમી જણાયુ હતું !

આજે શ્રીમત તો કાલે ફકીર, અને આજે પાદશાહ તો કાલે ગુલામ, એવી ને એવી જ ચઢતી પડતીનો ક્રમ કુદરતી રીતે ચાલ્યા જ કરે છે. એ તો કિસ્મતી ઘટી છે.

સેસોસ્ટ્રીસ શહેનશાહ પોતાને સાર્વભૌમ પાદશાહ કહેવડાવતો, અને જયારે ખડિયા રાજાઓ તેને મળવા આવતા ત્યારે

પોતાની ગાડીના ઘોડા છોડાવી નાંખી, જે બે કે ચાર રાજાઓ આવ્યા હોય તેઓને ઘોડાઓની જગ્યાએ જોડીને ફરવા નીકળતો ! તેની આવી ચઢતી થકી ખડિયા રાજાઓને ઘણું દુઃખ થતું જોઈ, એક નાના રાજાએ હિમ્મત ધરી પેલા રથના પૈડા તરફ માત્ર નિહાળ્યા કર્યું આમ કરવાનુ તેને કારણ પૂછતાં તેણે શહેનશાહને બાહિમ્મતથી કહી દીધુ કે, " ઓ બાદશાહ ! એ રથનાં પૈડા જોઈ મને લીલી સુકીની આ ફરતી દુનિયાનો વિચાર આવે છે, કે પૈડાનો કોઈ પણ ભાગ ઘડીમા ઉંચે અને ઘડીમા નીચે આવ્યા વિના રહેતો નથી તેમ જ આદમી માટે હું સમજુ છુ, કે કોઈ પણ મનુષ્ય પડતીચઢતીના પૈડામા આવ્યા વિના રહેતો નથી આજે તાજોતખ્ત છે, તો કાલે ગુલામીનુ બદબખ્ત છે જ " સેસોસ્ટ્રીસ આ વચનથી ચોકયો ખરો જીંદગીના તે પાછલા દહાડાઓમા ઘણો દુઃખી થયો, અને આખરે તેને બોલવુ પડયુ, કે " હરેક ઇનસાન દુઃખ જોવાનેજ સરજાયલુ છે "

જા દેખે સો દુખીઆ બાબા, સુખીઆ કોઈ નાહી રે
જોગી દુખીઆ, જગમ દુખીઆ, તપસીકુ દુખ દુના રે,
આશા મનમા સબ ઘટ વ્યાપી, કોઈ મહેલ નહી સુના રે.

રાજા દુખીઆ, પરજા દુખીઆ, દુખીઆ ઘર બેરાગી,
દુખકારન વો સુખદેવને, ઊદરી માયા ત્યાગી

સાચ કહે તો સબ જગ દુખીઆ, જૂઠા કહે ન જાઇ રે,
બ્રહ્મા, વિષ્ણુ, શકર, દુખીઆ, જીવને સૃષ્ટિ કમાઇ રે

ધુત દુ.ખીઆ, અવધુત દુઃખીઆ, દુઃખીઆ હે ધન રકા રે,
કહેત કબીરા, ઓ નહી દુઃખીઆ, જીનને મનકુ જીતા રે

આ ઉપરથી હે દુ'ખી ભાઈબધો ! તમે દિલાસો લ્યો, તમે બીજાઓનુ જોઇને કે સાભળીને જીવ ઠારવીને રહો, અને એ જ હિમ્મતના સખુનો ઉચ્ચરીને શાન્તિ પકડો, કે ફરતા ફલકે અને ડોલતા આકાશે ભલા ભલા પાદશાહ પહેલવાનોને છોડ્યા નથી, તો નાચીજ બદાની શી બિસાદ ? અગર શાન્તિ અને સબુરી નહી રાખો, તો બીજો ઉપાય તમારી પાસે શો છે ? માટે સબુરી પકડવાથી કોઇની ઉપર પાડ ચઢાવશો ના દુખીયાને મન તો સર્વ અસત્ય, અને નહી ખમાય એવુ જ લાગે છે, પણ હિમ્મત હારવી નહી.

દુખમેં ડર મત મરદ જન, પડતી ચઢતી સદાય,
મગન કહે ધીરજ ધરો, શશિ વિતક મન લાય

માણુસ નિર્દોષ હોવા છતા તેના ઉપર આળો અને તહો-મતો આવે, પોતે ભલો અને સત્યવાદી છતા સજોગ તેને નિન્દક જીભલડીઓનો ભોગ કરે, ત્યારે પણ આદમી ઘણો દુ'ખી થાય છે જ્યારે જેહાન ખાઇ ગયલા, લીલી સુકી વેઠી ચુકેલાઓ તેવી નિન્દાત્મક દુખી હાલતને કાઇએ ગણુતા નથી આવી નિન્દાત્મક દુખી સ્થિતિથી ઘણુા કુમળાઓ ઉદાસ, નાખુશ, અને બળાપા-ખોર સ્થિતિમા રહે છે આપ-વિઘ્ન-સતોષ પકડી લે છે અને પોતાના સબધમા જે પણ કાર્યો થાય તેને વિઘ્નના રૂપમા ગ્રહણ કરે છે, અને તેમાં જ સતોષ માની બળાપો કર્યા કરવાની જાણે કે તેને એક ટેવ જ પડી જાય છે પરતુ જો ઇતિહાસથી તે વાકેફ હશે તો તે એ વાત ઝટ યાદ કરશે, કે કાયસ સીઝર હમ્મેશા ભલા અને સદ્ગુણી વિદ્વાન અને કીર્ત્તિવાન માણુસોને દેખી દુખી થતો ! એટલે સુધી, કે ઍપૉલો અને જ્યુપિટર જેવા

દેવતાઓની મૂર્તિ તરફ પણ તે ધિક્કારથી થુકતો અને મોઢું મરોડતો હોમર જેવા ખુદાઈ કવિને દેશનિકાલ કાઢવાથી પોતાનુ દુ ખ ઓછુ થયલુ માનતો, અને પુસ્તકાલયોમાથી લીવી અને વરજીલના કાવ્યોને દૂર કરાવતો, કાકે તેમને કીર્ત્તિ દેખી તે દુ ખી થતો જુલીયસ ગ્રીસીનસને તેણે એટલા જ કારણથી મારી નખાવ્યો, કે પોતાના જુલમગાર રાજ્યમા ગ્રીસીનસ જેવો ભલો અને લાયકીવાળો સત્‌પુરૂષ હોવો ન જોઈએ !

બધા જ સીઝરો માટે પ્લીની કહે છે, કે તેઓને પોતાના રાજ્યમા પાપી પુરૂષો દેખી સુખ થતુ, અને પુણ્યવાનોને દેખી દુ ખ થતુ હતુ ! એક વાર એક સીઝરની સમક્ષ સેનેકાએ બહુ જ વિદ્વત્તાભર્યું ભાષણ કર્યું, તેથી તેને દુ ખ લાગ્યુ, અને સેનેકાને ફાસીએ ચઢાવા કાઢ્યો ! જે નિર્દોષો ઉપર અન્યાયથી દુ ખો ગુજરતા, તેઓ દુ ખી દિલથી એમ જ કહેતા કે દુ ખી અમે નથી, પણ અમારા દુ ખે જે સુખી થાય છે, અને અમારા ભોગે જે મજાહ માને છે તે જ ઘણા દુ ખી છે

હે દુ ખી દોસ્તો ! એવા અનેક પ્રકારના દુ ખોથી તમે દુ ખી હો, તો બીજાનુ દુ ખ જોઈ જીવ મોટો કરો, બીજાના દુ ખી દાખલા સાભળી મન મોટુ કરો આમ કરવાથી જ દુ ખમા દિલાસો મળશે કેમકે—

દરિઆએ દિલ પર ગમકે હુએ તુફાન નએ નએ,
ચશ્મે શદફસે ગીરતે હુએ ગલતા નએ નએ

દિલાસા પત્ર ૭૫ મો.

" Liberty and serenity of mind must necessarily ensue upon the mastering of those things which either allure or affright us, when, instead of those flashy pleasures (which, even at the best, are most vain and hurtful together), we shall find ourselves possessed of joys transporting and everlasting "

" આપણુને લાલચમા ફસાવતી અથવા ભય ઉત્પન્ન કરાવતી વસ્તુઓ ઉપર કાબુ મેળવતા મનની સ્વતત્રતા અને ગભીરતા (શાન્તિ) અવશ્યે (આપણુને) મળવી જોઇએ, જ્યારે (એમ થતા) અને ચમકતા આનદોને બદલે (કે જે છેવટે સૌથી વિશેષ નિરર્થક અને નુકસાનકારક છે), ઉંચી ભૂમિકાએ લઈ જનારા અને ચિરકાળ કાયમ રહેનારા આનદોથી આપણુને સજ્જ થયલા આપણે જોઈશુ "

બ્હેન મોટલા ! મરૂ મરૂ કહેવામા આવે છે ખરૂ, સ્વર્ગ કે કે નર્કની વાતો કરવામા આવે છે ખરી, પણ મરવાનો જે ખરો અર્થ છે તે તુ કયા સમજે છે ? એવા પહેલા મોતથી કાઈ આપણો અને આપણા કરતુકોનો છેડો આવતો નથી છેલ્લામા છેલ્લુ જે મોત તે જ આપણા કરતુકો અને જજાળોનો તો અત લાવશે પણ છેલ્લા મોતને મેળવતા તો લાખોલાખ જન્મો ધારણ કરવા પડશે તે છેલ્લા મોતનો ભાગ્યશાળી દહાડો કોના નશીબમાં હોય ? પરમાત્મામાં એકરસ થઈ જવા માટેનુ છેલ્લુ મોત છે કયા ? તે છેલ્લામા છેલ્લા મોતને માટે સાવધ થા તે મોતની

તૈયારી કરવા સારૂ જ આ જન્મથી આપણે દુખી નહી થવાની તૈયારી કરવી જોઈએ

બ્હેન ! દુખ આવતુ અટકાવવુ એનો અર્થ જ પાપ-કર્મનો ત્યાગ કરીને પુણ્યના કાર્યો કરવાં. સત્ય સમજજે, કે આ દુનિયામાં સર્વ ધામધુમનો અજામ નેકી કરવા માટે છે પાપની સજાને માટે આપણે બોલીએ છીએ, પરતુ પાપની સજા કરે છે કોણ ? આપણે પોતે જ આપણા પાપની સજા આપણુને પોતાને કરીએ છીએ જગતની વ્યવસ્થા જ એવી ગોઠવાયલી છે, કે ભલાઇ લાવે છે આનદને, ને ભૂડાઈ લાવે છે દિલગીરીને ત્યારે પાપ કરવુ, અને તેનુ પરિણામ ન ભોગવવુ એ તો કુદરતી કાયદાથી ઉલટુ થાય આપણા એકાદ પાપમાથી આપણુને ક્ષમા મળી, અથવા આપણું કહેવાતુ મૃત્યુ થયુ, તેનો અર્થ એમ ન સમજવો, કે કોઈ પણ વાર હવે તેની સજા થવાની જ નથી બી રોપ્યુ તેનુ ફળ તો ગમે ત્યારે ને ગમે તે રૂપે ખાવાનુ જ

બ્હેન ! ભૂડા કામો કરવાની આપણી કારકીર્દિમા જો આપણી આબાદીનો વખત પસાર થતો હોય, તો તેના જેવી આપણી કમનશીબી બીજી છે જ નહી તમે જેમને દુખી કર્યા હશે તેઓ કદાપિ તમને માફ કરશે, પણ તેઓ તમને માફ કરવાથી તમારા ઉપર કાઈ ઉપકાર કરતાં નથી ઉલટુ, તમારે માથે આતશનો વિશેષ ઢગલો ભેગો કરે છે કેમકે તેઓની તમારા પાપ માટેની માફી, એ તો તમારા કાળા કર્મને વધારે કાળા બનાવે છે, જેથી તેઓને તો સોસવાનુ નથી, બલ્કે તેઓ તો કાઈક મેળવી જાય છે, ને તમે તો મોટો ભોગ આપો છો. ત્યારે ખરેખરો ભાગ્યશાળી અને ખરેખરો બહેસ્તી શખ્સ તેને

જ જાણવો, કે જેના મોત પછી, જીવતાઓ તેની ભલાઈ અને નેકીને યાદ કરીને રૂદન કરે અને ખરો બદબખ્ત તથા દોજખી તેને જ જાણવો, કે જેની પીઠે દુનિયાના લોકો ફીટકાર નાખે, અને તેની હયાતીની સગતથી પોતાનો છૂટકારો થયલો જોવામા પોતાનુ સુખ અને સલામતી સમજે.

બ્હેન ! આ જીદગી તથા હવે પછી મળનારૂ બેહેસ્ત કે દોજખ એ સર્વ ઇચ્છાથી બનેલુ છે. બાઇબલે ઉત્તમ મત્ર કહ્યો છે, કે માગો ને મળશે, શોધો ને જડશે, અને ઠોકો ને ઉઘડશે જો એક પારસી પોતાના આખા જીવનમા જાણ્યે કે અજાણ્યે માત્ર શુભ ઇચ્છાથી મુવા પછી જરથોસ્તની આગળ અને ૩૩ ફિરિસ્તાઓની વચ્ચે રહેવા માગતો હશે, અને તેની ઇચ્છા જો બળવાન હશે, તો આ સ્થૂળ દેહ છોડી ગયા પછી તેનો સૂક્ષ્મ દેહ, અગર વાસના દેહ (જે ઇચ્છા કરવાથી ઉભો થાય છે) આબાદ જરથોસ્તની કંપનીમા જ ઉભેલો જોશે તે પોતાને ફિરિસ્તાઓમા જ ઉભેલો દેખશે

બ્હેન ! વેદાન્ત પ્રમાણે પણ એ જ સત્ય છે " સ્વર્ગ, વૈકુંઠ, અને નર્ક વિગેરે શુ છે ? મૃત્યુ ને પુનર્જન્મ વચ્ચેની સ્વપ્નભૂમિ આ છે એક ખ્રિસ્તી છે, ને તે ઘણી જ પવિત્ર જીદગી ગાળે છે, ધાર્મિક જીવન ગાળે છે, દર રવિવારે દેવળમા જાય છે, સહુવારસ્હાજ પ્રાર્થના કરે છે, જમતી વેળા પ્રભુની કૃપા માગે છે, ને હરદમ ક્રાઇસ્ટનો ક્રૉસ પોતાની છાતી ઉપર જ રાખે છે, હાલતા ચાલતા પણ ક્રાઇસ્ટનુ સ્મરણ કર્યા કરે છે હવે આ માણસે ૭૦ કે ૯૦ વરસ વેર પોતાના સર્વ કૃત્યો ને વિચારો ક્રાઇસ્ટ સબધી જ કર્યા છે, ને મૃત્યુ પછી જીસસ પાસે પોતે રહેશે એમ

આતુરતાથી ઇચ્છે છે, ને દેવોના સહવાસમા રહેશે એમ ચાહે છે, તો વેદાંત પ્રમાણે આવો પવિત્ર ને ધાર્મિક ખ્રિસ્તી મૃત્યુ પછી પોતે જરૂર ક્રાઈસ્ટ પાસે જ ઉભેલો પોતાને જોશે ખરે મૃત્યુ પછીની ને પુનર્જન્મ પહેલાની સ્વપ્નભૂમિમા તે પોતાને જરૂર ક્રાઈસ્ટની પાસે સર્વ દેવોથી વિટળાયેલો દેખશે આમ ન થવાનુ કાંઈ પણ કારણ નથી ”

ઓ મોટલાબાઈ! શુ તમે પોતાને બેહેસ્ત મળશે કે દોજખ મળશે તે આગમચથી જાણી નહી કેમ શકો ? જાણો જ શકો ભર દુખી જીદગીમા પણ તમે આવતા સુખી દહાડા, કે ભવિષ્યના દુખી દહાડા જરૂર જ પારખી શકો બ્હેન ! આ બાબતમા નીચેના સવાદથી નીકળતા સારનો વિચાર કર. ”

એક બાપે પોતાના બેટાને પ્રશ્ન કર્યો—હે દીકરા ! તને આવતા દહાડાની કાંઈ ખબર છે ?

દીકરો —ના બાપા ! આવતા દહાડાની તો ખુદા શિવાય કોને ખબર હોય ?

બાપ — હે બેટા ! તારી ભૂલ છે આવતા દહાડાની આપણ સર્વ ઇનસાનોને ખબર હોય છે આપણને બસ બધા કામો સારા જ કરવાનુ સુઝ પડે, દરેક વહેવારમા પ્રામાણિકપણે, સત્યતાથી, અને નમ્રતાથી વર્તવાનુ જ જ્યારે આપણને સુઝ પડે, ત્યારે આપણે જરૂર જાણવુ કે આપણા હવે પછી આવનારા દહાડા સુખાકારીના, શાદી રામશનીના અને આબાદીના જ આવવાના છે પરતુ આપણને જ્યારે દરેક કામમા પ્રપચ, જુઠાણા, ઠગાઈ, બીજાનુ ભૂડુ ચિંતવુ, ને અભિમાન રાખવાનુ સુઝ પડવા લાગે, કે જાણી જ જવાનુ કે આપણા આવતા

દહાડા દુખ દર્દ, મુશ્કેલી અને મુશીબતના, સંકટ અને સતાપના જ આવવાના. માટે હે બેટા ! આપણો વખત આયદે સુખી કે દુખી આવવાનો તે તો આપણુને આપોઆપ જ જણાઈ જાય છે માટે બેહેસ્તનો રસ્તો ગમે એવો કઠણ છે તો પણ નેકી, ભક્તિ, સબૂરી, હિમ્મત, અને ધર્મથી તને તે આપોઆપ માલમ પડશે.

બેટો·—હે પિતા ! જ્યારે ખરો બોધ બેહેસ્ત માટે આવો જ છે, તો પછી હુ ગમે એટલો નેકીનો રસ્તો લાબો હશે તોએ તે જ રસ્તે જઈશ, અને બદીનો રસ્તો ગમે એવો ટુકો હશે તોએ તેનો ત્યાગ કરીશ

રાહ કઠન હો મગર બુરૂજી હિમ્મત મયે નહી હારૂ,
નાવ સત્ય સતોષકી લેકર લોભ નદીકો તારૂ
પાક દીયાનતકી બરછીસે છલકે સરકો કાટુ,
ગાર ક્રોધકા દયા ધર્મકે ફુવોસે મય પાટુ
હરભગતીકી છતરી લેકર ધુપ હવસકી રોકુ
ચુનકે કાટે હસદ હીર્સકે ગુન ભઠીમે ઝોકુ
દયા તુમારી હે તો દાતા કભી ન મયેં ધબરાવુ,
ઇસિ રસ્તેસે પાર ઉતરકે રાહે ખુદામે જાવુ

બ્હેન મોટલા ! આ બાબતમા એક ઉત્તમ દ્રષ્ટાત ચદ્રકાન્ત*-માથી તને વાચી સભળાવુ, તે કાન દઈને ચિત્તથી સાભળ.—

પૂર્વે ઘણી વિસ્તીર્ણ પૃથ્વીનો પતિ એક રાજા હતો તે સર્વ વાતે સુખી હતો ધનધાન્ય, પુત્રપૌત્રાદિક સતતિ, રાજ્ય,

* આ પુસ્તક મેશર્સ એન એમ ત્રિપાઠી કુપનીમાથી મળી શકશે,

સૈન્ય, કુટુબ, મિત્ર અને એવી બીજી સર્વ વસ્તુઓ તેને પરમ અનુકૂળ હતી દુ ખ કોઈ વાતનુ નહોતુ. એક દિવસે રાત્રે તે પોતાના રગમહેલમા સૂતો હતો તે વેળા તેને વિચાર થઈ-આવ્યો કે, 'અહો! મારા જેવો કોણ સુખી હશે? મને સર્વ વસ્તુ આ વેળા અનુકૂળ છે, દુ ખ તો લેશ પણ નથી, માટે મને ધન્ય છે' આવા વિચારમા તેણે પોતાના સુખોનુ વર્ણન કરનારો એક શ્લોક મહેલની ભીંતે લખવા માડ્યો—

चेतोहरा युवतय सुहृदोऽनुकूला ।
सद्बान्धवा. प्रणयनम्रगिरश्च भृत्या ॥
गर्जंति दंतिनिवहास्तरलास्तुरगा ।

અર્થઃ—મારે મનોહારી તરૂણ સ્ત્રીઓ છે, અનુકૂળ મિત્રો છે, સારા બાંધવો છે, આજ્ઞાને આધીન નમ્ર વાણી બોલનારો ભૃત્ય-વર્ગ છે, હાથીઓ ગર્જના કરી રહ્યા છે, અને ઘોડાઓ કૂદી રહ્યા છે.

આમ ત્રણ ચરણો તો તેણે તરત ભીત ઉપર લખી નાંખ્યાં, પણ ચોથુ ચરણ કેમ પૂરૂ કરવુ, તેના વિચારમા તે પડી ગયો એ વેળા રાત્રિ ઘણી ગયલી હોવાથી તેને આખમા નિદ્રા આવવા માડી, તેથી બાકીનો શ્લોક કાલે પૂરો કરવાના વિચારથી, તે શ્લોક અધુરો મૂકીને જ રાજા ઉંઘી ગયો એવામા એક કૌતક બન્યું. એ જ શહેરના કોઈ બ્રાહ્મણના પુત્રને ચોરી કરવાની ટેવ પડેલી હતી બ્રાહ્મણ પોતે બહુ વિદ્વાન હોવાથી તેણે, છોકરો ચોરી કરતો અટકે, એને માટે કર્મશાસ્ત્ર વગેરે ગ્રથો તેને ભણાવ્યા. યમરાજા ફલાણી શિક્ષા કરે, ઈત્યાદિ વિષયો ચોરપુત્રના હૃદયમાં સપૂર્ણપણે ઠસાવ્યા. એટલા જ માટે કે, જે જાણવાથી છોકરાનુ મન ડરીને પાછુ હઠે છોકરો પણ બાપના જેવો જ ભણીને

વિદ્વાન થયો હતો, પણ તેને ચોરી કરવાની કુટેવ પડેલી તે જાય નહી ઉપલે જ દિવસે તે રાત્રે ચોરી કરવા નીકળ્યો ફરતો ફરતો એ વિદ્વાન ચોર ખાસ રાજાના મહેલમા જ લાગ ફાવવાથી ઘુસી ગયો મહેલમા ફર્યો, પણ શું ચોરવુ તે તેને સૂઝે નહી રાજાના મહેલમા કશી વસ્તુ નકામી ન હતી, પણ સુવર્ણ લેવામા અમુક દોષ છે, ઝવેરાત અથવા રૂપુ લેવા માટે ધર્મશાસ્ત્રોમા ફલાણો દોષ કહેલો છે, ઈત્યાદિ વિચારમાં તેનાથી કશુ ચોરાયુ નહી. પછી ચોરવા જેવી નિર્દોષ વસ્તુની શોધમા તે ફરતો ફરતો રાજાના પલગ આગળ જઈ ચઢ્યો. રાજા તો ઉઘતો હતો તેણે નિશ્ચિતપણે ચોમેર દૃષ્ટિ કરતા, પાસેની ભીંતપર લખેલો શ્લોક જોયો બ્રાહ્મણપુત્રે જોયુ તો તે શ્લોક અધુરો હતો, તેથી વિચાર્યું કે લાવ હુ એને પૂરો કરૂં પછી તે ત્રણ પદની સાથે તેણે ચોથુ પદ લખ્યુ કે —

समीलने नयनयोर्नहि किंचिदस्ति ॥ १ ॥

બે આંખો મીંચાઈ એટલે પછી એમાંનું કઈ તારૂં નથી.

આવુ ચોથુ પદ લખ્યા પછી જે વસ્તુ ચોરવામા પોતાને કશો બાધ ન લાગે તેવાં શાળ (ડાગર) નાં ફોતરા લઈ તે ત્યાથી બહાર નીકળી ગયો પ્રાતકાળે ઉઠતા જ રાજાની દૃષ્ટિ ભીત પર ગઇ શ્લોક તેણે પૂરો થયલો જોયો વળી એનું છેલ્લુ પદ હૃદય ભેદે એવુ જોયુ તેનુ મન બહુ જ પ્રફુલ્લિત થયુ તેણે વિચાર કર્યો કે, ખરેખર ! મારો અતકાળ આવશે, એટલે એમાનુ કઈ મારી સાથે નહી આવે, માટે મારે એ સઘળા ઉપર શા માટે મિથ્યા મોહ રાખવો જોઈએ ?

પણ અરે ! મને આ મોહનિદ્રામાંથી આ શ્લોક લખી જગાડ-નાર ખરેખર કોઈ વિદ્વાન-મહા વિદ્વાન જ હોવો જોઈએ ! તે કોણ હશે ? તેને જોવાની ઉત્કંઠાથી તેણે નગરમા દાંડી પીટાવી, અને શ્લોક લખનાર દ્વિજપુત્રને બોલાવી ભારે શિરપાવ આપ્યો, તથા પોતાને સસાર ઉપરથી દિલ ઉઠી જઈ વૈરાગ્ય ઉપજવાને લીધે તત્વોપદેશ લઈ તે જ ક્ષણથી તેણે જીવન્મુક્ત થઈ બાકીની જીદગી ગાળી

એવી રીતે અકસ્માત્ ફટકો લાગવાથી પણ મનુષ્યને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે મારા ગુરૂજીએ મને સારાસાર વિચારના કર્ત્તવ્ય માટે મહારાજા જનકનુ દૃષ્ટાત દીધુ હતુ, તેમા જણાવ્યા પ્રમાણે જનકરાયને પણ પોતાના સ્વપ્ન ઉપરથી જ, અકસ્માત્ વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો આ વાર્તા ઉપરથી સર્વ કોઈએ સમજવુ જોઈએ છે, કે.—

આ જગ્યાનો પાદશાહી દમામ ભોગવી જેમ પેલી જગતના ખરા બેહેસ્તની આશા રખાઈ શકતી નથી, તે જ મીસાલે આ દુનિયાના સુખથી હરગેજ થઈને નામુરાદ થવુ જોઈતુ નથી. અમૃતફળ ખાધાથી એક હેવાન ઈનસાન બની શકતુ નથી આ દુનિયાથી શા સારૂ કટાળવુ જોઈએ ? તુચ્છ દુખો દેખીને મરવાનું મન શા માટે કરવુ ? માણુસ મોટુ છે કે દુખડુ ? દુખડાની શી તાકાત છે, કે તે હાથી જેવાને જેર કરનાર ઈનસાનને જેર કરી શકે ? વિપત્તિ જેવી લોડીની મગદુર શી છે, કે સિંહ જેવા બળવાન પ્રાણીને તાબે કરનાર મનુષ્યને તે સતાવી શકે ?

ફાયદા કુછ દિલકો દુનિયાસે લગાનેમેં નહી,
કુછ નફ્અ ઈસિ બેસવાસે જી ફૅસાનેમેં નહી

છોડ જાના હય ઇસે, શક છોડ જાનેમેં નહી,
દિલકો રાહત ભાઇમિદ અપને યગાનેમેં નહી !

મર્ય ગયા પહેલે તો ઉનકો દાગ દેકર જાવુગા,
જ્હો ગયે પહેલે તો ઉનકા રજ લેકર જાવુગા

મોટલા બ્હેન ! તારા ચાલતા ચાલણુમા તુ જે નેકીના અને પરમાર્થના કાર્યો કરશે તે જ તારી પડતીના વખતમા જવાબ દઈ શકશે કેમકે આજે જેની ચઢતી કાલે તેની પડતી, એ તો નિર્માણ જ થયલુ સત્ય છે એ કારણથી મહાન ગણત્રીબાજ સટોરીયા પ્રેમચદ રાયચદ પહેલી તારીખે કરોડપતિ તો બીજી તારીખે ભિખારી થઈ પડતા એ જ સબબને લીધે તે જણાવી ગયા છે, કે મારા સાચા મિત્રો તો તે જ હતા, કે જેમણે મારા ચાલતા ચલણુમા અને પૈસાની રેલમછેલમમા મારી પાસે ધર્માદાયના અને લોકકલ્યાણુના કામો કરાવી લીધા તે ગૃહસ્થો કાઈ મારા ખરા ખેરખાહ નહી હતા, કે જેમણે મારી પાસે દોલતની છકમછેલ થઈ રહી તેવા પ્રસગે પણ મારો હાથ ખાચેલો રાખવાની મને સલાહ આપી, અને મારા હાથે ગરીબ દુ ખી દર્દીઓના દુ ખડા ટાળવાના પારમાર્થિક અને પરદુ ખ ભજનના કામો નહી કરાવ્યા કેમકે આ પાર કે પેલે પાર એવો વેપારનો ભરમ છે આજે શ્રીમત કાલે ભિક્ષુક થવાના એ પાર તે વેપાર છે પડતી દશામા આવી પડેલા દુ ખીઓના દુ ખડા ભાગ્યાં હોય તો મોટો સતોષ મળે છે, અને આપણા દુ'ખો ઓછા જ જણાય છે કેમકે લક્ષાધિપતિ થાવ, કરોડાધિપતિ થાવ, પડતી વગર માત્ર ચઢતીમા જ જીવો, તોએ મોત વગર કોઇનો ટકો નથી

એટલા માટે સ્વામિ હોસાથી ખખારીને કહી ગયા છે, કે સસાર એ જ સ્વાર છે. એને જવાનુ ઠેકાણું, મરવું એ જ છે. તે પળ, ઘડી, પહોર, એનો માર્ગ કાપે છે સસારને કાળનો સગાથ છે તેથી માર્ગમા કેવો બનાવ બનશે, એની ખબર પડતી નથી પણ પોતાના કર્મ પ્રમાણે પ્રાણી દેશવિદેશ ફરે છે, તેમાં સચિત યાને ભેગા કરેલા કર્મના ફળ ભોગવવાનુ પૂરૂ થતા વેંત જ, ક્ષણ પણ પૂરો થવાની વાટ ન જોતા, આખની એક પાંપણ પણ ન હાલે, એટલામા મરણ થાય છે મૃત્યુ એ જ કાળના હાથની લાકડી છે મોટા મોટા રાજાઓ તથા જોરાવર પહેલવાનો પણ તે લાકડી માથામા લાગવા પછી બચતા નથી. મૃત્યુ નથી સમજતુ, કે આ તો મહાક્રૂર, લડવૈયો કે શૂરો છે તે નથી સમજતું, કે આ તો ક્રોધી, પ્રતાપી, ઉગ્ર, ખળ, દોલતવાન, બળવાન કે માનવત છે મૃત્યુ એમ નથી જાણતુ કે, આ અશ્વપતિ, ગજપતિ, નરપતિ, કે જગતમા માન પામેલો, મહા રાજ્યકારભાર કરનાર કે અમલદાર છે આ તો દેશાઈ, ઉદ્યોગી, આ તો રાજા, મોહોરછાપ રાખનાર, વેપાર કરનાર છે આ તો પરસ્ત્રી કે રાજકન્યા છે એવુ કશુએ મોત તો જોતું વિચારતુ નથી મોત એવા કોઈ લક્ષણથી કોઇને ઓળખતુ જ નથી મૃત્યુ નથી કહેતુ કે આ કાર્ય, આ તેનુ કારણ, આ અમુક વર્ણ, કે કર્મનિષ્ઠ બ્રાહ્મણ છે વળી તે વિત્તસપન્ન, સર્વગુણસપન્ન, અથવા વિદ્વાનોનો મુકુટ છે એવુ પણ કહેતુ નથી તેમ ચતુર, બહુશ્રુત, સુજન, પડિત, પુરાણિક, વ્યાસ, વેદપાઠી, વૈદિક, યાજ્ઞિક, જોષી, અગ્નિહોત્રિ, વેદોક્ત કર્મ કરનાર કે મત્રતત્રાદિ શાસ્ત્રમા કુશળ છે, એમ પણ મૃત્યુ કહેતુ નથી કે સમજતુ નથી. મૃત્યુ નથી કહેતુ કે આ શાસ્ત્ર જાણનાર, વેદ જાણનાર, કે સર્વજ્ઞ છે. મૃત્યુ

નથી જાણતું કે આ બ્રહ્મહત્યા, ગાયહત્યા, કે સ્ત્રીબાળકની હત્યા કરનાર છે ગાયન કરનાર, તાલ જાણનાર, તત્વવેત્તા, તત્ત્વજ્ઞાની, યોગાભ્યાસ કરનાર, સન્યાસી કે કાળને પણ ટાળનારને મરણ તો ઓળખતું નથી. તે તો જવાન કે બુઢ્ઢા કોઈની ઉમ્મર પણ જાણતું જોતું નથી બુઢાપા અને જવાનીનો મોત આગળ તફાવત નથી. અર્થાત્, ઘરડા જાણીને મરવુ નથી તેમ જુવાન જાણીને જીવવું નથી જ્યારે ફક્ત બુઢાપો જ કાંઇ મોહનો સબબ નથી, ત્યારે દુનિયામા જવાનોને મોજ શી હોય ? વાજબી બોલીએ તો જવાનીઆઓએ મોજમા જ ચકચૂર રહેવુ નહી, કારણ કે મોત જેમ ઘરડા તેમ જવાનોને પણ એકાએક જ ઘસડી લઈ જાય છે, એ આપણે દર કલાકે અનુભવીએ છીએ જ્યારે એમ છે ત્યારે આપણે આપણા પોતાના મોત વિષેની ચિંતા પણ ન રાખવી જોઇએ, તેમ આપણા વ્હાલાઓના મૃત્યુ પામવાની કાળજી કે દુ ખ પણ રહેવુ ન જોઇએ સુખી રહેવાને જીવો સુખને તમારો સાથી બનાવવા અને દુ ખને તરછોડી કાઢવા સારૂ જ તમારી સર્વ મહેનત, અક્કલ, અને વખતનો ઉપયોગ કરો તેમ કરવાને માટે તમારે તમારી આસપાસનાઓને પ્રથમ સુખી કરવા જોઇએ.

જે શખ્સ બીજાઓના ભલામા અને બીજાઓનુ સુખ જોવામા રાજી હોય છે, તે શખ્સ પોતે ગોયા કુદરતી રીતે જ સુખી અને સતોષી રહેલો માલમ પડે છે જે શખ્સ બીજાઓની હુશીઆરી અને ખામી જોઇને સાવચેત રહે છે તે જ ખરો ડહાપણવાળો માણુસ ગણાય છે આ માણુસ ખરેખરી રીતે જીવી પણ જાણે છે, અને ખરેખરી જ રીતે મરી પણ જાણે છે બીજાઓ તો વાસ્તવિક રીતે જીવતા પણ નથી અને કહિએ મરતા પણ નથી. જેઓ બદીમા તરબોળ થયલા છે, જેઓ દુનિયાના લગ્નની

લશ્નિમા લાગલાગટ ચકચર અને ચકભમ બની રહેલા છે, અને જેઓને આકાશ તરફ ડોકુ ઉચુ કરીને જોવાની પણ ફુરસદ મળતી નથી, તેઓ પોતાની આ જીદગીનુ છેવટ આવતા રડવા મડી જાય છે, કે —

કુસે રેહલત બોકુફત દસ્તે અજલ,
અઈ દુ ચશમમ ! વેદાયે સર બોકુનીદ
અઈ કફે દસ્ત ! વ સાયદ વ બાઝુ,
હમે તવદીયે યક દીગર બોકુનીદ
બર મને ઉફતાદે દુશમન કામ,
આખર, અઈ દુસ્તાન ! ગુઝર બોકુનીદ
રૂઝગારમ બોશુદ બનાદાની,
મન ન કરદમ શુમા હઝર બોકુનીદ

મોતના દૈત્યે કુચ કરી જવાનુ નગારૂ ઠોકવા માડ્યુ છે, માટે ઓ મારી આખો ! હવે તમે માથાની સાથે મળી ભેટી લ્યો ! ઓ મારી હથેલી ! પહોચા, અને બાજુ એકમેકને મળી લ્યો, ને વિદાય થવા માડો હુ હવે મોત જેવા દુશ્મનના સકજામા સપડાયો છુ તેને ઓ વ્હાલા મિત્રો ! માફ કરજો મ મારો વખત નાદાનીમા ગુમાવ્યો છે પણ તેમા મારો વાક નથી, માટે મને માફ કરજો.

ઓ મોટલાબાઈ ! જેમ તારા પિતા, દાદા, મમાઈ, કે બપાઈ સર્વ ખાલી હાથે આવ્યાં ને ખાલી હાથે ચાલ્યા તેમ તારે પણ જાવુ છે, માટે તારૂ ગીરેબાન નેકી અને ભલાઇથી ભરાય એટલુ ભરી લે આખરે તો જે રસ્તો તારા વ્હાલાઓનો થયો તે જ તારો છે મરવા સારૂ તારે માટે કોઈ બીજો પાદશાહી

માર્ગ નોખો કાઢેલો છે જ નહી માટે તારી નજર આગળ તારાં પ્યારાઓને મરતા દેખી દુ ખ ન લગાડ તેઓ ગયા પહેલા, ને તુ જઇશ પાછળ ત્યારે પહેલાં કે છેલ્લા જવાનુ જ તને દુઃખ થતુ હોય તો તે તારી ઓછી સમજ છે મેં દેવલાલીની એક કબર ઉપર નીચલો લેખ વાચ્યો, અને મરણજીવન વિષેનુ મારૂં જેટલુ પણ અભિમાન હતુ તે ખલાસ કર્યું મોત જોઈ જોઈને મને જેટલા સતાપ થયા હતા તે સઘળા ત્યા જ હુ મૂકી આવ્યો.

Come listen oh passer by
As you are now so once was I,
As I am now so shall you be
Prepare yourself to follow me

મુસાફર આવ અને સાભળ આ ચીસ,
કે જેવો તુ છે તેવો જ હતો હુ એક વાર,
જેમ અહ્યા હુ પડ્યો છુ તેમ ત્યા તુ પડીશ,
પૂઠે મારી આવવાને થઈ જા તૈયાર

ઓ મોટલા ! જો તારાથી નેકી અને પરમાર્થ થઈ શકતા હોય તો જ તુ જીવવાની ખાયેશ રાખ મગર જો તારાથી દુ ખીઆરાના દુ ખ કમી થવાને બદલે ઉલટા વધતા હોય, એક દુ ખીના માત્ર દુ ખો સાભળી લેવા જેટલી પણ તારાથી ભલાઈ થઈ શકતી ન હોય તો તારા જેવી દુ ખી કોઈ બીજી નથી માટે તુ જેમ બને તેમ આ દુનિયામાથી તારો અસબાબ જલદી ઉઠાવી લઈ જાય તેમ સારૂ આ સબધમા નીચેની વાત વિચારવા યોગ્ય છે

ખુદાનો પ્યારો એવો એક દરવેશ બગદાદમા આવ્યો. તેની ખબર હજજાજ યુસફ, જે ગામનો વડો હતો,

તેને થઈ હજ્જાજે પેલા દરવેશને બોલાવી મગાવ્યો, અને ફરમાવ્યુ કે તમે મારે માટે અલ્લાતાલા આગળ બંદગી કરી કાંઈ દુવા ગુજારશે દરવેશ બોલ્યો "ઓ ખુદા ! આ હજ્જાજનો જાન લઈ લે !" હજ્જાજ ગુસ્સે થઈ બોલ્યો "એ તે શી પ્રાર્થના ? એ તે શુ દુવા ?" દરવેશે જવાબ વાળ્યો, કે "તારા ભલાને માટે સોથી ઉત્તમ બંદગી એ જ છે કારણ, તુ જો મરી જાય તો મુસલમાનો ઉપરનો જુલમ ઓછો થાય અને તારી રૈયત દુખમાથી છૂટે, અને તુ પણ વધુ પાપમાથી મુક્ત થાય, ને તારી ગરદન ઉપરનો બોજો હલકો પડે

અએ ઝબરદસ્તે ઝીરદસ્ત આઝાર,
ગર્મ તા કયે બેમાનદ ઇન બાઝાર ?
બ ચેહકાર આયદત જેહાનદારી ?
મુરદનત બેહ કે મરદુમ આઝારી

"અરે ! તુ ગરીબ રેયતને દુખ દેનાર જુલમગાર ! તારા જુલમાટનુ બજાર કયા વેર એટલુ તેજી રહેવાનુ છે ? તને દુનિયાની પાદશાહી શા કામની ? લોકોને દુખ દે તેના કરતા તો તુ મુએલો ભલો '

"દુ:ખ દેવુ" એ તો આપણે ભૂલભર્યુ બોલીએ છીએ ! બીજાને દુખ દેવુ યાને કે આપણે પોતાને માટે "દુખ લેવુ ' એટલો જ અર્થ થાય છે માટે હે બ્હેન ! તમને જેઓ દુખ દે છે, તેઓ તો તમારા દુખ લે છે આટલા ભેદથી ચેતી જઈને તમારા દુખમા ખરો દિલાસો લઈ લ્યો

દિલાસા પત્ર ૭૬ મો

"No man can judge of the happiness of another. As the new moon plays upon the waves, and seems to our eyes to favour with a peculiar beam one long track amidst the waters, leaving the rest in comparative obscurity, yet all the while she is no niggard in her lustre, for though the rays that meet not our eyes seem to us as though they were not, yet, with an equal and unfavouring loveliness, she mirrors herself on every wave"

B Lytton

"કોઈ માણસ બીજાના સુખની તુલના કરી શકતો નથી. જેવી રીતે સુદ પડવાનો ચદ્ર સમુદ્રના મોજાઓ ઉપર રમે છે અને આપણી આખોને પાણીમા એક લાબા રસ્તા રૂપે વધારે તેજ આપતો અને બાકીના બીજા ભાગોને ઝાખા રાખતો દેખાય છે તો પણ તે બધો વખત તેના પ્રકાશની કરકસર જરાકે કરતો નથી, કારણ કે જોકે કિરણો જે આપણી આખોને મળતા નથા તે જાણે કે હોય નહિ એમ આપણને લાગે છે, તો પણ ચદ્ર તો એકસરખી અને નિષ્પક્ષપાત સુદરતાથી દરેક મોજા ઉપર પોતાનુ પ્રતિબિબ નાખ્યા કરે છે"

બી. લીટન.

પારકાના સુખની તુલના બીજા માણસો કરી શકતા નથી. હેકટરને ઉત્તમ ઉમરાવજાદી સાથે પરણાવવામા આવ્યો હતો. તે ઉમરાવજાદી ખૂબસુરતીનુ પુતળુ હતી. તે પતિવ્રત પાળનારી છોકરી હતી આમ છતાં તેના ધણીને આ પુતળાથી જેવો જોઈએ

એવો સતોષ ન મળવાથી તે બીજીના પ્યારમા હાય હાય કરી શ્વાનની પેઠે પૂઠે પૂઠે ભટકતો હતો

વૅલ્, મી હેકટર ! તમે મીસ સીબીલ ઉપર બેહદ આશક પડ્યા, તે ઉપર મનમા ને મનમા હદ પાર પ્યાર રાખવા લાગ્યા તમે દુનિયાદારી પણ ભૂલી જઈ તેનો હાથ મેળવવા માટે પુષ્કળ તલબગાર રહ્યા તમારાં માબાપ કે ભાઈબ્હેનો કયા મરે છે કે જીવે છે તેની પણ તમે તમા કે તથા રાખી નહી, અને છેવટે ન તો સીબીલ તમને હાથ આપવાને નશીબવાન નિવડી, કે ન તો તમારો હાથ તેના હાથમા આપવા તમે ભાગ્યશાળી થયા આ બનાવને તમે મહા વિઘ્ન સમાન ગણી મનને માઠુ લગાડી બેઠા છો, અને દિલગીરીના અગ્નિમા ઝળીબળી જાવ છો આવા દુ ખનો મહિમા અલબત્ત બીજાના ચક્ષુએ નહી પડે, પણ પ્યારભગના દુ ખ એવા જ હોય છે પ્રેમ, જે પવિત્ર પ્રેમ છે તે વડે તો દુનિયા કે સૃષ્ટિ જ ચાલી રહી છે, મગર જે પ્રેમ વિષયવાછનાવાળો હોય છે તે અતે અને અવ્વલ દુ ખ કર્યા વગર કોઈને પણ છોડતો નથી હેકટર ! તમે જેનો હાથ પકડ્યા છે તે ખબ સુરતી અને સદ્ગુણમા શુ ઓછી છે, કે તમે વિષયી શ્વાનની માફક આકુળવ્યાકુળ થઈ મનમા મોટુ કપટ પકડી બેઠા છો ? શા સારૂ તમે ખોટા દુ ખને ખોળામા બેસાડી તેનુ લાલનપાલન કરો છો ? આ દુ ખોને કહો, કે ચડાળો ! તમે બુદ્ધિ અને અક્કલ ધરાવનારા હેકટર જેવા મર્દ બચ્ચાને શુ કરી શકનાર છો ? ભલે ! એક ઠાલી અથવા ફોકટ ઉમેદથી કોઈ મૂર્ખના મનમા મજાહ ઉત્પન્ન થાય પણ કોઈ ડહાપણવાળો માનવી એવી ઉમેદ ઉપર આધાર રાખતો નથી

હૅક્ટર! તારા મનની સર્વ ઇચ્છાઓમા તારી વિવેકબુદ્ધિ વાપર, અને જે અસભવિત હોય તે ઉપર પોતાની આશાને ના ટેકાવ સ્વામીનો એ વિષે સચોટ બોધ સાભળ, અને જેટલા જોસથી તુ સ્ત્રીપ્રેમમા ખિન્ન અને ઉદાસ બની ગયો છે તેટલા જ જોસથી પ્રભુપ્રેમમા તુ લીન અને ઉલ્લાસી બની જા તુ હવે જ્યારે પ્યારનો ભગ થવાથી હાર્યો, ત્યારે સસાર ખોટો છે, જગત જૂઠુ છે, કાયા કારમી અને માયા મિથ્યા છે, એવો બકવાદ કરી દુ ખની ઉદાસીમા ઝુરાપો લઈ બેઠો છે તો તે કેમ બને ? તારામા વિષય અને કામનો અગાર પ્રજળ્યા શિવાય તુ સતાપેલો શા માટે ફરે ? ઉઠ. ટટાર થા બાયલો બનીને દુ ખથી ધ્રુજવાને બદલે મર્દાને મર્દ થઈ પ્યારભગના દુ ખોને ખોળામાથી ખખેરી નાખ હે હૅટકર ! તુ વ્યભિચારી હઈશ તોએ યોગ્ય રાહે તુ પાછો ફરી શકીશ રામદાસજી કહે છે તે ખરૂ છે કે જેમ ડુક્કરને ચદન ચોપડીએ, અથવા પાડાને સુગધી અત્તર લગાડીએ તેવી રીતે વિષયલપટ માણસને આત્મજ્ઞાનનો વિવેક લાગે છે વળી ગધેડા જે ઉકરડામા આળોટે છે તેને ખુશબોદાર ફુલની માળા શા કામની ? તેમ જ અધકારમા ભમનાર ઘુવડને રાજહસની પગત શા કામની ? તેમ જ વિષયનો જાનૈયો થઈ નરકમા પડનારને ભગવાનની પ્રીતિ ક્યાથી ? તેમ જ તે સત્સગ શા માટે કરે ? કુતરાને મિષ્ટાન્ન ખવરાવીએ અથવા વાદરાને સિહાસનપર બેસાડીએ તેની જેમ તેને કશી ગણુના નહી, તેમ વિષયલપટ માણુસને જ્ઞાનનો ઉપદેશ નિરર્થક છે જેમ જન્મથી ગધેડા ચારનારને પડિતોની સભામાં બેસાડીએ તો તે કાઈ સમજતો નથી, તેમ અભક્ત છે તે કોઈ દિવસ પરમાર્થી થતો નથી રાજહસની પક્તિમા કાળો કાગડો બેસે,

અને હું હંસ છુ એવુ કહેવા લાગે, તો પણ તેનુ લક્ષ ખરાબ ચીજ ઉપર હોય છે તેવી જ રીતે સજ્જનની સાથે વિષયી પુરૂષો બેસીને કહે, કે અમો સજ્જન છીએ, તો પણ મનમાથી વિષયોનુ ધ્યાન છૂટતું નથી બગલમા સ્ત્રીઓને લઇ સન્યાસીને કહેવુ, કે મને સન્યાસી કરો, તેવી રીતે વિષયોમા લપટ થઈ જ્ઞાનનો બકવાદ કરવો મિથ્યા છે વ્યભિચારી રહેવા પણ માગો, ને દુ ખોના દિલાસા પણ શોધો એ બનવા જેવુ નથી. પ્યાર, વિષયી પ્યારના રાહ ઉપરથી જરા ખસી જા, અને દુ ખના અગાર આગળથી તુ આપોઆપ દૂર થઈશ

દુનીયાકી જો 'હય રાહ વહ તલવારકી હય ધાર,
ઇસ રાહસે ઇન્સાકા ગુજર સખ્ત હય દુશ્વાર !
ચુભતે હયેં હસદ હીસોં અદાવતકે યહા ખાર,
હય ગર્મ સદા મક્રો દગાબાજીકા બાજાર !
બદકો યે બડાતી હય, ઘટાતી હય ભલેકો,
કાટોકો બચાતી હય, લૂટાતી હય ફુલેકો !
ઝુઠોકી યહા જિત હય સચ્ચોકી યહા હાર,
ઇનસાફકે ગરદન પર વા જુલ્મકી તલવાર !
ગુલકા હય જીગર ચાક મગર તેજ હય હર ખાર,
મક્કાર રહે દુનીયા નહીં સચ્ચોકી તલબગાર !
નાકદરીકા સચ્ચોકે સુબૂત યેક બરા હય,
જો મોતીક સચ્ચા હય વહ પાનીમેં પરા હય !
દુનીયાસે અગર ફીરકે તુ માયલ હય ખુદા પર,
તો દિલકો સદા લજ્જતે દુનીયાસે જુદા કર.
મત ભેસ બના, કપડે રગા, મક્કો રીયા કર,
દિલ સાફ કર ઔર ઉસમેહી દીદારે ખુદા કર.

મત ભૂલ તું નેકીકો, ન તુ ભૂલ કજાકો,
સબ કુછ તુ ભૂલા, પર ન ભૂલા યાદે ખુદાકો !

ઇંગ્લંડના રાજા સાતમા હેન્રીના લગ્ન યૉર્ક ખાનદાનની એક રાણી એલીઝાબેથ સાથે જ્યારે થયા ત્યારે લૅંકેસ્ટ્રીયન અને યૉર્ક ખાનદાનો વચ્ચેની કટ્ટી શત્રુવટનો છેડો આવ્યો અને એ જોડાને પેટે નશીબવતો આઠમો હેન્રી રાજા જન્મ્યો હતો તે સ્ત્રી, સ્ત્રી, અને સ્ત્રીના પાસ અને વિષય માટે અનીતિના અનેક ઉપાયો કરવા છતા હણાયો, હરાયો અને પાયમાલ થયો. તવારીખની આ તો સાબીત વાત છે, કે પસદ કરી કરીને એ હેન્રી સ્પેનના રાજાની દીકરી કેથેરાઇન સાથે પરણ્યો હતો. થોડા વરસ વેર મોહોરદાર તરીકે તેના ઉપર ફીદા ફીદા થવા બાદ તેને એકાએક દુ ખ થઈ આવ્યુ તે દુ ખ એ જ હતુ, કે આ વિષયી હેન્રી પોતાની મોહોરદારની દાસી લેખે ઍન બોલીન નામની એક અગ્રેજ નાઇટની જે નખરાબાજ છોકરી સેવાચાકરી કરતી હતી, તેના ઉપર આશક પડ્યો, અને હક્કદાર ઉપરથી તેનુ દિલ ઉઠી ગયુ પોતાનો બૂરો હવસ પૂરો કરવાની મતલબથી તેણે એવુ બ્હાનુ કાઢયુ, કે કેથેરાઇન તો મારા મરનાર વડા ભાઈ આર્થરની ઓરત થાય, અને તેને ક્રાઇસ્ટના ધર્મ પ્રમાણે પરણી ન શકાય ! સબબ મારા એ લગ્ન રદ થવાં જોઇએ રોમનો પોપ તેમ જ માનીતો વજીર કાર્ડીનલ વુલ્સી હેન્રીની આ દુષ્ટ ઇચ્છાની સામે થયા પણ કોઈને પણ વશ ન થતા પોતાના કામદેવને વશ થયલા આ રાજાએ દાસી ઍન બોલીનને રાણી બનાવી અરે કુદરત ! જે દહાડે બાપડી ધણીવિયોગથી દુ ખી થયલી કૅથેરાઈન ઝુરાપાકુરાપાથી મરણ પામી, તે જ દિવસે ઍન બોલીન તેનાં ઘરેણાં પોતે

ઘાલીને પૂર બહારમા બહાર ફરવા લાગી ! અરે કાળચક્ર ! તું કેવુ ફરે છે ? સાડા ત્રણ દહાડાની સાહેબી ભોગવી અતે તે પણ લપટી હેન્રીની અકારી થઈ પડી કામી રાજા ત્રીજી જ એક **જેન સેમોર** નામની નાજનીનના નખરામા ગીરફતાર થયો આથી એન બોલીન ઉપર છિનાળાનુ બોહતાન મૂકી તેને ગર્દન મરાવી ! પોતાના દુઃખી અજામની આગમચ **ઍન બોલીને** ખાવિદ રાજા ઉપર એક પત્ર લખ્યો, કે "હુ જૂઠાં તોહમતે જીવથી જાઉ છુ એક ગરીબ છોકરી ઉપરથી, હે પાદશાહ ! તેં મુજ દાસીને રાણી બનાવી, અને હવે રાણી ઉપરથી ચઢાવીને બીજી કોઈ ઉંચી પદવી આપવાનુ તારા હાથમા રહ્યુ નથી, ત્યારે તુ મને છેક આકાશ ઉપર મોકલી આપે છે !" ઍનને જેવી એક ગમથી ગરદન મારવામા આવી, કે બીજી ગમથી રાજા **જેન સેમોર** સાથે પરણ્યો. પણ કુદરતનો ખેલ અજબ છે **જેન સેમોર** હમેલથી છૂટ્યા પછી તરત મરણ પામી હવે હેન્રી વળી છૂટો થયો, અને ચોથી રાણી લાવવાની ધામધૂમમા રોકાયો જુદા જુદા પાદશાહોને ત્યા માગા ગયા, પણ આવા વ્યભિચારી ઍશકી નરને કોઇએ પોતાની છોકરી આપી જ નહી, ત્યારે પોતાના પ્રધાન **ટૉમસ ક્રૉમ્વેલ**ની મદદથી તેણે ચોથુ કારજ નક્કી કર્યું. **ઍન ઑફ કલીવ્સ** નામની એક શાહજાદીનુ માત્ર ચિત્ર જોઇને તે લપટી રાજા તેના ઉપર આશક પડ્યો અરે ખુદા ! **ઍન ઑફ કલીવ્સ** રાણી થવા સારૂ જેવી બદરે આવી ઉતરી, તેવી જ તેની ખૂબસુરતી તો રાજાને ઘણી જ બેશીકલ લાગી ! રાજાએ પરણવા ના પાડી, પણ આખરે વિષયને વશ થઈ તે તેને પરણ્યો તો ખરો, મગર દિલ વગરનો પ્યાર કયા સુધી પહોચે ? નવી રાણી સાથે

રાજાને બેસતી થઈ નહી બન્નેને બાઝયુ નહી જેથી પરણુ-વાનો કોલ આપવા અગાઉ રાણીનુ મુખ નહી જોયાનુ મિષ કાઢી તરત તેને તલાક આપ્યો, અને કારજ કરનાર બાપડા ક્રૉમ્વેલને પણ ગરદન મરાવ્યો ! ઇશક એવો જ હોય છે. વિષયની લહેર એવી જ છે કામદેવનો દુખાવો આવા જ પ્રકારનો હોય છે

હવે હેન્રી પાચમી સ્ત્રી ઉપર મોહિત થયો તે **કૅથેરાઇન હાવર્ડ** નામની અમીરજાદી હતી જૂઓ જગ-તની ઉંધી રીત, કે અકેક ઉપર આવેલી શૉકયના કેવા કેવા હાલહવાલ થયા તે નજરે જોયા છતા દુખના લેપડા માથે મોઢે ચોપડવાને બીજી પટરાણીઓ તૈયાર જ થઈ જાય છે હવે પાચમી રાણી ઉપર એવુ તહોમત આવ્યુ, કે પરણુવા અગાઉ અને પરણુવા પછી પણ તે છિનાળામા ખરડાઇ હતી, જેથી હેન્રીએ તેને પણ ગરદન મરાવી ! હવે સ્ત્રીનો તરસ્યો હેન્રી જે છઠ્ઠી રાણી લાવ્યો તે તો એક વિધવાને પસદ કરી લાવ્યો. તેનુ નામ **કૅથેરાઈન પાર** હતુ તેણે હેન્રીનો ઈશક પાર જ પાડયો કૅથેરાઈન પાર ઉપર વળી એવુ આળ આવ્યુ, કે પોપ વિષેની તકરારમા તેણે રાજાની વિરૂધ્ધ શુકન કાઢ્યો. માટે તેના ઉપર ફિતુરના આરોપસર કામ ચલાવવુ એવો હુકમ થયો આ હુકમની ખબર થતા જ પેલી પારે એવી તાલમેલ લગાવીને ખાવિદને કહ્યુ –" પ્યારા ખાવિદ ! આપ ધર્મશાસ્ત્રમા એટલા તો પઢેલ છો, કે આપની સામે બોલીને હુ આપને ઉશ્કેરતી હતી, કે તમારૂ વધુ ને વધુ જ્ઞાન મને માલુમ પડે, અને તેથી મને લાભ થાય ' આ સાભળીને વાહિયાત રાજાનું મન ફરી ગયુ, એટલુ જ નહી, પણ જે પ્રધાન બીજી સવારે

રાણીને કેદ પકડવા આવ્યો, તેને લાતમુક્કી મારીને હેત્રીએ મહેલની બહાર હાંકી કાઢ્યો ! છેવટે, આ પાર પાર પડી અને ધણીના મુવા બાદ પણ તે સારે નસીબે જીવતી રહીને પાર પડી

ઓ દુખી હેક્ટર ! પ્યારના વેવલા એવા જ હોય છે માટે બળાપો ન કરો પ્રેમના દશા એવા જ તીવ્ર હોય છે માટે સતાપમા ન પડો ઘરમા જે ન્યામત છે તેને છોડીને તમે એઠો ભાત ખાવા કા તલ્પો છો ? તમારા દુખનુ કારણ આ એઠો ભાત જ છે અરે ! કુદરતનો કઈ શુ નિયમ છે, કે સુખ અને વૈભવ ભોગવતા પણ તમે કટાળીને દુઃખી થઈ પડ્યા છો ? એનો સબબ શો હશે ? એનુ શુ કારણ હશે ? જેમણે સુખ શિવાય દુખ દેખ્યુ જ નથી તેઓને ચાલુ સુખનો કટાળો લાગે છે, તેથી જ તેઓ દુખના ખાડામા પડી દુખનો અનુભવ લે છે.

મોટા શ્રીમત ખાનદાનના એક પઠાણની અતિ ખૂબસુરત પતિવ્રતા સ્ત્રી દરરોજ હાયનિસાસા નાખીને મુઝાયા કરતી હતી, કેમકે તેનો પતિ એક બદસુરત અને બાજદી સ્રીના પાસમા ફસાઇ પડ્યો હતો એક દિવસે પઠાણે તેના દુખનુ તેને કારણ પૂછયુ ત્યારે તે બોલી કે –"ઘરમેં મેવા, ઔર ઘરમેં મિઠાઈ, કીસ કારણે દ્રાક્ષ તુને ખટ્ટી ખાઇ ?" ત્યારે પેલા પઠાણે ઉત્તર વાળ્યો કે "મેવા મિઠાઈ ખાત ખાત મેરી જીવ્હા છોલાઈ, ઇસ કારણે દ્રાક્ષ મૈંને ખટ્ટી ખાઈ" અરેરે ! જેઓને રોજનુ રોજ મિષ્ટાન્ન ખાવાનું મળે છે, જેઓને રોજના રોજ વૈભવ મળે છે, જેઓને હમ્મેશનુ મહેલમા મોજમજાહ ઉડાવવાનુ જડે છે, તેઓ સુખ, સુખ, અને સુખથી પણ કટાળી જઈને કડવાં ફળ કરડીને પણ જરા મોનો પટ વાળે છે, એઠી

પત્રાવળ ચાટીને જીવને સતોષ લે છે, અને ઝુપડીની ચટાઈ ઉપર સુવાનુ પસદ કરે છે આ કુદરત કેમ થતી હશે! અરેરે, જો આવા ખેલો જગતમા ન થતા હોય, જો આવા બનાવો અને સજોગો પૃથ્વી ઉપર ઉભા ન થતા હોય, તો ધણીવિમુખ થયલી સ્ત્રીઓ રોજની કુવાતળાવમા પડી આપઘાતો કરે, રોજના ગરીબ લોકો હેબતાઈ સુકાઈને ઝેર ખાઇને જ મરે પણ ઈશ્વરના સજોગી કાનુન ઉપરથી મરૂ, કે જેણે મોટ-મોટાઓ ઉપર દુ ખ, સતાપ, મુશ્કેલી, આફત, અને વિપત્તિઓના વરસાદ વરસાવીને ગરીબ, લાચાર, અનાથ, અને દુ ખીઆરા નાચારોના જીવને રાહત આપી છે શ્રીમતો, દોલતમદો, અમીર ઉમરાવો, રાજા પાદશાહો, બેગમો કે શેઠ-શેઠાણીઓ ઉપર, તેમ જ શહેનશાહો, શહેનશાહજાદીઓ, તથા શહેનશાહબાનુઓ ઉપર પૂછી પૂછીને વિઘ્નો અને સકટો નાંખ્યા છે, કે જેથી ગરીબ નાવારસો અને વચલે વાધેનાઓ પોતાની આફતોમા તે દાખલા દલીલો જોઇને જરા ધીરજ ધરે અને પોતાનુ દુ ખ ઓછુ લગાડી શકે

જોબન ધન ઠગ રે યારો, કોઇ મત કરો રે ગુમાન
બાલુકી બીન જેસો દર મોતી, કોઈ ઘડી કોઈ પલ રે —જો૦
દેલકી દોર દરયા બહેતર હે, ખેલનહારા રબ રે —જો૦
કહત કબીરા સુનો ભાઈ સાધુ, જેસી અગન બીચ જલ રે —જો૦

એક ગરીબ ઘરની વહુ દીકરી ઉપર જેટલા વિઘ્ન નથી આવી પડતા, એક ઝુપડામા રહેનારા ભાઈબ્હેનો વચ્ચે જેટલા સંતાપ નથી થતા, એટલા સતાપ, એટલી મુઝવણુ, અને એટલાં વિઘ્ન નેપીયન સી રોડ કે ખબાલા હીલના બગલાઓમાં,

અને માથેરાન કે મહાબલેશ્વર ઉડ્યા કરનારા પખેરાઓ ઉપર ચાલુ પડતાં રહે છે શુ શેઠિયાઓના ઘરના બૈરાં સુખી છે ? શુ અમીર ઉમરાવોની વહુદીકરીઓ આનદમા વસે છે ? ના નહી. ઉલટા તેઓ તો આમ કહે છે, કે ગરીબ લોકોને દિલાસા આપતા લોકો અમો શેઠિયાના ઘરના દાખલાઓ આપે છે. પણ અમારૂ દુ ખ અમે કોને કહીએ ? અમો શેઠિયાઓના ઘરના દુ ખીઓને દાખલાઓ કોના આપશો ? વળી અમીર ઉમરાવોના ઘરના લોકો કહે છે, કે શેઠિયાઓને ત્યાના દુ ખીઆરાઓને અમારા દષ્ટાતો આપી સાન્ત્વન કરશો, પણ અમારા મનનુ સમાધાન કોના દાખલાથી કરશો ? અમારી ઉપર શુ શુ પડે છે તે કોણ જાણે છે ? વળી રાજારજવાડાનાં રાજવશી કુટુબો કહે છે, કે દુ ખી અમીરજાદીઓને કે ગરીબ લોકોને અમો રાજારાણીઓની મુશીબતોના પુરાવા આપી તેમને રાહત આપશો, પણ અમને તો ત્યારે દિલાસા નહી જ મળે કે ? અમારા દુ ખોની વાત તો ઈશ્વર જ જાણે છે ! આગળ ચાલતા શહેનશાહો અને શહેનશાહ-બાનુઓ જેમના મહેલો કુસપ વઢવાડ, અને અદરઅદરની પીખાપીખીથી ગમગીન અને ગમખાર થઈ પડ્યા હોય છે ત્યાની શાહજાદીઓ અને રાજરાણીઓ કહેશે, કે જગતને અમારા દુ ખના દાખલા કહી તમે શાન્ત પાડશો, હિમ્મત આપશો, દિલાસા દેશો, પણ ત્યારે અમારૂ શુ થશે ? હજુ પણ સુકો રોટલો ને લીપેલી ઝુપડી મળે તો બસ છે, એ જ છેવટે તો અમે માગીએ છીએ.

યારો ! તમારા ગુણ સદ્‌ગુણ વગરની શ્રીમતાઈ મિથ્યા છે. તમારી નેકી અને ભલાઈ વગરની શેઠાઈ પોકળ છે તમારૂં ચારિત્ર્ય તપાસો ઓ શેઠ ! અરે ઓ શેઠ ! “ધારો, કે તમે કોઈ સુદર કુમારિકા જોઈ મોહી પડો છો. તમારે તેને પરણવું

છે શુ તેને કાલાવાલા કરવાથી તે તમારા ઉપર ફીદા થશે ? કે તમારે તમારૂ રૂપ, લાવણ્ય, વાણી, રીતભાત વિગેરે આકર્ષણીય બનાવી તેના હૃદયમા આપોઆપ તમારા પ્રત્યે ઉચ્ચ ભાવ ઉત્પન્ન થાય એવી યોજના કરવી પડશે ? તમને તો ઘણીએ લગની લાગી હોય, કે ઘેરથી દોડી તેને ઘરે જઇ તેનો હાથ માગુ ! પણ શુ એમ કહિએ કામ બનશે ? નહી જ તમારે તમારા ગુણો અને ખુબીઓ, તમારૂ રૂપ અને તમારી રીતભાત તેના જોવાજાણવામા આવે એવી યોજના કરવી પડશે, એટલે પછી તે કન્યા આપોઆપ તમારી પાસે ચાલી આવશે, અને તમને પાણિગ્રહણની દરેક સગવડ થશે !" આમ જો ન થાય, તો પછી તમે હાયહાય કરીને એમ જ કહેશો —

અયેગામ કોઈ મરે, ઓર કોઈ અશરતમેં મરે,
હાય ! અફસોસ મગર હમ તો મુહબ્બતમ મરે   અયેરામ૦

પુરૂષની સુદરતા સુદર ગુણ, કોયલની સુદરતા સ્વર, સ્ત્રીની સુદરતા પતિવ્રતાપણુ, રૂપરહિત મનુષ્યોની સુદરતા વિદ્યા, અને તપસ્વીઓની શોભા ક્ષમા છે જેની તેની પ્રકૃતિ વિરૂદ્ધ કુદરતી સજોગ ભેગા નહી થાય પ્યારી નહી મળવાથી પ્યાર-ભગનુ જેવુ દુ ખ લાગે છે તેવી જ રીતે મળેલી પ્યારી ગુમ થવાનુ દુ ખ લાગે છે માટે વિષયી મા થાવ પ્યાર, પ્યાર કર્યા ન કરો પવિત્ર પ્રેમને માટે તલસો "જેની વાસના વિષયોને જ વળગેલી છે, તેને ઘણુ દુ ખ થાય છે માટે જેની વિષય-વાસના તૂટી તે જ સુખી સમજવો વિષયોથી જે જે સુખ ઉત્પન્ન થાય છે તેમા જ પરમ દુ ખ છે વિષયસુખ પહેલા સારૂ લાગે છે, પણ અંતે તેમા શોક થાય છે માછલુ જેમ ખાવાની લાલચે ગલને ગળી જાય છે, અને ગલ ખેચનારા ખેંચે છે ત્યારે ગળુ ફાટી જાય

છે, તથા શબ્દવિષયમા ભૂલાવો ખાઈ હરણુ જેમ ફાસામાં ફસાય છે, તેમ જ માનવીઓને વિષયસુખની મીઠાશ લાગે છે ખરી, પરતુ તેથી પસ્તાવો જ થાય છે, દુ ખ થાય છે, સકટ અને વિઘ્ન આવી પડે છે, એમ જાણી શ્રી રામના રૂપની જ પ્રીતિ રાખવી સજાવાર છે ”

મીસ્ટર હૅકટર ! તુ જરૂર જ આટલો સોનેરી નૂકતો યાદ રાખ, કે “ સૂર્ય, ચન્દ્ર, વાયુ, અગ્નિ, અતરિક્ષ, પૃથ્વી, જળ, હૃદય, જમ, દિવસ, રાત, પ્રાત કાળ, સાજ, અને ધર્મ એ ચૌદ જણા નિરતર માણુસના આચરણુ જોયા કરે છે ” હૅકટર ! તુ સ્ત્રી તરફ જોઈને છેતરાયો, પણ ખરેખર તો તે માસનુ પોટલુ છે ! એનુ સેવન કરીને ભવસસારને તરી જવાનો નથી માટે સીબીલનો ખ્યાલ છોડ અને ઉદાસી ત્યજ જેમ એક ખુબસુરત બુલદ ઝાડ તોફાનના ઝપાટાને લીધે જડમૂળથી ઉખડીને જમીનદોસ્ત થઈ જાય છે, અને પાછુ ફરીને તાજુ થતુ નથી, તેમ ઇનસાનનુ દિલ ઉદાસીના જોસથી ઝુરી જાય છે તે પાછુ તાજુ અને કૌવતમદ થવા પામતુ નથી વાસ્તે જ્યારે તેં મનને દુ ખ જ લગાડી લીધુ છે, ત્યારે તેમા પણ જરા ધૈર્ય ધર, હજારો ને લાખો વરસથી લાખો લોકોમા પ્યારભગના દુ ખો ચાલ્યા આવ્યા છે અને કોઈને પણ કિનારો હાથ લાગ્યો નથી. તુ કાઈ એકલો નથી હરેક જાતની મુશ્કેલી અને દુ ખદરદની વખતે, ધીરજ અને સબર, અને શુક્રગુજારીથી પોતાનુ મન મોટુ અને જાન ખુશી રાખવા જોઇએ અને જે ઈનસાન એવી આદત રાખે છે, તે જ ખરી નેકબખ્તી અને આબાદીભરેલા દિવસો પાછળથી મેળવી અથવા ભોગવી શકે છે.

ભરમ કરમકી જેવરી, બલ બાંધો સંસાર,
સો ક્યું છૂટે બાપુ રે, જો બાંધા કરતાર
નેંના નાર નિરખકે, મનસા કરમ કીયા,
રામ નામ બિસારકે, ભટકત ઝેહર પીયા

હે બંધુ! હે આશક! હે પ્રેમી! "આયુષ્ય તો પાણીના મોજા જેવું ચંચળ છે, યૌવન કહેતાં જવાનીની શોભા પણ કેટલાએક દિવસ સુધી રહેનારી છે, અર્થો કહેતાં ધન પણ સંકલ્પના જેવા છે વૈભવોના સમૂહો પણ વર્ષા ઋતુની વિજળીના ચમકારા જેવા ક્ષણિક છે, અને સ્ત્રીઓથી કરાતું આલિંગન પણ લાંબો વખત રહેવાનું નથી માટે હે જવાન! તમે ભયંકર ભવસાગર તરવા માટે પરમાત્મા પરવરદિગારમાં ચિત્ત લગાડો" ते धन्या भुवि परमार्थनिश्चितेहा शेषास्तु भ्रमनिलये परिभ्रमति। જેઓ પરમાર્થ વસ્તુને માટે નિશ્ચયપૂર્વક પ્રયત્ન કર્યા કરે છે, તેઓ જ પૃથ્વી ઉપર ભાગ્યશાળી ગણાય છે, બાકીના તો ભ્રમરૂપી અંધારી કોટડીમાં ભટક્યા જ કરે છે સમજ ઓ કમસમજ હેકટર!

ફૂલ્યો ફૂલ્યો શું ફરે છે રે! ભૂલ્યો ભવ કૂપમાં પડ્યો,
વાંકી મુછ પર વાટ જ ઉઠી, નર્કની વાટે ચર્યો,
મિથ્યા જનની ભારે મારી, અલ્યા, જન્મ ધર્યો ન ધર્યો
માટે જોને જાગી રે, અવસર આવી અડ્યો,
ફૂલ્યો શું ફરે છે રે, ભૂલ્યો ભવકૂપમાં પડ્યો

દિલાસા પત્ર ૭૭ મો

"E'en not all these, in one rich lot combined,
Can make the happy man, without the mind;
Where judgment sits, clear-sighted, and surveys
The chain of reason with unerring gaze
Where fancy lives, and to the brightening eyes
His fairer scenes and bolder figures rise,"

Thomson

"જ્યા વગર ભૂલની નજરથી, નિર્મળ દૃષ્ટિભર્યો, સારાસારનો વિચાર રહે છે અને કારણોની પરપરાઓ જુએ છે, જ્યા કલ્પનાશક્તિ રહે છે અને તેના સુદર દેખાવો અને સાહસિક આકારો પ્રકાશિત કરતી આખો આગળ ઉદ્ભવે છે તેવા મન વગર, આ સઘળી વસ્તુઓનો એક પુષ્કળ જથ્થો પણ માણસને સુખી કરી શકતો નથી'

થૉમ્સન.

અલ્યા સામળ! તુ ફરિયાદ કરે છે, કે ઘડી ઘડી મારૂં દિલ દુખવવા શત્રુઓ મારી સામે નવા નવા બુટ્ટા જોડી કાઢી ખરાબ લાગે એવી રીતે મને વગોવે છે મારા ઉપર તરેહવાર દિલ દુખવનારા પત્રો લખે છે, મારી ચાડી ચુગલી કરે છે, અને જ્યા ત્યા મને અળખામણો અને નાવકરો પાડે છે સારા સારા મડળો, અને ગૃહસ્થોમા મારી નાલેશી અને નિદા કરી, હુ જાણુ મૂકુ નહી એવા બનાવટી આળો મારા ઉપર મૂકે છે વિગેરે વિગેરે

તારી ફરિયાદ ખરી હશે ઘણાક નિર્દોષોને આમ સતાવવામાં આવે છે તેથી તેઓ માહેના માહે બળ્યાં કરે છે પણ ઘણી વાર નિંદા પામનાર પોતે જ નિંદાખોર પણ હોય છે. આળ અને ખોટા તહોમતો મેળવનાર પોતે બીજાઓ ઉપર ખોટા બુટ્ટા જોડી કાઢનારા પણ જણાઈ આવે છે

અલ્યા ! તારા જ ઉપર નનામા કાગળ કા આવતા હશે ? આપણે કોઈના ઉપર કાગળ લખીએ તો આપણી ઉપર તેનો જવાબ ફરી વળે તેમ જો તુ ચોરીછુપાઈથી કોઈના ઉપર નનામા કાગળ લખતો હશે તો તારી ઉપર નનામા આવતા હશે નામ સાથના લખે તો નામ સાથના જ જવાબ આવે, ને નામ વગરના લખે તો નામ વગરના જ આવે કદાચ તેમ ન હોય તો પણ ગમે એવા નનામા કાગળ આવે ત્યારે દિલગીર અને દુ.ખી શા માટે થાય છે ? તેના થોડા મચકુર ઉપરથી સમજી જઈ ફાડી નાખ, અને કદિએ કોઈની આગળ તારી ઉપર એવો નનામો કાગળ આવ્યાની વાત નહી કર પછી જોઈ લે દુશ્મનની ઈચ્છા તો કોઈ પણ રીતની સતામણીથી તને દુ ખ થાય એવી જ છે પણ જો તે તારા ઉપર અનેક વિઘ્ન લાવી નાખે તોએ તને જરાએ લાગણી થતી નથી એમ જ્યારે દુશ્મનની ખાત્રી થશે, ત્યારે ખરેખરો દુ ખી તો તે દુશ્મન થઈ પડશે ચાડી, ચુગલી, નિંદા, ખોટા તહોમતો ને બોહતાનો, એ સર્વ તેના અસત્ય બોલનારને નડે છે જો તારે તારા શત્રુઓને હેરાન થયલા જોવા હોય તો તેઓને જ નિંદક જીભલડીથી હેરાન થવા દે દુનિયામાં ગુન્હાનુ પહેલવહેલું કામ જૂઠુ બોલવાનુ થયુ હતુ તે પહેલા કોઈ ગુન્હો જ નહોતો બન્યો અને ત્યારથી જ દુ.ખની શરૂઆત થઈ છે પ્રામાણિકપણાનો જે દહાડે દુનિયામા છેડો આવ્યો તે

દહાડા સુધી તો તમામ ખલકત સુખી હતી માટે સત્યથી વેગળા જવુ તેનો બીજો અર્થ કઈ જ નથી, પણ એ જ કે અસત્યવાળો માણસ પ્રથમ ધિક્કાર કરે છે ત્યારે તો ઇશ્વરનો, ને પછી બીએ છે ત્યારે તો માનવીથી !

શત્રુવટ વગર નિંદા થતી નથી. લાયકી માટે, અને નોકરીધંધાની અદેખાઈને લીધે પણ નિંદા કરનારા મુદ્દઈઓ અને હરીફો જ હોય છે એક શિયાળ હાફતુ હાફતુ ઘણા જ જોરથી દોડી જતું હતુ રસ્તામા કોઈએ પૂછ્યુ કે, ભાઈ ! શી આફત છે કે આટલો બધો રજીદા થઇને નાસે છે ? શિયાળે જવાબ વાળ્યો કે મને ખબર થઈ છે કે બધા ઊંટોને જોરજુલમથી વેઠમા પકડી જાય છે પેલાએ અજબ થઇને પૂછ્યુ કે હે મૂર્ખા ! ઊંટ સાથે તને શો સબધ, અને શી લેવાદેવા છે ? શિયાળે કહ્યુ, ચુપ વળી કોઈ મારો અદેખો સરકારમા જઈને એમ કહેશે કે પેલુ પણ ઊંટનુ બચ્ચુ છે, તો તેમા મને ઘસડી જશે અને પછી કોઈ છોડાવનારૂ આવવાનુ નથી અને હુ છૂટુ તે અગાઉ તો મારૂ શુ ને શુ કરી નાખે

તે જ પ્રમાણે ખૂબ ધ્યાનમા રાખજે અલ્યા સામળ ! જો કે તુ ઘણો જ લાયકીવાળો, પ્રામાણિક, પરહેઝગાર, અને વિશ્વાસુ હશે તો પણ તારી પછવાડે નિંદાખોર, અદેખાઓ, ચુગલીખોર, ને ચાડિયા તો લાગુ પડ્યા હશે જ અને તને સતાવવા તત્પર રહેલા જ હશે તુ ગમે એવો સદ્દગુણી હશે તોએ તને દુર્ગુણી ચિતરી તારી નિંદા તેઓ કરવાના જ તુ શિયાળ હોવા છતા તને ઊંટ તરીકે ઓળખાવનારા ઘણાએ મળશે, તેથી તને મારી મજબુત ભલામણ છે, કે સતોષનો જ ખજાનો સઘરી રાખજે, અને ક્ષમા રાખી અમલ અને હકુમતની ઇચ્છા કરતો ના.

બ દર્યા દુરરે મુનાફે બીશુમાર અસ્ત,
વગર ખાહી-સલામત બર કેનાર અસ્ત

અસખ્ય કિમ્મતી મોતી દરિયામા છે, પણ સલામતી તો કિનારા ઉપર જ છે હુ તને પૂછુ છુ સામળ ! કે દોસ્ત કરતાં દુશ્મન ઘણા કોના હોય ? જવાબ પણ તને હુ જ આપુ છુ, કે જે માણસની ચો તરફ નિદા અને બદગોઈ થતી હોય, જે માણસને બીજા શખ્સો કવાબમા હાડકાની માફક ગણુતા હોય, જે માણસની હાજરીથી મતલબીઆઓ અને હાજી હા સાહેબોની મતલબ ધૂળ મળતી હોય, જે માણસ આ દુનિયા માહેલી પોતાની સઘળી ફરજો બરાબર અદા કરવાને હુમ્મેશા ખતી હોય, જે માણસ પારકાના દુ ખણુનુ દર્દ પોતે ધરતો હોય, જે માણસ સાદા પહેરવેશનો પણ ગભીર અને દૂરઅદેશવાળો હોય, તે માણસના આ દુનિયામા દોસ્ત કરતા દુશ્મન ઘણા હોવા જોઈએ, અને તેની જ નિદા વિશેષ થતી હોવી જોઈએ

જો આપણા કોઈ દુશ્મનો એવા હોય, કે જેથી આપણુને પોતાની એબ જાહેર થાય તો તે દુશ્મનો અગત્યના જાણુવા, પછી છોને તેઓ આપણી બદગોઈ કરતા હોય ! આગલા વખતની તવારીખો ઉપરથી પણુ એમ સાફ માલુમ પડે છે, કે જે માણસો ખરા ભક્તિમાન અને ખરા આચાર્યો તથા ભક્ત હતા તેમના દોસ્ત થોડા અને દુશ્મન ઘણા નીકળતા હતા સૉક્રેટીસના નામથી આજે કોણ અજાણ્યુ છે ? તેની નિદા કાઈ થોડી નથી થઈ એ શખ્સ વિષે એવુ કહેવામા આવે છે કે, જે જમાનાના લોકોમા તે જન્મ્યો હતો, તે જમાનાના લોકોને માટે એવા મોટા મનનો શખ્સ મુદ્દલ લાયક નહી હતો. કોઈ વધારે સુધરેલા જમાનામા તેનો જન્મ થવો જોઇતો હતો.

એ ધણી એટલો તો ભલો, રાક, ડાહ્યો અને કાબેલ હતો, કે તેના શત્રુઓએ પણ તેના મરણ પછી પોતાની ચૂક જોઇ હતી, અને તેઓએ તેને કમોતે યાને ઝેર દઈને મારી નાંખ્યો હતો તે વિષે ભારે પશ્ચાત્તાપ કર્યો હતો જ્યારે એવો ભલો અને લાયક શખ્સ દોસ્ત કરતા દુશ્મન વધારે ધરાવતો હતો, ત્યારે પછી એથી ઉતરતા માણસોના વધારે શત્રુ હોય એમાં નવાઈ શી ?

હે સામળ ! આખુ ને આખુ જગત તારે માટે સારૂ જ બોલે એવો અભખરો તો તારે રાખવો જ નહી તારૂ સર્વને જ સારૂ ગમે એવુ તો થવાનુ જ નહો એક બુઝર્ગ અને નામીચા લખનારના બોલમા જો બોલીએ તો ચોરો તો માત્ર ફળવત ઝાડો ઉપર જ પથરા ફેંકે છે પીપળા, વડ, અને એવા જ બીજા ઉમદા ફળ વગરના ઝાડો ઉપર કાંઈ ચોરને પથરા ફેંકતા કોઈએ જોયો છે ? તેમ જ હરેક સોહામણી, સારી, ને દિલખુશ ચીજો ઉપર જ કેટલાએક માણસોની નજર બગડે છે, ને તેને મેળવવા તેઓ કોશીશ કરે છે બદસુરત તથા કટાળો છૂટે તેવી કોઈ ચીજ મેળવવાને કોઈએ પણ કમ્મર કસી છે વારૂ ? તો એવા જ હાલ સારા અને નેક માણસોના થવા જોઈએ જે માણસે આ દુનિયાના લોભલાલચોને પડતા મૂકી ફક્ત પોતાની ખરી ફરજો બજાવવા ઉપર જ દિલ લગાડયુ, તેના આ દુનિયાની લાલચોમા ફસેલા બેહદ દુશ્મનો નીકળી આવવાના, અને તેથી તેવા માણસની બેહદ બદગોઈ પણ થવાની. હવે જો પાછો સવાલ કરીએ કે દોસ્ત કરતા દુશ્મન ઘણા કોના હોય ? તો જવાબ એવો જ મળવાનો, કે નેક, ભલા, અદ્દલ, રાક, પોતાની ખરી ફરજો બજાવનાર, ભક્તિમાન, અને ઈશ્વ-

રના ખરા સેવકોના આ દુનિયામા દોસ્ત કરતા દુશ્મન ઘણા મળી આવવાના હે ભાઈઓ !

ભકતકી નિંદા બુરી, ભૂલ કરો જીન કોઈ,
જનમ જનમકે સુક્રીત, પલમેં દેવે ખોઈ

લોકોમા પ્રથમ ગણના તો ચાડિયાની થાય છે તે ખોટાસાચાં કરીને માણસો વચ્ચે કલહ અને કલેશ ઉઠાવે છે અને મિત્રોમા શત્રુવટ પેદા કરે છે ધર્મશાસ્ત્રમા કહ્યુ છે કે "પિશુનનો સ્વર્ગવાસ થતો નથી " સત્ય પ્રભુએ તારિયતમા હઝરત મુસાને ફરમાવ્યુ છે કે, " અય કલીમુલ્લા ! કયામતને દહાડે ચાડિયાના કપાળ ઉપર 'ચુગલખોર' એમ લખેલુ તારા જોવામા આવશે" આટલા ઉપરથી જ સમજવુ કે. પ્રભુની એવા લોકો ઉપર અવકૃપા રહે છે તેમ જ કુરાનમા પણ ચાડિયાને કુકર્મી કહેવામા આવ્યો છે અને તેને માટે વિસ્તારથી જણાવ્યુ છે. તમારી પાસે કોઈ દુર્ગુણી એવી વાત લઈ આવે, કે અમુક માણસ તમારે માટે આવુ આવુ કહેતો હતો, અથવા કરવા ઈચ્છતો હતો, તો એવુ સાભળ્યા પછી તમારે તેના જેવા પાપમા નહી પડતા, તમારે તમારી જીભને સભાળવી, અને જો તમે તમારી જીભને સભાળશો તો આવતી આફત દૂર જ રહેશે કારણ કે જે જીભ ઈશ્વરનુ ભજન કરવાનુ મૂકી દઈ, ખોટી લવરી, જૂઠો બકબકારો, અને નિંદક લવારો કરતી હોય છે, તેના ધણીને દુ ખ અને વિઘ્ન આવ્યા વગર રહેતા નથી

જીભલડી રે તને હરિ ગુણ ગાતા આવડુ આળસ કયાથી રે ?
લવરી કરતા નવરાઈ ન મળે, બોલી ઉઠે મૂખમાથી રે,—જીભલડી રે૦
પરનિંદા કરવાને પૂરી, શૂરી ખટ રસ ખાવા રે,
ઝઘડો કરવા ઝુઝે વહેલી, કાયર હરિગુણ ગાવા રે,—જીભલડી રે૦

અતકાળે કોઈ કામ ન આવે, વહાલા વેરીની ટોળી રે,
સ્વજન ધારીને સર્વસ્વ લેશે, રહેશો આખો ચોળી રે,–જીભલડી રે૦

જગતમા કોઈ જ મારો શત્રુ નથી. સર્વે ભાઈબધો બ્રહ્મનુ રૂપાતર હોવાથી સર્વે મારા અને મારા સગા છે, મારા દોસ્ત છે, અને મારા જેટલો જ સર્વને અધિકાર છે, એવી વૃત્તિથી વર્તવુ જોઈએ આમ મનમા દઢ થશો તો માબ્હેનની ગલીચ ગાળોથી, મા બ્હેન સાથે જોડી આપનારા ખોટા સબધોથી, અને નિદાચર્ચાથી તમારા મનને દુ ખ લાગવાનુ નથી શુ તમારો શત્રુ તમારે માટે જે જે વાતો ફેલાવે છે, તે તે વાતો સાચી જ હશે એમ કાઈ સર્વ સાભળનારા માની લે છે કે ? નહી. શત્રુ બોલનારા અને શત્રુ સાભળનારા સિવાયના સર્વ કોઈ સમજે છે કે ખરા નિર્દોષોને દુ ખી કરવા તે ગોયા ખુદ આપણા પોતાના હક્કમા દુ.ખ અને ગમની ચેહ ખોદીને સદા કાળ સુધી તેમા રીબવા જેવું છે, આપણી ભલી અને પાકીજે વર્તણુકથી જ્યારે આપણા દોસ્ત આશનાઓના જીગરો ખુશાલીથી જલેહુભરેલા રાખીએ છીએ, ત્યારે ચોક્કસ જ એમ જાણવુ, કે આપણા મુદ્દઈઓની આખો આગળ ગમની ભયકર કાળાશ વિટળાઈ ગયા વગર રહેશે નહી ખુદ નિદા ફેલાવનારા અને તેને ગ્રહણ કરનારા મુદ્દઈઓ પણ તે નિંદા ઉપજાવી કાઢેલી છે એમ સારી પેઠે સમજે છે, તો પછી બીજા ત્રાહિતો તેમ કા ન સમજે વારૂ ? તે ચુગલીખોર નિંદારામ શુ બોલવુ તે જાણતો ન હોવાથી ગમે એવી નિંદા, અને ગમે એવા કસમ ઉપર ઉતરી પડે છે, અને પોતે પોતાની ખરાબી કરતો જાય છે જેઓ બીજાને ગાળ આપે છે, બીજાની નિદા કરે છે, તેઓ બીજાઓ કરતા પોતે જ પોતાને ઉઘાડા પાડે છે તેવા નિદકની વાતો ચોમેર પ્રસરે છે, અને જે

આજે તારી તરફ હસતો, ભાડતો, અને બદગોઈ કરતો હશે, તની હસી, નિંદા, અને રૂશવાઈ કાલે બીજાઓ કરતા જણાશે

અસીલ જાતકા રૂપા લોહવેકી મુઠપે ચટવાયા,
જાત ઘમા કર છૂટા ઉનને કોલ પૂરા કીઆ
જા તોલી દમમે દમ થા, વા તોલી દગા નહી દીઆ,
મરદોકી શરીયતકે માફક નેકીસે કામ લીઆ.
ગનકી ચોટમે ટુકરે ટુકરે હો જાવે પથરે,
નીચ ઉચ દરમ્યાન તફાવત, બડાજી હય ફેરે

નિંદા, બદગોઈ, ચાડી, ચુગલી, એ સર્વના વિચાર તેના વિચાર કરનારને દોજખના ઉંડા ગારમા કેદ કરે છે માટે હે ભલા સામળભાઈ ! "ભલા વિચાર કરો, ભલી ભાવનાએ ભાવો, એટલે તે વડે તમારી બાહ્ય જીદગી પણ સુખી થશે આત્મિક શક્તિ જેવે રસ્તે વાપરશો તેવા પ્રમાણમા સુખી કે દુખી થઈ શકશો મહાત્મા કિવા પાપાત્મા અને તીર્થંકર કે પેગમ્બર કે સિદ્ધ પુરૂષો વચ્ચે તફાવત એટલો જ છે કે, તે જીવો પોતાની અદરની શક્તિ ઉપર સપૂર્ણ કાબુ ધરાવી જબાને કાબુમા રાખે છે, જ્યારે પેલા દુષ્ટો તો તે શક્તિના સપૂર્ણ કબજામા જકડાયલા છે"

જીહ્વામે અમૃત વસે, વિષભી ઉસકે પાસ,
એક બોલે લાખ લે, એકે લાખ વિનાશ

જીભમા જેમ અમૃત છે તેમ ઝેર પણ છે તે એક બોલ બોલે તો લાખ લક્ષ્મી મેળવે, ને એક જ દુર્વચન કાઢે તો લાખ લક્ષ્મી ગુમાવી પણ દે

એક રાજાએ પોતાના નોકરને આજ્ઞા કરી કે, હુ જે વાત તને કરૂ તે તારે કોઈને પણ કહેવી નહિ તે બોલ્યો કે, મારી તે

એવડી શી શક્તિ કે હું આપનો મત્ર પ્રસિદ્ધ કરી શકુ ? ત્યારે ફરમાવ્યુ કે, મને મારા ભાઈની ઘણી બીક રહે છે, કારણ કે, તે મારી સાથે કોઈ પ્રકારનો દગો કરશે એવી તેની રહેણી મને લાગે છે, તેથી તે કાઈ એવુ અયોગ્ય કરે તેના પહેલા તેનો નિકાલ લાવવાની મને ચિન્તા રહે છે માટે તને ઘટે છે કે તારે નિત્ય સાવચેતી રાખવી, અને મારી રક્ષા કરવી, તથા મારા ભાઈની ચાલચલગતની જે કાઈ તને ખબર પડે તે તારે મને બધી કહી દેવી આ ચાકરે મહારાજની હુઝૂરમા તેમ કરવાનુ કબુલ કર્યું, પણ છેવટે તેણે તેના ભાઈની પાસે જઈને બધી વાત કહી દીધી એટલે તેણે તેનો ઘણો આભાર માન્યો અને બોલ્યો કે, તમે મને આવા દગાથી જાણીતો કર્યો તેથી મારી ઉપર તમારો મોટો હુક્ક સાબિત થયો છે, માટે તેનો બદલો મારાથી બની શકશે તેમ સારો આપીશ આ બનાવ પછી તે પણ ઘણો સાવચેત રહીને પોતાની સભાળ રાખવા લાગ્યો દૈવયોગે તે મહારાજા મરી ગયો અને રાજ્ય તેના ભાઈને મળ્યુ તે જેવો રાજ્યાસન ઉપર બેઠો અને રાજછત્ર પોતાની ઉપર ધારણ થયુ, કે તરત જ તેણે પોતાના ભાઈના પેલા નોકરનુ માથુ કાપી નાખવાની આજ્ઞા કરી તેણે આવીને વિનતિ કરી કે હુ તો ઉલટો ઈનામનો હુક્ક ધરાવુ છુ ને આપ આવો આદેશ કેમ કરો છો? નવા મહારાજાએ કહ્યુ કે, મારો ભાઈ તમને એટલી બધી બક્ષીસો દેતો અને પોતાનો ખરો વિશ્વાસુ સમજતો, તેનો ભેદ જ્યારે તમે ફોડ્યો, ત્યારે તમે મારો ભેદ શી રીતે જાળવી શકશો ? પરિણામ એ થયુ કે તેણે ભેદ ન છૂપાવ્યો ને ચાડી કરી તેમા માથુ ખોયુ.

અરેરે! ખળ રૂપી સર્પની મારવાની રીત વિપરીત છે. તે જેના કાનનો સ્પર્શ કરે છે તેનાથી બીજો જ મરી જાય છે. ચાડિયાઓની

ચુગલીથી કાકણા માણુસોને ઘણી વાર મરણુતોલ ફટકા લાગી પ્રાણુ ખોવા પડ્યા છે ડાયોજીનીસને એક વાર પૂછવામાં આવ્યુ કે, પ્રાણીઓમા સર્વથી ભયકર પ્રાણી કયુ છે ? તેણે જવાબ દીધો, નિંદાખોર ઘણુ ક્રૂર પ્રાણી છે, અને ખુશામતીયો ઘાતકી પ્રાણી છે ખચિત આવા ક્રૂર પ્રાણીઓએ ઘણા ખીલતા ચાલાક જવાનોના કવખતના મોત નિપજાવ્યા છે આ હાડકા વગરની જીભ મત્ર રેડે છે જૂદા જ માણુસોના કાનમા, ને મરી જાય છે બીજા જ. પોતાના વિષે ચુગલીખોરોએ નિષેધ ચાડીચુગલી ચલાવ્યાથી જ ગસ્ટેવસ એડૉલ્ફસ આટલી મોટી નામદારી કરીને ૩૮ વરસની ઉમરમા જ દિલ ફાટી જવાથી મરણુ પામ્યો હતો તેના કૅમ્પટનો ઉપર પણુ તેણે પોતાનો છેડો પખોર્યો હતો. તેનો વિલક્ષણુ પરાક્રમ કરનારો ડ્યુક ઑફ વેમર ૩૬ વરસની વયે માત્ર નિંદાનો ભોગ થઈ પડી મરણુ પામ્યો બૅન્યર પણુ મહા પરાક્રમો કરીને ૪૫ વરસની ઉમ્મરે આ જીવલેણુ દરદથી મરી ગયો મૅક્ષીકો ઉપર વિજયી વાવટો ફરકાવનાર કૉર્ટીસ તો ૩૦ વરસની ઉમ્મરમા જ પરાક્રમી કારકીર્દી પૂરી કરીને અતે ચાપલુશીખોરોના સતાપ તામોશ નહી થવાથી ઝુરી બળીને મરણુ પામ્યો હતો.

પરતુ સામળ આવા કાકણા સ્વભાવથી તારે દુ ખી થઈ છેક પ્રાણુ જાય ત્યા સુધી સતાપ કરવાની જરૂર શી છે ? ઉપર જણાવેલા રાકડા જવાનોના કરતા ડાહ્યા પુરૂષોના દાખલાઓ જોઈને તારે તારો જીવ ઠેરવવો જોઈએ પેલા મહાન ડાહ્યા પુરૂષોની બહુએ નિંદા, ચાડી, ચુગલી, અને કાનભભેરણીઓ આખા દેશમા ચાલી હતી, તોએ તેઓ નીચ ગુલબાનો તરફ આંખીને પણુ જોતા ન હોતા ને છતે કાને બહેરા બનતા હતા.

તેઓ ભારે રોકાણમાં ચાડીચુગલી સાભળતાએ નહી, ને ચુગલખોરને માટે વખત પણ ફાજલ પાડતા નહી, અને જીવ્યા ત્યારે તો ઘણી લાબી ઉમ્મર સુધી પ્રાચીન કાળના તે સાત ડાહ્યા પુરૂષો ગમે એવુ ભૂડુ તેમના વિષે બોલાયુ તોએ બેહુદ રોકણને લીધે લાંબી ઉમ્મરે ગુજરી જવા પામ્યા હતા ક્લીયોબ્યુલસ જે સાતેમા સર્વથી નાનો હતો તેણે ૭૦ વરસની ઉમ્મર કાઢી થેલીસ ૯૧ વરસ વેર જીવવા પામ્યો પીટેકસ, ચીલો, અને બાયસ ૮૫ વરસની ઉમ્મરે મરી ગયા સોલન અને પેર્યન્ડર ૮૧ વરસની વયે સ્વધામ પહોચ્યા હતા. ઘણી નિંદાએ ઘણુ જીવ્યા માટે એમના જેવા દુખના સમયે ગનગોવાર રહેનારો તુ થા, તો તારી પણ જીદગી આવી સુદર પસાર થશે માણસની જીભના ચચડાટથી તારા પ્રાણ ખોતો નહી બધી જ જીભમા કાઈ ઝેર ભરેલુ હોતુ નથી

ગુન્યનકી જીંહાસે અમૃતમો બચન નિકસે,
મૂર્ખકી જીંહા સાપસે વિખહી હય
ચદનકો ધીસો તો ઇશ્કકો સુગધ દેત,
હિગડેકો ધીસો તો બદબોઇકી ખુહારી હય
કોયલકુ કૂક અરણ્યમેભી આનદ દેત,
કાગનકી બોલીકો કૌન કહેગો પ્યારી હય ?
કહે શકરપ્રસાદ મૂર્ખકા બોલના તો,
ઝહેરકે સમતોલ, વાસે દુનિયા હારી હય

હે સામળ! તારી જબાન બધમા રાખ, નહીતર તે જ તને બધમા નાખશે વગર વિચાર્યે બોલ નહી, કેમકે બોલવાથી જ બગડે છે જેમ તારી જીભ લાબી તેમ તે દુશ્મનના

પજાની છેક નજીકમા હોય છે, અને શત્રુ હાથમા આવતા જ ખેંચી કાઢે છે હોલો પક્ષી જ્યા સુધી ઝાડમા ભરાઇને મુગો બેશી રહે છે ત્યા સુધી શિકારીની નજરે પડતો નથી, પણ જેવો તે બો-કો, બો-કો અવાજ કાઢે છે, કે શિકારી તે જ જગ્યાએ આબાદ નિશાન મારી તેના પ્રાણ લે છે અલબત્ત, "બોલેલો બોલ ભૂલવો નહી, અને વખત પડે સામર્થ્ય ચૂકવુ નહી," પરતુ અમસ્થી લવરીચુગલીથી સપડાઈ જતા ચોકવુ

તુ પાક બાશ ઓ મદાર અએ બેગદગ અઝ કમ બાક,
ઝનન્દ જામેઈ નાપાક ગાઝરાન બર સગ

ઓ ભાઈ! જ્યારે તું દોષના દાઘથી ખરડાયલો નથી, ત્યારે પવિત્રતાથી રહે કોઈનો પણ ભય ના રાખ કેમકે ધોબી લોકો મેલા તથા ખરાબ થયલા જ કપડાને પથ્થર ઉપર પટકે છે, વગર ખરડાયલા કપડાને કાઈ પથ્થર ઉપર મારતા કે ઝીકતા નથી મતલબ કે, તુ પાક અને પવિત્ર હશે, તો તને કોઈ પટકવાનુ કે દુખ દેવાનુ નથી

છતા હે સામળ! તારે બહુ બકનાર સાથે અને વાચાળ સાથે લડવુ નહી અને જો તારી વાતની ચુગલી ચુગલીખોર કરતો હોય, અને તને સતાપમા પડવુ પડે તો બીજી વાર હોય તેથી જુદે રૂપે બોલી તારે તેને પરખી કાઢવો તારે ઉત્તર જવુ હોય અને તેને દક્ષિણ બતાવવુ, એટલે તે પકડાઈ આવશે, ને વિઘ્નમા પડતા તારો બચાવ થઈ જશે જીભડીના સતાપમાથી મુક્ત રહેવુ હોય, તો ઉત્તમ દવા મૌન છે બસ મુગો રહે. એક ખામોશી સો દુખને હણશે "

એવી કૃતિ ચલાન તુ, કળી શકે નવ કોય,
મત્ર ન જાણે મન તણા, એ ઉત્તમ રીતિ હોય,

સિકદર બાદશાહ જ્યારે પૂર્વ દિશાએ લડાઈ કરવાનો મનસુબો કરતો, ત્યારે પોતાના તબુ પશ્ચિમ ભણી ખડા કરાવતો હતો માટે તારા વિના તારો મત્ર બીજો કોઈ જાણે નહી, એમ તારે વર્તવુ જોઈએ તેમ છતા જો તારો અભિપ્રાય બહાર પડી જાય તો તારે તારી સમજણ ઉપર પશ્ચાત્તાપ કરવો જોઈએ. હે ભાઈ! તું તારી એબ બહાર પાડનારાઓ માટે દુખી થતો હોય, તો તારે સમજી લેવુ જોઈએ કે તું પણ બીજાના છિદ્ર કાઢી તેમને દુખી કરતો હોવો જોઈએ

આઇને સાન હરચે બીની મગુ·
આબે સેફત હરચે બેયાબી બેશુ
બા હમે ચુન ખાકે ઝમીન પસ્ત બાશ,
વઝ હમે ચુ બાદ લોહી દસ્ત બાશ

જેમ આરસીમા કાઈ જોઈએ ને જેવુ હોય તેવુ તરત દેખાઈ આવે, તેમ કોઈની એબ જુએ તે કહી ના દે, પણ પાણીની માફક કોઈની પણ એબ તને મળે તે ધોઇ નાખ, અને સઘળાની સાથે ભોય ઉપરની ધૂળના જેવો નીચો તથા નમાનો થઈને રહે અને જેમ પવન હાથમા આવીને નીકળી જાય છે, તેમ નિંદાખોર લોકો સાથે તુ ખાલી હાથનો થા, યાને તેવા લોકો પાસેથી પવનની માફક દૂર થા પરવરદિગારે પણ આપણુ મુખ સુદર બનાવ્યુ છે, તેને બ્હાર દેખીતુ રાખ્યું છે, અને બગલ ગધાતી અને એબવાળી હોવાથી તેને હાથોવડે ઢાકીને છપાવી રાખી છે આપણા શરીરના ખુબસુરત ભાગો ઈશ્વરે ઉઘાડા રાખ્યા છે અને ગલીચ ભાગો ઢાકીને રાખેલા છે.

હે સામળ! ચાડિયાને ચાર નજરથી જોજે, અને તેની ઉપર વિશ્વાસ રાખતો ના. જોકે પ્રસગે જીભનો જખમ

પણ તેને શમશેરના જખમ કરતાં વધારે ઝેરી થઈ પડે છે. કેમકે તેના હૈયાના ડખનો દારૂ નથી સર્પને પગની પાટુ મારી હોય અથવા તો મજબૂત લાકડી મારી હોય તો પણ તે ડાઢથી જેને કરડે છે, તેનો જ અવશ્ય નાશ કરે છે પરતુ ચાડિયા મનુષ્યનો ઉગ્ર ધર્મ તેથી કોઈ વિલક્ષણ જ છે કારણ કે તે એકના કાનનો સ્પર્શ કરે છે, અને બીજાનો સમૂળગો નાશ કરે છે

ચાડિયા ચુગલીમા ફાવી જાય, ને નિર્દોષ દુ ખી થાય તો તુ મુઝાતો ના. નિંદક બચી જાય ને ધર્મી ખાડામા પડે તો તુ ઈશ્વર ઉપર વહેમ લઈ જતો ના ચુગલી કરનારનુ તરે ને નેક આદમીનુ ડુબેલુ જણાય, તો કુદરત ઉપર શક લઈ જતો નહી.

શુ કહીએ શ્રીજી શરણુ પડ્યાને સતાપો,
એ મોટુ કૌતક, દુષ્ટ વિમુખ સુખ આપો.—શુ કહીએ૦
વ્રજનો પરિકર અતિ વલ્લભ તેને વ્રેહમા બાળ્યો,
વૈષ્ણવવૈરી અતિ વિષયી વાસવ તેહને પાળ્યો —શુ કહીએ૦
વણુ પાપે પ્રહ્લાદને પીડ્યો જગત જાણે,
અસુર પાપી કોઈ ના પીડયો તે પ્રમાણે —શુ કહીએ૦
પોતાના કીધા પાડવ સાધુને સતાપ્યા,
અતિ ખળ દુરીજન કૌરવને સઘળા વૈભવ આપ્યા —શુ કહીએ૦
હરિશ્ચદ્રને વિશ્વામિત્રે, બહુ દુ ખીયો કીધો,
તે કૌશિકને દડ તમે કશો ના દીધો —શુ કહીએ૦
માધવ તુલસીદાસ વ્યાધિનુ દુ ખ ના ખોયુ,
પાપ પુતળુ પારધી પામ્યો, કશુ ના જોયુ —શુ કહીએ૦

દિલાસા પત્ર ૭૮ મો

———o———

" When hard times come on,
The greatest calamities oppress
The greatest still, and spare the less "

Butler

" જ્યારે કઠણ સમયો આવે છે ત્યારે મોટામા મોટી આફતો હમ્મેશા મોટામા મોટાને સતાપે છે અને નાનાને જતાં કરે છે "

બટ્લર.

બ્હેન મેહરા ! હુ બે દર્દે હવે તુ દિવાની જેવી થઇ ગઇ છે. તુ ભયને લીધે ન કરવાનુ તે હવે કરવા લાગી છે ભલે અરદી-બેહેસ્ત યસ્તની પીછી કરાવ્યાથી તારા હૃદયની શાન્તિ થતી હોય, એને તેનાથી જ જો તારો ધ્રુજ્યા કરતો જીવ ઠરતો હોય, તો તે જ તારી રામબાણુ દવા છે તારા મન ઉપર જરાએ શકા ન રહેતા એ પીછી ઉપર યકીનદારી હોય તો બસ છે આવાં સકટમા ધીરજ રાખ જ્યારે મુશ્કેલીનો વખત આવી પહોચે છે, ત્યારે મોટામા મોટી આફતો પણ સાથે સાથે જ આવવા માડે છે. પરતુ ઘણા ભયના વખતમા જ આપણે ઘણી હિમ્મત જોઇએ છે

મેહરા ! જેઓ પાપ ચીજ જ જાણુતા નથી તેઓ કોઇ પણ ભયથી બીતા નથી લોકો જેટલી ભયના વખતમા દેવતાઓની માનતા ને બાધા કરે છે, તેટલી જો ભય મટી ગયા પછી પાળતા હોય તો દેવતાઓ પૈસાદાર ને માલદાર થઈ જાય પરતુ દુઃખના અને ભયના વખતમા જે પુણ્યનો માર્ગ આયદે અખત્યાર કરવાની દુ ખી લોકો કબૂલાતો આપે છે, તે ભય ટળી ગયા પછી પાળવાના અખાડા કરે છે.

મેહરશં ! દેહથી દુ ખી માણસો દર્દના દુ ખાવાને લીધે એક વૈદ કરતા એક જાદુગરને વધારે પસદ કરે સુધરેલા લોકો તો માંદગીના વખતમા કાબેલ ડાકટર કે વૈદને જ પકડશે, અને હટર કે જેનર, સીમ્પસન કે લીસ્ટરને જ મહાન જાદુગરો લેખશે પરતુ પછાત વર્ગના અને અભણ લોકો ડાકટરના પ્રિસ્ક્રીપ્શન કરતા એક છુમતરવાળાની લખેલી ચિઠ્ઠીને વિશેષ ગણશે તેઓમા તો ધર્મગુરૂ અગર વીર મત્રીને જ ખરો ડાકટર ગણવામા આવે છે, અને તેઓ એમ જ માને છે, કે કોઇએ કાંઈ કરી મૂક્યુ છે, મુઠ મારી છે, અગર બહારનુ છે, અને ભૂતપિશાચની ઝપટ છે પરતુ આ વાત પણ હસવા જેવી નથી કેમકે દુ ખનુ કારણ ઘણી વાર શરીરના વ્યાધિનુ નહી પણ ભૂતપિશાચનુ માની લેવામા જ હોય છે ચિઠ્ઠી દોરામા યકીન રાખનારા ઘણા દુ ખીઓએ પોતાનુ દુઃખ ઓછુ કર્યું છે તે એ જ વાતને ટેકો આપે છે, કે દુ ખ એ મનનુ માનેલુ હોવાથી એક માયાકારના ભમાડાથી અને આધળા યકીનથી તેઓના દુ ખ પણ કમી થઈ શકે છે સુધરેલા કેળવાયલા લોકો પણ દેહકષ્ટથી કટાળીને કોઈ ધુતમધાતમ કરવા ફરમાવે તો તે પણ કરવા જલદી તૈયાર થઈ જાય છે પ્રથમ તો તેઓ સુધરેલા હોવાથી નશીબ અને યકીનને માનતા નથી, પણ દુ ખી થાય છે ત્યારે જ તેઓ "ઈશ્વર સર્વનો રખવાળ છે, તે મારૂ પણ દરદ દફે કરશે !" એવા ઉદ્દગારો કાઢે છે વાત તો ખરી, પણ તેઓને મોડેથી સુઝે છે અરે !

પ્રભુજી સબકે તુમ રખવૈયા, મૈ સમઝ સમઝ બલ જૈયા
ગુણી અવગુણી રહત સુખી સબ, અપને અપને ઠૈયા,
સ્નેહ ધરી શિશુ કુરૂપ ગોદ લે, દૂધ પિવાવે મૈયા.

જીવત હૈ સબ જન સબ જગમેં, તો સૌ જો બિગડૈયા;
મેઘ ખેત જ્યુ ભલે બૂરે પર, એક ધાર બરસૈયા.
ભલી બૂરી સબ ગૌવનકુ નિત, ગ્વાલ સમાન ચરૈયા,
મૂર્ખ ચતુર જ્ઞાની અજ્ઞાની, ઉદર સમાન મિલૈયા
ધરા ધરત નહી કછ બિચારે, અવિહિત કર્મ કરૈયા,
જગમેં રવિ શશિ દર્શ તુલ્ય દે, પાપી પુન્ય મઢૈયા
હમ બિગડે પર તુમહિ દયાનિધિ ! અપની ટેક રખૈયા,
માત તાતહી કપૂત સતાવે, તોભી દાઝ લગૈયા
તુમ હો કૂપ નદી અરૂ નાલે, સબકી પ્યાસ બુઝૈયા,
જન ફીરોજકો મુકિતદાન દે, ભવસાગર તરવૈયા

ચિઠ્ઠી ઉપર પવિત્ર મત્ર લખેલો ધોઈને પી ગયા, એટલે દુ ખ મટી ગયુ એમ દૃઢ યકીનથી હિન્દુસ્તાન અને અરબસ્તાનના ઘણા ભાગોમા માનવામા આવતુ હોવાથી, તે જ ઉપાય તે દુ ખી માણસોનો દિલાસો છે ઘણાક દેશોમા દરદીને બદલે ડાકટર તેની દવા પીએ છે, ને દરદીનુ દરદ નરમ પડે છે એમા પણ મનથી માનેલુ દુ ખ દરદીના યકીનને લીધે નીકળી જાય છે. ચીનમા એવી માન્યતા છે, કે વૈદ કે ડાકટરનુ સાલિયાણું સાજી તબીયતમા જ આપવામા આવે છે તદુરસ્તી બગડે કે સાલિયાણું બધ કરવામા આવે છે, જેથી દરદીને જલદી સાજો થવાની ખાત્રી રહેતી હોવાથી મનના ધખારાને લીધે તેને જલદી આરામ થાય છે વળી અસલ ઈજીપ્તમા તો એવો ચાલ હતો, કે માદગીના પહેલા થોડા દહાડા જ ડાકટરને ફી આપવી પડતી, ને પછી જો માદગી લબાય તો જ્યાં સુધી દરદીને આરામ થાય ત્યા સુધી ડાકટરે દરદીને રોજની ફી આપવી પડતી હતી !

આવા ઉપાયોથી દુખની મન ઉપરની અસર ઓછી થતી હતી

એક રાજા અંગે ફાલી ગયો, એટલો બધો જાડો થઈગયો, કે જરા એક ડગલું ભરતા પણ તે થાકી જતો મોટા મોટા હકીમોની દવાઓ કરી, ઘણાએ ઈલાજ અજમાવ્યા, પણ તેની ફૂમ ઘટી નહીં એક ડાહ્યો હકીમ આખરે તેની આગળ આવી કહેવા લાગ્યો, કે હું હકીમ પણ છુ અને સેતારેશનાશ જોઉં પણ છુ. તમારી દવા કરતા લાબો વખત લાગશે, પરંતુ તમે તેટલો લાબો વખત વેર જીવશો કે કેમ તે પહેલા તો મારે આજે સેતારાઓની ચાલ ઉપરથી નક્કી કરવુ જોઈશે બીજી સવારે તેણે રાજાને આવીને દિલગીરીભરેલે ચહેરે કહ્યુ –"ગ્રહોએ મને જે માહિતી આપી તે ઉપરથી જણાયુ કે તમારી જીદગી માત્ર એક જ મહિનાની છે મારી દવા તો લાબો વખત કરવાની હોવાથી એક મહિનો મને બસ ન થાય, માટે હુ તમારા દર્દનો ઈલાજ કાંઈ કરી શકતો નથી મારા બોલવા ઉપર તમને ભરોંસો ન હોય તો મને કેદમા પહેરેજ રાખો, અને જો મારૂ વર્તેલુ ભવિષ્ય ખરૂ પડે તો તમે મને એક મહિનો રહીને છૂટો કરવા સારૂ તમારાં માણુસોને કહી મૂકો" રાજાએ હકીમને કેદખાને પૂર્યો તો ખરો, મગર એક મહિને મરણ પામવાનુ સમજી ખાવાપીવાનુ છોડી દીધુ, અને તમામ મોજમજાહ દૂર કીધી. આથી તે તો તવાઈતવાઈને ફીકર-ચિતાએ બહુ જ ઝરી ગયો. ૨૮ દહાડા વીત્યા બાદ તેણે પેલા હકીમને કેદખાનામાથી બોલાવી મગાવી કહ્યુ –"તેં આપેલી મુદતને હવે બે જ દહાડા બાકી છે. હવે તુ શુ કહે છે?" હકીમ બોલ્યો: "બદેનવાજ! ભવિષ્ય કહેવાની મારામા શી તાકાત છે? હું મારા પોતાના જ મોતનો વખત જાણુતો નથી, તો પછી હું

બીજાઓના મોત કેમ પારખી શકુ ? આપ નામવર ફાલી ગયા હતા, અને પાતળા થવા માગતા હતા પરતુ અગે ફેલાઈ ગયલા દર્દીની દવા ગમગીની અને ફીકરચિના શિવાય બીજી કોઇ નથી. મેં જે હિકમત લગાડી તે તમને આરામ કરવાની મતલબથી જ, પેચથી ભવિષ્ય કહેલુ ઓ નામવર ! શુ હવે તમારી તદુરસ્તી નથી સુધરી ? શુ તમારા ધાર્યા પ્રમાણે તમને આરામ નથી થયો ? કોઈ પણ દાવપેચ અને યુક્તિથી તમને તો સારૂ થવા સાથે ગરજ હતી." રાજાએ જ્યારે જાણી લીધુ કે તેનુ મોત નજીક આવેલુ નથી, ત્યારે તે એટલો તો પોતાના માનથી જ આનદ અને ખુશાલીમા આવી ગયો, કે જેવો જોઈએ એવો ટટાર થઈ ગયો, ને પોતાને જીવતદાન બક્ષનાર હકીમને બક્ષીસોથી નવાજી નાખ્યો

આવી રીતે મોટા માણસો સબુરી રાખી, પોતાની શુભ ઈચ્છા બર લાવતા હતા, અને ગમે એવુ ભારે દર્દ થાય તોપણ મનના કાબુને લીધે તેઓ સબુરીથી સહન કરતા કેમકે સબુરી દરેક કામમા ફત્તેહ પુગાડનારી છે, અને સ્વાદિષ્ટ ઈચ્છા માણુસને બૂરાઈ તરફ લઇ જનાર છે માટે હે મેહરા ! વ્યાધિ અને વેદના-વખતે, તારૂ કાળજું ધ્રુજ્યા કરતુ હોય તેવે સમયે, તારો હોલનો જીવ થઈ આવતો હોય તેવા પ્રસગે પણ તું મન ઉપર કાબુ રાખી, યકીન વ ઇમાનથી, દૃઢ સબુરી રાખશે, તો ધાધળખોર અને આકળા સ્વભાવની દુ:ખી દીના કરતા તારો હુલેદર ઘણો જ નરમ લાગશે, અને ખમી શકાય એવુ જ દરદ તને થશે

મ્હેરા ! દરદનો ને દુ ખાવાનો જ વિચાર કર્યા કરવાથી દુ ખાવો નહી હશે તોએ તને દુ ખતુ જ માલમ પડશે. એકલી બેસીને વિચારો ઉપર વિચારો ના કર્યા કર. "જેઓ સદા આવા વિચારો જ કર્યા કરે છે તેઓ ભ્રમ અને વ્યાધિમા જ ડૂબેલા રહે છે.

તુ ગમે એવી શિખેલી ભણેલી હશે તોપણ કોતરી ખાધેલા વાંસ, અથવા ઉધઇએ ખાઈ નાંખેલા લાકડાના ટુકડાની પેઠે તારૂ ડહાપણ અને જ્ઞાન પોલા જ રહેવાના માટે તારી આસપાસ ભલે વિચારોનો કોટ થયો હોય, પરતુ વિચારમાં ને વિચારમા જ પૂરાઈ ને બધાઈ રહેવાની તને જરૂર નથી પરસેવો થવાથી જેમ આપણે લુગડુ કાઢી નાખીએ છીએ, તેમ તારે કરવુ જોઇએ." કહ્યુ છે કે, "શાતિ સમાન બીજુ તપ નથી સતોષ જેવુ બીજુ સુખ નથી, લોભ સમાન બીજો વ્યાધિ નથી અને દયા સમાન બીજો ધર્મ નથી"

હે મેહરા ! દુ ખ તો ઓળા જેવુ છે દરદ પવન જેવુ છે દુ.ખારો ભરતી સમાન છે ચઢે તેવા ઉતરે છે હે બ્હેન ! જીવ ઠેરવીને આ સસારની રચના જોયા કર મન ખુશ રાખીને આ ફલક ખલકનો ખ્યાલ કર ઘણુ જ દુ ખ થાય, ઘણી જ વેદના થાય, નહી ખમાય એવો પથરીનો દુ ખાવો થાય, તે વેળાએ આખ મીચીને તારા શરીરને ભૂલી જા તારો જે અણદીઠ આત્મા છે તે તરફ લક્ષ લગાડીને વિચાર કરજે કે આખમીચેલી હાલતમા તારા શરીરનાં તમામ અવયવો ગુમ થયા છે, તો પછી દર્દ કયા ભાગને થશે ?

જગત સ્વપ્ના જેવુ, પગની રજ સમાન છે જુવાની પર્વતની નદીના જેવી છે ધન છે તે વેગ સમાન છે. આયુષ્ય જળબિંદુ સરખુ ચપળ છે જીંદગી ફીણ સમાન છે એમ જાણ્યા છતા જે ધનવાળો પુરૂષ પરોપકાર કરતો નથી, તથા તે ભોગવતો નથી, જે દુ ખી સબુરી ધરતો નથી, અને જે દર્દથી અકળાય છે, તે પાછળથી પશ્ચાત્તાપ કરીને શોકરૂપી આતસ વડે બળે છે. જેને દોલત નથી તેને બળવાનુ રહેતું નથી.

સ્વાર્થે સીતારામ હય, પરમાર્થે સીતારામ;
તુલસી તેરા દુસરે દ્વાર કહા રહા હય કામ ?

જેવું દર્દ તેવા ઉપાય ઈશ્વરે યોજી રાખેલા છે. નદી પછી ઓવારા છે જ.

તાપથી પીડિત બહુ થયલો જે મોર તે તો
વૃક્ષમૂળ કેરા ઠંડા ક્યારા માહે બેસે છે,
કર્ણિકાર કેરૂં ફૂલ ફાડીને ભ્રમર પોતે
શયન કરવા કાજ તેની માહે પેસે છે,
તૃપ્ત પ્રાણી તજી દઈ, કારંડવ પક્ષી પોતે
તીર કેરી કમલિની સેવવાને જાય છે,
ક્રીડાગૃહ કેરો કીર પિંજરાની માહે બેઠો
પાણી પીવા માગતો તે મસ અકળાય છે

હે મેહરાં ! હિમ્મત રાખ કારણ, હેમક હમ્મેશાં અભાગીઓ હોતો નથી, દર્દ હમ્મેશા દુખ્યા જ કરતું નથી, અને દાનાવ કાંઈ હરદમ ફત્તેહમંદ થતો નથી તો પણ હેમક પૂરેપૂરૂં સુખ ભોગવતો નથી, અગર દર્દી પૂરેપૂરો આરામ મેળવતો નથી, અથવા દાનાવ તદ્દન ભૂખ્યો રહેતો નથી 'હિમ્મતે મરદા ને મદદે ખુદા ' હે મેહરાં ! "જ્યા જ્યા તને સગવડ લાગે ત્યા ત્યા એકાદ ખુરશી ઉપર કે બિછાના ઉપર એવી તો મીટ મારીને શાતિથી પડી રહે કે, જાણે તારી દેહનો ભાર તેં કદિએ વેઠ્યો જ ના હોય જાણે કે તારો અને શરીરનો કાંઈ જ સબધ નથી. અને એકાદ પથરો તને જેટલો જૂદો ભાસે તેટલો જ તારો દેહ પણ તને પારકો લાગે, એવી રીતે એકાદ નિર્જીવ ચીજની પેઠે થોડી વાર પડી રહે જાણી જોઇને કોઈ વિચાર અથવા ઈચ્છા

મનમા લાવતી ના તારા દેહ અથવા બીજા કશાની પણ ચિંતાથી તારા મનને છેક દૂર રાખ સર્વ વાસનાઓ અને મછાઆકાંક્ષાઓ તજી દે આવી હાલત થશે, તેનું જ નામ આરામ આવી સજ્જડ સ્થિતિ થશે તે જ તારી વિશ્રાતિ " એમ થશે, એવી ટેવ પાડશે, ત્યારે તને જણાશે કે દુ:ખાવા જેવુ કઇ જ હતું નહીં, ને છે પણ નહી અને આવી ટેવ પાડશે તો તું એમ જ કહેશે કે,

ગર ખાટ બિછાનેકા મિલી ખાટમે સોએ,
દુકામે સુલાયા તો વોહ જા હાટમે સોએ
રસ્તેમેં કહા સો, તો વોહ જા બાટમેં સોએ,
ગર ટાટ બિછાનેકા દિયા ટાટમેં સોએ
ઔર ખાલ મિછા દિ, તો ઉસી ખાલમેં ખુશ હુએ

" દુઃખ બોલનો અર્થ અને ભાવાર્થ અનેક પ્રકારમાં જૂદા જૂદા લોકો સમજે છે અને તેથી ઘણો ગુચવાડો ઉપજે છે. સાધારણ રીતે કોઈ પણ સજોગ યા બાબદ, યા ચીજ, કે જે આપણને પીડા ઉપજાવે છે, સકટમાં નાખે છે, યા કશાની ખોટમા ઉતારે છે, તો તેને આપણે દુ ખ તરીકે જાણીએ છીએ તેવું દુ'ખ આપણી વેહેવારૂ જી'દગી ગુજારવામા ખરેખરો સુધારો કરવા થકી આપણને જાગૃત કરે છે, અને ઉજમ ઉપજાવવા કામ લાગે છે દુ ખનો ભાવાર્થ જો શાસ્ત્રીય રીતે કરીએ કે દુઃખ એક જાતનુ સુખ છે, કે જેની સમજણ આપણને હજી આવી નથી, તો કુદરતમા ઈનસાન શો ભાગ ભજવે છે તેની સમજણ આપણને મળે છે, આફત અને સંકટને સમયે ધીલ-સુફીથી કેમ સધિયારો મળે છે તે શિખવામાં આવે છે, અને આપણા બીજા ભાઈબધોની આપણને રૂચે નહી તેવી ચાલચલણ

અને જીંદગી ગુજારવાની રીત તરફ મોટા દિલ, અને મોટા મને જોવાની આપણી શક્તિમા વધારો કરે છે ”

આ પૃથ્વી ઉપર કોઈએ શખ્સ દુ ખ કે ગમ વગરનો હશે નહી, ફિરીસ્તા એવા હશે, પણ આદમ જાત તો નહી હશે સુખી ગણાતાને જ ઘણાં દુ'ખ ને ગમ છે ઘણા પૈસાવાળાને ઘણી ફીકર છે ટુંકી પુજીવાળાને થોડી ફીકર હોય છે માણસોને દરિદ્રતા, રોગ, દુ ખ, બધન અને વિપત્તિ એ સર્વ પોતે કરેલા અપરાધ રૂપી ઝાડના જ ફળો છે તને તારા રોપેલા ઝાડના ફળ મીઠા જ લાગવા જોઇએ, જો કે તે હાલ તને કડવા લાગે છે માટે હવે માગેલા ફળ મળ્યા તે માટે દિલગીરી શા સારૂ કરે છે ? દિલગીરી તો એક મનુષ્યની જીદગીને ઘટાડનારો મદવાડ છે

તારૂ દરદ સારૂ થવાની તુ દઢ ઈચ્છા કર, તો જરૂર સારૂ જ થઈ જશે માણસની, અરે એક જ માણસની દઢ ઇચ્છા આગળ ઇતિહાસ ધ્રુજી ઉઠે છે આખુ જગત સુખમય કે દુ ખમય એક જ ધણીની ઈચ્છાથી થઈ શકે છે નેપોલીઅનની ઈચ્છાથી યુરોપ ધ્રુજી ઉઠયુ હતુ સીકદરની ઈચ્છાથી દુનિયા ખળભળી ઉઠી હતી ચેમ્બરલેનને મન થયુ, ને બોઅર વૉરમાં હજારો જીવડા માર્યા ગયા એકલા જર્મનીના કયસરની જન્મની ચાલુ ઇચ્છાઓથી આખી દુનિયામા ત્રાહે ત્રાહે થઈ રહ્યો છે

મન ઉપર લેવાથી નિરાશાને મારી શકાય મન ઉપર લેવાથી ગયલી વસ્તુ પણ હાથ આવે પક્ષીઓના ગુણાગુણની ઉત્તમ વિદ્યા જાણનાર અમેરિકન ચિત્રકાર પ્રખ્યાત ઓડોબોને હજારો પક્ષીઓનાં ઉત્તમ પ્રકારના ૨૦૦ ચિત્રો ચિતરી ઘણા વરસની મહેનત પછી તૈયાર કર્યાં પછી તે એ વિદ્યાની શોધ

ખોળ માટે પરદેશ ગયો, ત્યારે પેટીઓમા સારી રીતે તે ચિત્રો બધ કરી ગયો જ્યારે બા મુદતે પાછો ફર્યો, અને તે પેટીઓ ઉઘાડી, ત્યારે તેમા ઉંદરડી વીયાઈ હતી, જેના બાળગોપાળે પેલા ચિત્રોને મઈ મઈ જેવા કરડી ખાધા હતા ઉદરો ગોયા હજારો સુદર પક્ષીઓનો ભક્ષ કરી ચૂકયા હતા ઓડોબોનના ઉકળાટનો અને નાશીપાસીનો પાર રહ્યો નહી

જા દિનકા મેં જનમીયા, કભી ન પાયા સુખ,
ડારી ડારી મં ગયા, પાત પાતમેં દુખ

તેના ગરમ મીજાજ ઉપર લોઢુ તપાવ્યુ હોય તો તે પણ તપી જાય, એવો તે આકળો થઈ ગયો, કાન રાતા લોહી જેવા થઈ ગયા રાતો ને દહાડાઓ નિરાશામા દુ'ખી થઈથઈને કાઢયા. પછી નિરાશામા છેક નખાઈ ગયો, ત્યારે હાથમા બદુક પકડી, નોટબુક ને પેનસીલ લઈ, મન વળવા સારૂ જગલોમા ભટકવા લાગ્યો ત્યાંથી પાછે ફરી તે કહેવા લાગ્યો "આહા ! મે જે જે સુદર પક્ષીઓના દેખાવો હવે આ જગલમા દીઠા છે, તે એવા તો સુદર છે, કે હવેના જે ચિત્રો હું તૈયાર કરીશ, તે જ સર્વોત્તમ થઈ પડશે " તેમ જ થયુ ત્રણ વરસની મહેનત પછી તેણે જે ડ્રૉઈંગ તૈયાર કર્યાં, તે તો પેલા આગલાંને પણ વિસરાવે એવા સર્વોત્કૃષ્ટ થઈ પડયા, અને આગલા ચિત્રો નાશ પામ્યા તે સારૂ થયુ, કે તેની કીર્તિને તે કરૂપા પીકચરો ઝાખ લગાડવા સારૂ દુનિયામાં જીવતા રહેવા પામ્યાં નહી !

મેહરાં ! તુ આવી જ રીતે મન વાળ એક દુ.ખ કે એક દર્દથી ગભરાઈ નહી જતા એક બીજાનુ જોઈને જીવ ફેરવવાની ટેવ પાડ મોટુ અને મોકળુ મન રાખ પહેલા

જ દર્દ પટકાઈ ન પડ. બન્યુ તે નહી બન્યુ, એમ જોવાની ટેવ પાડ. એક જ દુ ખથી અકળાઈ ન જા. ક્ષમાવાન થા. એટલે તારાં દર્દો ને દુ:ખારાઓ સર્વ નાશ પામશે ધર્મશાસ્ત્રમા કહ્યુ છે કે, દુ.ખ સાથે પણ ઉદારતાથી વર્ત દર્દોને પણ દરગુજર કર. સંકટો તરફ પણ મોટુ દિલ બતાવ

અષહા આઅ્મત અઈરી અષહા વેરેજેને કહાયચીત હાતામ જીજિષામ વહિશ્તામ આદા ઉબોઈબ્યા અહુબ્યા.

અશોઈના માર્ગમાં, અશોઈ પાળવામા, હૈયાતી ભોગવનારાંઓમાનો જે શખ્સ બેઉ દુનિયામા સૌથી ઉત્તમ જીંદગી ગુજારવા ચહાતો હોય, તેણે ઉદાર, સુખી, મોટા દિલગુરદાનો, દરગુજર નજરે જોનાર થવુ ફલકની ફેરી ઉંધી છે, રેંટની ફેરી પણ ઉંધી છે, અને દુનિયાની ફેરી પણ ઉંધી છે ભર્યાનુ ઘર સૌ કોઈ ભરે, ને દુ ખીયાને દુ:ખ આવી મળે. રાધ્યા પછી બળતું મળે, ને રાઝ્યા પછી દળણુ દળે. સારૂં થવાની આશા રાખશે તેને પણ અધીરાઈ ખાઈ જશે અધીરાઈથી દર્દ વધારે આકરુ થાય છે વ્યાધિપ્રસગે માણસો વહેલા તદુરસ્ત થવાની જેમ જેમ અધીરાઈ કરે છે તેમ તેમ તે વ્યાધિ વધતો જ જાય છે. Hope herself ceases to be happiness when impatience accompanies her—જ્યારે આશાની સાથે અધીરાઈ આવે છે ત્યારે આશા ખુશ સુખરૂપ થતી બધ થાય છે.

માલમિલકત, વેહવાર, સુખદુ ખ, ધધો અને ધન, એ સર્વની ત્રણ સ્થિતિ થાય છે દાન, ઉપભોગ, અને નાશ જે મનુષ્ય આ સર્વનુ દાન કરતો નથી, તેમ તેનો ઉપભોગે કરતો નથી, તેની ત્રીજી સ્થિતિ એટલે નાશ થાય છે ચઢે તે પડવાને માટે ફુલે તે ફાટવાને માટે ઉગે તે અસ્ત થવા માટે. ખિલે તે

કરમાવાને માટે. જન્મે તે મરવાને માટે. પાકે તે કોહોવાને માટે. હસે તે રડવાને માટે.

મેહરાં ! કહ્યુ છે, કે જે દહાડે મરઘાના પગ ધોવામા આવે છે તે જ દહાડો મરઘાને માટે નઠારો છે. કેમકે તેને કાપવા અગાઉ તેના પગ ધોવામા આવે છે માટે હે બ્હેન ! જે દહાડે ઘણી જ ખુશાલી હોય ત્યારે પણ પાછળથી આવનારી ગમખ્વારીનો વિચાર કરીને જ હદ બહાર હસતા અટકજે શરીરશક્તિ, મનૂશક્તિ, અગર પૈસાનુ બળ જેટલું તારામાં જોઇએ એટલું છે તેને માટે હરખાતી ના પણ તે પરમાર્થમાં વાપર્યું, અને જીવ સાથે ભોગવ્યુ ત્યારે જ તે બળ ને સગ્રહ ખરાં જાણજે.

મૅન્ચેસ્ટરના એક કગાળ કારખાનાવાળાએ કરોડો રૂપિયાની દોલત ભેગી કરી, ને મરતી વખતે તેને હાયવરાળ લાગવાથી તે દોલત પોતાની પથારી આગળ ભેગી કરાવી, શિક્ષના ઢગલામાંથી મુઠીઓ ભરી ખણખણાટ કરતી ઉછળાવ્યા કરાવી, પૈસાનો રાગ પોતાના કાનને ખુશ લાગે એવી રીતે ખખડાવ્યાં કરાવી. પરતુ પોતાને બારણે આવતા એક ભિખારી કરતા પણ નપેતર હાલતે તે હવે મરે છે, એવા ભારે સતાપથી તેણે પ્રાણ છોડયો. તેના દિલમાં એ જ પેશી ગયુ હતું, કે આ દોલત મારા ફ્રરજદો અને મારા કુટુંબીઓને સુખ આપવાને હુ વાપરીશ. પરંતુ તેણે હાથેથી ઉંચકીને કોઈ દહાડો કોઇને એક પેની સરખી પણ આપેલી ન હોવાથી તેના મરણખાટલા આગળ, તેણે માંદગી ભોગવી ત્યારથી તે પ્રાણ ગયો ત્યા સુધી, માત્ર એક નોકર શિવાય તેણે કોઇને પણ પથારી આગળ ઉભું રહેલું દીઠું નહી !

સગપણ સાચુ શાનુ ભાઈ ! શુ માયાને વળગુ રે,
ગરજા ગરજે સઉ મળ્યુ છે, અતે રહેશે અળગુ રે   સગપણ
ઉંચા ઉચા મહેલ બનાવી, ફુલ્યા ફુલ્યા ફરવુ રે,
એ મદિરમા કોણ મહાલશે, તારે તો છે મરવુ રે   સગપણ.
ખચકે બાધ્યા વસ્ત્ર ને વાગા, ઘણુ ઘરેણુ ગરવુ રે,
પટોળા તારા કોણ પહેરશે ! તારે તો છે મરવુ રે   સગપણ
ઘોડા હાથી માલ ખજાના, સુખપાલમા ફરવુ રે,
એમા જાણો કોણ મહાલશે, તારે તો તે મરવુ રે   સગપણ

દિલાસા પત્ર ૭૯ મો

" He that is of a merry heart hath a continual feast.
Better is little with the fear of the Lord,
Than great treasure, and trouble therewith
Better is a dinner of herbs where love is,
Than a stalled ox and hatred therewith "

"જેના હૃદયમા આનદ છે તેને હમ્મેશાની ઉજાણી જ છે આફત સાથના મોટા ખજાના કરતા, પ્રભુના ડર સાથે થોડુ ધન હોય તો પણ તે વધારે સારૂં છે ધિક્કાર સાથના હૃષ્ટપુષ્ટ કરેલા બળદના કરતાં જયા સ્નેહ હોય ત્યાનુ વનસ્પતિનુ ભોજન પણ વધારે સારૂ છે"

અરે ગોવિંદ ! સુકી રોટી ખાજે, પણ તારા ઘરમા સર્વ એકેક સાથે ભાઇબધી ધરાવનારા અને અખડ પ્યાર રાખનારા રહે તેની તુ ખુબ સભાળ લેજે ઘરના સુખ જેવુ બીજુ એકે

સુખ નથી, ને ઘરના દુઃખ જેવુ બીજુ એકેય દુઃખ નથી જે ઘર વગર ભાઈબંધીનુ અને વગર સંપનુ હોય તે ઘર એક મહેલ કાં ન હોય, તો પણ તેને "ઘર" નામ આપવુ વાજબી નથી જેવી જીવ વગરની કાયા, તેવુ પ્યાર વગરનુ ઘર છે જ્યા સંતોષ ને સંપ નથી તે તો કબ્રસ્તાન છે ગમે એવો તું તારા થકવી નાખનારા ધંધામા બહાર દેશાવર હાડમાર થતો હશે, તારા ઉદરપોષાણ માટે તને હજારો માઇલની સફર દુઃખે-પાપે કરવી પડતી હશે, પણ તારા ખરા સુખનુ ઠેકાણું, જ્યા દુનિયાનો છેડો આવેલો છે, તે તો તારૂ સંપીલુ, સંતોષી, ને પ્રેમવાળુ ઘર છે માટે ઘરના દુઃખે દુઃખી મા થતો

ગોવિંદ ! તારા વહાલાઓને સુખી કરવાની તારી સાથે તુ તારી ફરજ લાવ્યો છે ફિરીસ્તાઓ પણ બીજાઓને સુખ આપવાની ફરજ શિવાય બીજુ શુ ધરાવે છે? આપણુ ઘર, આપણી બાયડી, આપણા છોકરા, ગમે એવા સંતાપતા હોય તોપણ આસ્તે આસ્તે આપણે ટેવાઈ ગયાથી તે જ ઘર ગમે છે આપણી આસપાસના સંજોગો સાથે આપણે જેમ જેમ બંધબેસતા થઈએ છીએ, તેમ તેમ તે ગમે એવા દુઃખી સંજોગો સાથે પણ આપણે ટેવાઈ જઈએ છીએ એક ફ્રેન્ચ ફીલસુફ પોતાના માણસોને કહેતો હતો કે, ભાઈઓ ! જે નડતલકારક જૂનો થાંભલો છે, તેને તોડી ના પાડો, કેમકે તેનાથી હું ટેવાઇ ગયલો હોવાથી મને તેની હરકત થવાને બદલે રાહત થાય છે એક ગમે એવી કંગાળ બાબત કે કચવાટ ઉપજાવનારી વસ્તુ સાથે આપણા મનની લહેર લાગી જાય છે, તો તે આપણને પ્રિય લાગે છે ટેવાઈ ગયાને લીધે તે પીડાથી છૂટા પડતાં પણ આપણને દુઃખ લાગે છે. તમે જોશો, કે ઘરડા લોકો ગમે એવી નડતલકારક કે હાનિકર્તા વસ્તુ પણ

ઘરની બહાર કાઢી નાખતાં નથી. તેમને પોતાની જુની ચીજોનો લખ લાગે છે. તે જ કારણે તેઓનો આ દુ ખી દુનિયા ઉપર પણ પ્યાર બાઝી રહે છે ગમે એવા માઠા સજોગો વચ્ચે પણ તેઓ જીદગીની દોરી લબાયલી રાખવા ઇચ્છે છે તેઓને આ દુનિયામા મોજમજાહ મળે છે એ કારણથી કાંઈ તેઓ જીવવા માગતાં નથી, પણ લાબા વખતથી આ જગત સાથે તેઓ ટેવાયલાં હોવાથી જ દુ ખી કે સુખી અવસ્થાને છોડી જવાનુ તેમને ગમતું નથી

ગોલ્ડસ્મીથે એક બનાવ વર્ણવ્યો છે કે, જ્યારે ચીનના તખ્ત ઉપર પાક પાદશાહ ચીનવાંગ આવ્યો ત્યારે તેણે એવો એવો શુદ્ધ હુકમ બહાર પાડયો કે, આખા ચીનમા જે જે લોકોને આગલા પાદશાહના વખતમા અન્યાય અને ગેરઇનસાફથી બદીખાને નાખવામા આવ્યા હોય તે સર્વ કેદીઓને એકદમ છૂટા કરવા બધા બદીવાનો હસીખુશીને તુરગને પગે લાગી ઘરેબારે જઈ બચ્ચાંછોકરાને મળ્યા, પરતુ એક દબદબાભરેલો, ઘરડો ખખ થઈ ગયલો ડોસો શહેનશાહ આગળ આવી પગે પડીને બોલ્યો "ચીનના મોટા બાપ! મારા જેવા ૮૫ વરસના કગાળ ડોસા તરફ જરા નજર કર, કે જેને ૨૨ વરસની ઉમરે કારાગૃહમાં પૂરવામાં આવ્યો હતો મને વગર વાકે કાંઈ પણ દલીલ સાભળ્યા વગર અધારા ભોંય-રામા નાખવામા આવ્યો હતો. મેં ૬૩ વરસ એક જ જગ્યાએ અધારી કોટડીમા પસાર કર્યા છે. અને ત્યાંની પીડાકારીઓથી હુ ટેવાઈ ગયો છુ તેં કૃપાવંત થઈ મને છૂટો કર્યો તે પછી હુ મોહોલ્લે મોહોલ્લે ફર્યો, અને મારા કોઈ સગાંવાહાલા કે દોસ્ત આસ-નાઓની મદદ મેળવવા ઢુઢ્યો, પણ કોઈ મારા મિત્રો પણ

રહ્યા નથી, સૌ સગાંવાહાલા પણ મરી પરવાર્યાં છે. હવે હું એકલો રહી ગયો છુ. માટે હે બદેનવાજ! **મને મારી પ્યારી અધારી કોટડીમાં પાછી જઈ રહેવાની પરવાનગી આપ! તારા આ મહેલ કરતાં પણ તે ભોંયરાની દિવાલો મને બહુ રમણીય લાગે છે.** હવે જીવી-જીવીને હું કેટલુ જીવવાનો? અને મારા બદીખાના વગર હું વહેલો મરી જઈશ માટે મારા બાકી રહેલા દહાડા મને તે આરામગાહમા જ પૂરા કરવાની રજા ફરમાવ ”

આ ઘરડા ડોસાના અધારા ભોયરા ઉપર લાગેલા પ્રેમના જેવો જ આપણુ સર્વ મનુષ્યોનો આ દુનિયા ઉપર, આપણા ઘરસસાર ઉપર પ્યાર લાગ્યો છે આ સસારના નજીસ કેદ-ખાનામા જ આપણને ઘણુ સોહવાઈ રહ્યુ છે, અને બીજી દુનિયાના ગમે એવા સુખોના વર્ણનોને હસી કાઢી આપણે ખુદાઈ સુખને માનતા નથી. આ કગાલ જગ્યાથી કટાળી જવા છતા એની મહોબતમા ટેવાઈ ગયલા હોવાથી આ લાબુ કેદખાનુ હજી વધારે લબાય એવુ આપણે દરેક જણ ઇચ્છીએ છીએ તારૂં ઘર ગમે એટલુ કગાળ હોય, શરદીવાળુ, ને અધારામા પડેલુ હોય તો પણ, તારા પ્રેમવાળા ઘરમા જેમ જેમ તારી મુશ્કેલીઓ વધતી જશે તેમ તેમ તેના પરિણામ તને મીઠા જ લાગશે. જીંદગીના ઉત્તમ આશિર્વાદોનુ મધ્યબિદુ તે તારૂ ઘર છે રાજાઓના મહેલો કે સુદરમા સુદર તાજમહાલો કરતા તારા ઘરમાં જે જાતનુ સુખ મળે તે જાતનુ બીજે કોઈ ઠેકાણે તને સુખ મળવાનુ નથી

ગોવિંદ! યાદ રાખજે, કે જે ઘરનો સુખી છે તે દુનિયાનો સુખી છે સુખ એક જાતનુ એવું ફળ છે, કે જે જો

આપણા પોતાના ઘરમા પાકતુ ન હોય, તો પારકાના બાગોમા તે કહિએ મળતુ નથી ઘર જ શાતિનુ સ્થળ છે ઘરવાળી ગમે તો કરૂપી હોય, ગમે તો તામસી હોય, ગમે તેવી હોય, પરતુ તેને જ પગલે અને તેને જ નસીબે તું કા નહી સફળ ઉતરતો હોય ? ઘરધણીઆણીના સતાપ અને દુઃખ, એક બે કરીને શા માટે ગણ્યા કરે છે ? નૅપોલીયનની સ્ત્રી જોસેફૈનને પેટે પુત્ર પ્રાપ્તિ નહી થવાના એકલા કારણથી જ તેને તલાક આપી તેણે પોતાનો સસાર ધૂળ મેળવ્યો હતો અને આસ્ટ્રિયાના રાજાની દીકરી મેરાયા લુઈસા સાથે ધામધુમથી ફરી લગ્ન કર્યા જોસેફૈનને છોકરા તો ન થયા, પણ તેને સબકતે પગલે નૅપોલીયનનુ નામ આશકારા થઈ સઘળે ફત્તેહ મળી હતી, તે સબકત પગલુ પણ ગયુ, ને બીજીને હોસથી ઘરમા લાવ્યો ત્યારથી તેની પડતી થવા લાગી કહે છે, કે બાયડીને પગલે જશ કે અપજશ લખેલા હોય છે માટે ઘરમા મળતા કડવા અનુભવથી દુ ખી ના થા ભારે મહેનત, મસાગત કે મજુરી કાઈ તને સકટ આપવાની નથી, મગર અશાતિ અને અન્યાય તને મુશ્કેલી બતાવે છે. તારી બાયડી સાથે વાકો ચાલીને તારા ઘરને નિદાવા દેતો ના, પણ તારૂ સપીલુ ઘર જોઈ કોઈ બળીને નિદા ચલાવે તો તેની ઘણી ચુનોચેરા પણ કરતો ના

જેમ ઉંદર ઢાકણાને પાડી શકે છે, પણ પાછુ ઢાકી શકતો નથી, તે જ રીતે હલકા આદમીથી પોતાનુ કે પારકાનુ ભૂડું સહેજે થઈ શકે છે, પણ પાછુ તે ભલાઈના ઢાંકણથી ઢકાઈ શકાતું નથી માટે એક વાર તારૂ ઘર ભાગવાની નિંદા તેણે કરી તો તારે ફોકટની હાયઅફસોસ કરવી નહી, કેમકે હવે તે નિંદા ઢાકવાનુ તે બદમાશના હાથમા નથી લોક તો ગમે તેમ બોલે. અવળુએ બોલે, ને સવળુએ બોલે તુ તારો સસાર ચલાવ્યો જા.

એક પ્રખ્યાત ચિતારાએ પોતાનુ એક ઘણુ જ સુંદર ચિત્ર તૈયાર કરી લોકોનો અભિપ્રાય જાણવાને સારૂ પોતાની દુકાન આગળ લટકાવ્યુ તેની નીચે એટલુ જ લખ્યુ કે, “ એ ચિત્રમા જયા જ્યાં છિદ્ર, ખોડ, કે ખામી જણાય ત્યા ત્યાં આ બ્રસ વડે **ખાંપણ હોય તે બતાવવી !”** રસ્તે ચાલતા જે કોઈ આવ્યો, તેમા કોઈને ચિત્રના ગાલ નહી ગમ્યા કોઈએ આખ ઉપર છેકો માર્યો. કોઈએ નાક ઉપર લીટો તાણ્યો એમ કરતા સાજે તે ચિત્રકાર પોતાનુ માનીતુ ચિત્ર જોવા જાય છે, તો ભૂલચૂક અને ખામીઓ બતાવનારા લિસોટાથી તમામ ચિત્ર લીપાઈ રહેલુ દીઠુ અજબ થયો બીજે દહાડે તે જ ચિત્ર સાફ કરીને તેણે દુકાન આગળ ટાગ્યુ, અને એવો લેખ તેની નીચે લખ્યો, કે “ ચિત્રમા જે જે **ઉમદા ખુબી હોય તે બતાવવી. !** જે જે ભાગ ખૂબસુરત અને સુદર હોય તેના ઉપર નિશાની કરવાની સર્વ જોનારાઓને છૂટ છે ” કોઈને કાન બરાબર લાગ્યા, કોઈને મોઢુ સુદર લાગ્યુ, ને કોઈને હાથપગ ખૂબસુરત જણાયા સાજે જુએ છે તો પાછુ તે જ ચિત્ર સુદરતાના લીટાઓથી લીંપાઈ ગયલુ ચિતારાને જણાયુ તે ખાત્રી કરીને બોલ્યો —“ હવે જ મારી બરાબર ખાત્રી થઇ, કે અર્ધી દુનિયાને રાજી રાખવી હોય, તો બાકીની અર્ધી દુનિયા શુ બોલે છે, શો મત આપે છે, તેના ઉપર જરાએ ધ્યાન નહી આપવુ. કેમકે જે અર્ધી લોકોની નજરમા કસુરો અને ખોડખાપણ જણાઈ, તે બીજા અર્ધા ભાગની આખે સુદરતા અને ખુબસુરતી દેખાઈ ! બધાને જ રાજી રાખી શકાય એ કામ તો ઈશ્વરથી પણ થઈ શકતું નથી ”

માટે હે ભાઈ! લોકોના બોલવા ઉપર તુ તારૂ ઘર બગાડતો ના તારા ઘરને દુખી કરવાને તારી વિચારની

તગાશ, દૂરંદેશી, અને તારો જ કકકો ખરો કરાવવાની તારી ટેવ આભારી રહેશે, નહી કે તારૂં જીગર આપણાં વહાલાને ચહાવાં એટલુ જ કાંઈ બસ નથી, પણ તે ચાહ છેક ઊંડો ઉતરેલો તેઓને પ્રત્યક્ષ અનુભવાવવો જોઇએ. આપણા-માંના ઘણાઓ વગર વિચારથી, અજાણપણે, અને ખરૂ ખોટુ પારખવાના જ્ઞાન વગર, જેઓને આપણે ઘણા ચાહતા હોઇએ, જેઓને મદદ કરવાને તત્પર હોઈએ, તેઓના જ જીગર કડવા વર્તનથી ફાડી નાંખીએ છીએ ઘણી વાર એક જ ઘરમા રહેવા છતા બહેનો અને ભાઈઓ જાણે જૂદા જૂદા ટાપુઓમાં વસતાં હોય તેમ અકેક સાથે બોલતાચાલતા નથી, અને બહારના દેખાવે તે ઘર સપીલુ ગણાય છે, પણ તે જૂદા પડેલા કુટુબો જેવા જ છે કજીયાકંકાસવાળા ઘર કરતા સૂકો રોટલો, અને તેનાથી મળતી શાતિ બહેતર છે તારૂં ઘર સુખી રાખવુ હોય તો જે ચીજ તુ જોવાની દરકાર કરતો ન હોય તે ચીજ તરફ અખાડા કરીને આધળો થઈ જજે, ને જે વાત સાભળવાની તુ કાળજી રાખતો ન હોય તે વાત સાભળવાને તું બહેરો બનજે. તારી સ્ત્રી આગ થાય તો તું પાણી થઈ જજે. સ્ત્રી વઢવાઢ કર્યા કરે, ને તુ નરમાશ પકડયા કરે, તો યાદ રાખજે કે છેવટ તે તારા જેવી નમ્ર થઈ જશે, કેમકે લીસુ દોરડુ વિશાળ શઢને સહેલાઈથી પોતાની તરફ ખેચે છે.

ઝૅન્થીપે જે સૉક્રેટીસ જેવા શાત ફીલસુફની બાયડી હતી, તે ઘણી જાહેલ ને ચિરડાઉ સ્વભાવની કર્કશા સ્ત્રી હતી. પણ સૉક્રેટીસ તેની સાથે હમ્મેશાં નરમાશ અને ખુશમિજા-જથી વર્તતો હોવાથી, તે સ્ત્રી પણ પાછળથી એવી શાત પ્રકૃ-તિની થઈ ગઈ, કે જ્યારે તેના ધણીને બદીખાને નાંખ્યો, ત્યારે

પૂરતા પ્રેમ અને સપૂર્ણ દિલસોજ લાગણીથી તે પોતાના કેદી ધણીનુ સાત્વન કરતી હતી. લાખો રૂપિયાની દોલત, સપૂર્ણ તદુરસ્તી, અને જેટલી જોઈએ એટલી આબરૂ ઈજ્જત હો, પણ જેને ઘરનુ સુખ હોતુ નથી, તેના જેવો દુ ખીયારો ભાગ્યે જ બીજો કોઈ હશે પોતાના વતનમા અને પોતાના ઘરમા જ માણુસને શાંતિનુ સ્થળ છે માટે જેને ઘરનુ દુ ખ છે તેને કુલ જહાનનુ દુ ખ છે " સુકો રોટલો મળજો, પણ ઘરનું સુખ મળજો " "પીઠે પાઠુ ને કજગે ચાઠુ પડજો, પણ ઘરનુ સુખ મળજો "

ઘરનો દુ ખી બાયરન કેવો દુ ખી હતો ! તેની બુદ્ધિ, તેની કુશળતા, અને તેની સરસ્વતી કમાલ હતી તે પોતાના બુદ્ધિબળથી પોતાનુ ઘર જેવુ રળિયામણું બનાવી શકત, તેવુ આખી દુનિયામા મનહર ઘર કોઈનુ થાત નહી પરતુ તેની યુવાવસ્થામા તેને ઘરનુ સુખ ન મળવાથી અને સાસારિક વિટબણા તથા ઘરમા જ દુષ્ટ દેખાવો જોઈ તે એટલો તો અસતોષી બની ગયો હતો, કે મદમા મસ્તાન બની જવામા જ તેણે સુખ માની લીધુ, અનીતિમા ઝપલાવ્યુ, અને આ જહાનમાંથી એવી તો રીતે કૂચ કરી ગયો, કે જેમ એક આગીઓ પૂછડીઓ તારો એકદમ આ દુનિયાને જરા વાર દેખાઈને ગુમ થઈ જાય છે, તેમ એ પ્રકાશિત તારો પોતાનો પ્રકાશ મૂકી ગયા વગર ગુમ થઈ ગયો.

હે ગોવિદ ! ઘરસસારમા દુઃખો ને સકટો તો સામટાં જ આવે છે, માટે મુઝાઇશ મા. તું જાણે છે જ, કે એક તો રામને વનવાસ જવુ પડ્યુ, તેમા વળી અધુરામા પૂરૂં ભાગ્યની ગતિથી સુવર્ણનો મૃગ આવ્યાને લીધે સતી સીતાનો વિજોગ પડ્યો. દુર્ભાગ્યની દશાથી નળ રાજાને સકટના ભોગ

થવુ પડ્યુ, તેમા વળી દમયતી ઉપર ભ્રાતિ ઉપજી ! પાડવોને કમનશીબે બેહાલ કર્યા છતા ઉપરથી વળી દ્રૌપદી ઉપર કૈચા-કિચકના કૃત્યનુ સકટ આવી લાગ્યુ. માટે હે ગોવિદ ! દેશ કે વિદેશમા ભાગ્ય તો બે ડગલા આગળનુ આગળ સમજવુ એટલા વાસ્તે ઘરના દુ ખના જરા જરાના સતાપમા કુવા-હવાડા કરવા નીકળવુ, એ તો બેઅકલીનુ કામ છે "કાદવના ચૂલા તો બધે હોય"

હે ગોવિદ ! કરશીઅસ, સ્કૅવોલા, કૅટો, અથવા કૉદ્રસ એ લોકો ઘરસસારની જરા જેટલી મુશ્કેલીમા આપઘાત કરવા બહુ રાજી થયા, તેઓને આપણે ચહાતા નથી, પણ જૉબ કે જે દુ ખોનુ પુતળુ હોવા છતાં છાતી કાઢી જીવવા માગતો હતો તેને વખાણીએ છીએ રણધીરા તે કાઈ રજપૂતો જ નહી તુ તારા ઘરના પાણીપતના મેદાનમા જિત મેળવશે તો તુ પૃથુરાજ ચૌહાણ કરતા ચઢીયાતો કહેવાશે. તું જો તારા કુટુબ મધ્યેની વૉટરલુની લડાઈ મારવામા ફત્તેહ પામશે તો તુ જ વૅલીગ્ટન છે તારા સસારમા નડતા હફતેખાનો તોડીને તુ જો સહીસલા-મત ભવસાગર તરી જશે, તો તારી લડાઈનુ મૅરેથૉનનુ મેદાને જગ તારૂ ઘર જ છે તેમા બાઈબહેનો ને ભાઈ-ભાંડુઓ સાથના ઝઘડા અને બેબનાવોને તુ જિતશે, ને આખા કુટુબમાં સુલેહ પાથરીને રણધીરો થઈ જિત મેળવશે તો તારી આગળ નૅપોલીયન કે જર્મન કયસર કાંઈ વિસાત ધરાવતા નથી

આપણી ગરીબની ઝુપડી ભલી તેમાં જ સુખ છે. તાલેવતની હવેલી મેળવવામાં સુખ નથી માટે ગરીબ સસા-રમાં સતોષ પકડજે સસારની ગરીબાઈનો તું સતાપ કરીશ

મા પૈસાદારો અને પાદશાહો, ઉમરાવો ને શેઠિયા લોકો જો હજારો હાથ લઈને પણ આપણા કરતા બેવડુ ખાતા હોય, આપણા કરતા ઘણા પુત્રોના બાપ થતા હોય, તો આપણને તેમની અદેખાઈ લાગવી જોઈએ, અને તેમના જેવા થવા આપણે તલપાપડ થવુ જોઈએ આપણુને પથરીનુ મહા વિકરાળ દર્દ થાય, ને તેમને કદિ સળેખમે ન થતુ હોય, તો આપણે તેમની ઈર્ષા કરી તેમના જેવા થવા માગીએ પણ ઘણા દરદો એવાં છે, કે જે ગરીબ લોકો તો જાણુતાએ નથી શ્રીમતોને ઘેર કેવા કેવા ભાતભાતના દર્દો પેદા થાય છે, તેને ગરીબોની તો બલાએ જાણુતી નથી ગરીબોના દર્દ કરતા શ્રીમતોના દર્દ પણ જૂદી જાતના ને શ્રીમત દર્દો હોય છે, ને તેઓ જ વહેલા મરે છે તેઓ ગાડીઘોડે ફરે છે, વાડીવતર મોજ મારતા જણાય છે ખરા, પણ જીવ તો તેમના જ જાણે છે તેમનુ જ મન જાણે છે, કે અત.કરણુમા શુ શુ થઈ જાય છે, તેઓ જ પુત્ર વગરના નાવારસ રહેવા પામે છે ત્યારે હે ગોવિંદ! તેમની દયા ખા, અદેખાઈ ન કર તેમના બહારના સુખો દેખી તારા જીવને અમસ્થો ન સતાપ તેમનુ ૧૦૦ પકવાન્ને પેટ ધરાતુ નથી, ને તને તો સૂકો રોટલો બહુ લિજ્જત આપે છે તેઓ તો તાજા ધાન્યને બદલે પોપડા ખાવા માગે છે. સારી રોટલીને બદલે બળેલી રોટલી ખાવા માગે છે તારી બાયડી ગમે એવી કુવડ હોય, ગમે એવી બદસુરત હોય, તોએ તેનાથી જ લઈ ચલાવજે તેની સાથે તો વધારે બોલચાલ રાખજે ડૉ૦ ફુલર કહે છે તેમ "Many times their souls have been the chapels of sanctity whose bodies have been the spitals of deformity ઘણી વખતે જેમના શરીરો કદરૂપતાના દવાખાના હોય છે તેમના આત્માઓ પવિત્રતાના દેવળો હોય છે"

જો તારા ઘરમા અવર આવતી અટકાવવી હોય, જો તારા કુટુંબમા પાયમાલી થતી અટકાવવી હોય, જો તારા ઘરમાં દુ ખ-દર્દની પધરામણીને નિવારવી હોય, તો પોતાની ઓરતને નિવારીને કહિએ પારકી ઓરતના ફાંદામાં પડતો ના પરસ્રીના મોહમા જેટલા દુ.ખો, સકટો, ને વિપત્તિઓ સમાયલી છે તેટલી સેતાનના ઘરમા પણ હોતી નથી

પરનાર લપટ નહી થઇએ, એ તો પાપ મૂળ નિજ નાશ ન કરીએ –પર૦
પુણ્ય હરણ કરી જીદગી ઘટાડે, એ માટે તે થકી ડરીએ
માની અરજ એ સમજ જરા લો, પ્રિય પતિ આ વેળાએ,
નિજ નાશ ન કરીએ —પર૦

યાદ રાખજે ગોવિંદ ! કે ઘરની ન્યામત મૂકી પરઘરનુ એઠુ ખાવામા ઘણા ફોફૈયા ઉઠે છે, પછી ભલે પરસ્રી ખુબસુરત કા ન હોય ખચિત જાણજે કે, ખુબસુરતી તો એક પીડા જ છે ઈરાનના પાદશાહ ખુશરો પરવેઝની રાણી થવાને એક સાધારણ બાનુ શીરીન જો કે ભાગ્યશાળી થઈ હતી, તોપણ ફરહાદ જેવા બીજા આશકના મોહમા જેમ દુ ખી હતી, તેમ વળી ખુશરો ઉપર આવી પડેલી પડતી દશામા પણ તે ભારે દુ ખી થઈ પડી હતી તેની ખુબસુરતીના દુશ્મનો ઘણા થયા હતા ખુશરો પરવેઝના રૂમી દુશ્મનોએ તેના મહેલો તારાજ કર્યા રૂમી શહેનશાહ હીરૅકલીસના હુકમથી શીરી નખુશરોનાસુખી જોડાને કેદ કરી અનેક દુ ખો પાડવામા આવ્યા હતાં કહેવું તો નહી જોઈએ, પણ જયારે પોતાની સ્રીની ખુબસુરતીથી તેના ધણીને આટલી આટલી વેળા વિપત્તિ નડી, ત્યારે તો પરાઈ ખુબસુરતી કેટલી બધી પીડાકારીને જન્મ આપનારી હશે, તેનો ખ્યાલ કર.

ન ખોલતે કભુ દરવાજા, હમ અટુકે લીયે,
મગર ખફા ન હોતા, તેરે ડરસે ખોલ દીયા

ઇચ્છન્નકુમારી જેવી ખુબસુરત સ્ત્રીને લીધે તેના પતિ પૃથિવરાજે ઘણી આફતો સહન કરી હતી, એટલુ જ નહી, પણ તેણે પોતે પણ પોતાની ખુબસુરતીથી જ દુ ખના દહાડા દીઠા હતા એવા એવા ઘાયલ થયલા ધણીઓ માટે ઈચ્છન્નકુમારીનુ દૃષ્ટાંત દુ ખોમા દિલાસો લેવાને ઉત્તમ છે તે મહાન રાજપતિની રાણી છતા પુત્રી ઉષાવતીના મરણ ખાટલા આગળ દુખભેર સેવા કરતી હતી પોતાની પુત્રીના મરણથી તે પોતે જ ચિતા સળગાવવા લઈ જઈ ઉભી હતી ! પતિ પૃથ્વીરાજ શાહબુદ્દીનના હાથ ઉપર ઘાયલ થઈ પડી કેદી બન્યો હતો, અને ભલા ભલા રાજકુટુબીઓ તે જ વખતે માર્યા ગયાની ખબરો સાભળવા છતા, અતે શાહબુદ્દીનના લશ્કર સાથે જોસભેર તે લડાઈમા ઉતરી ઘાયલ થઈ, અને અનેક વિપત્તિઓ વેઠી તેણે ધૈર્ય રાખી સઘળા દુ ખ સહન કર્યા, જેની જગતમા તે નામના કરી ગઈ, ઘર શોભાવી ગઈ, અને દાખલો મૂકી ગઈ સસાર વિષે કહ્યુ છે કે,

“ કયારેક ઘરમા રહીએ અને કયારેક વનમા રહેવુ પડે, કયારેક આશા પૂર્ણ થાય અને કયારેક નિરાશ થઇએ, તે બધુ કર્મના જોગથી સહન કરવુ, પણ પરમેશ્વર જેમ રાખે તેમ ખુશીમા રહેવુ કયારેક મિષ્ટાન્ન ખાઈને અને કયારેક લુખુસૂકુ ખાઈને રહેવુ, કયારેક દ્રવ્ય પામીને અને કયારેક તે ખોઈને મનમા હરખ કે શોક કાઈ રાખવો નહી, પણ પ્રભુ જેમ રાખે તેમ ખુશીમાં રહેવુ કયારેક પગે ચાલીને પથે જવુ પડે અને કયારેક વિમાન જેવુ વાહન મળે ! વળી કોઈ વખતે દાન દઇએ,

અને કોઈ વખતે લઇએ, પ્રભુ જેવી રીતે રાખે તેવી રીતે ખુશીમા રહેવુ કોઈ વખતે મોટા રાજાઓ માન આપે અને કયારેક તે જ રાજા કોપીને ઘર લુટી લે, તોપણ મનમા સુખચેન રાખવુ અને પ્રભુ જેમ રાખે તેમ ખુશીમા રહેવુ કયારેક સજોગી થઇએ અને કયારેક વિજોગી થઇએ, કયારેક નિરોગી હોઇએ અને કયારેક રોગી હોઈએ, તોપણ બીકણુ બનીને મોઢેથી નગરા વચન બોલીએ નહી, પણ પ્રભુ જેમ રાખે તેમ ખુશીમા રહેવુ કોઈ વખત વિવાહના ઉત્સાહનો દિવસ આવે અને કોઇ વખતે વિધાતા શોકનો દરિયો બનાવે, તોપણ રોઇને આખેથી આસુ પાડીએ નહી, પણ પ્રભુ જેમ રાખે તેમ ખુશીમા રહેવુ કયારેક આપણે રાજા થઇને રાજ્ય કરીએ, અને કયારેક નીચ માણુસની નોકરી ચાહીને લઇએ, પણ તે સ્થિતિ સારી છે કે ખોટી છે એમ કાંઈ કહેવુ નહી, પણ પ્રભુ જેમ રાખે તેમ ખુશીમા રહેવુ કોઈ વખતે હાથણી ફુલની માળા આપણા ગળામા નાખે અને કોઈ વખતે શત્રુ આવીને હથિઆરથી મારે, તો પણ ધીરજવાન પુરૂષ ધીરજ ધરી કાઈ ધોકો કે દિલગીરી રાખે નહી, પણ પ્રભુ જેમ રાખે તેમ ખુશીમા રહેવુ ”

હે ગોવિંદરાવ ! મુઝાવુ શા સારૂ ? અલબત્ત, તારા ઘરમા તુ વડો છે છતા તારે દુ ખ થતુ અટકાવવા સર્વેથી નાના થઇને ચલાવવુ પડશે મોટા છે, તેમનુ પણ મોટુ કામ વખતે નાનાને હાથે થાય છે એટલા માટે જે આપણી સત્તામાં છે, તે ઉપર સ્નેહે કરીને કૃપા જ રાખવી નાનાને હાથે પણ ઉપકાર થઈ શકે છે વૈભવ છે તે સર્વદા સરખો ચાલતો નથી એ વાત જો ખરી છે, તો પછી આપણે સર્વ સબધીઓ સાથે સારે ભાવે કા ન ચાલીએ ?

ગોવિંદ ! ચાલતી વખતમા જો આપણે લોકો ઉપર ઉપકાર કરી મૂક્યો હોય, તો લોક પણ આપણી પડતી વેળાએ કામમા આવે સઘળા ન આવે, પણ તેમાનો કોઈ એકાદો પણ ગુણ જાણનારો નીકળે જ, જે એકની સહાયતાથી આપણા સર્વ સકટ ભાગે

ગોવિદ ! ફરીથી કહુ છુ, કે તારો સસાર ચલાવતા બદમાશોથી ડરીને જ ચાલજે મુજીઓને પહેલો નમતો રહેજે દુષ્ટોને છછેડીશ નહી શુભેચ્છક હશે તે તો મોડુ વહેલુ સમજી લેશે

दुर्जन प्रथम वन्दे सज्जनं तदनतर ॥

मुखप्रक्षालनात् पूर्वं गुदाप्रक्षालन यथा ॥

હુ તો સસારી છુ, માટે દુર્જનને પહેલા નમસ્કાર કરૂ છુ, અને સજ્જનને તો ત્યાર પછી નમુ છુ જેવી રીતે સવારમા મોઢુ ધોવા પહેલા ગુદા ધોવી પડે છે, તે પ્રમાણે હુ ભૂડાઓને પહેલેથી જ નમેલો ચાલુ છુ, તેમ તુ પણ કર વળી તેવા બદમાણસોને પણ શેરને માથે સવાશેર મળે છે કુટુબકબીલાવાળા ગૃહસ્થની અદેખાઈ કરનારા કોણ હોય ? જેઓ લુચ્ચા, લફગા, છડા, ફ્તૈયા અને એકલડોકલ નફ્ફરા હોય, જેઓ જોરૂ કે લરકી, બેટા કે બેટીયા કશુ જાણતા જ ન હોય એવા લહેરી લાલો જ ઘર રાખનારની બદગોઈ, નિદા, અને અદાવત કરે છે તેઓ તો એમ જ કહે છે કે,

સુનો મેરે યારો, ય્હે છયલકા કહના, અકેલે રહના,
બડા મજેદાર—સુનો૦

જજાલ હયે જોરૂ બચ્ચે, પરમાલ હયેં અચ્છે,
હયેં હાલ ય્હે સચ્ચે, સચ્ચે, શાદીકે યાર—સુનો૦

જોરૂ લાકે, ઘર બનાકે, યાદ સબક કીયે તીન,
તેલ નહી હય, નાન મગા દો, લાવ લકડિયા બીન

સુનો તુમ ઔર મજેદારી

ચોરી કરો, કયેદ ભરો, ચાહે મરો, ચાહે ગરો, કુચબી કરો,
જોરૂકુ પયસેકા પ્યાર –સુનો૦

હે ગોવિંદ ! તારી સ્રીના સદ્‌ગુણોથી તેની કિમત આકજે તે જો વિવેકી ને ડાહી હશે તો ઉત્તમ ગુણોવાળા બાળકોની માતા થઈ શકશે જે માતા સદ્‌ગુણોવાળી હશે તેના ઘરમા ભૂખમરો, કગાલિયત, કે સકટ પેસવા પામતા જ નથી કાકે તે હીરા જણીને તે હીરાઓને સારી રીતે પૉલીશ કરશે, તો તે બેમૂલા નગોની ભારે કિમત આવશે, જેથી તારા ઘરમા ગરીબી દાખલ થઈ શકશે નહી. મી. ટકનેલ પોતાની સ્કુલોના રિપોર્ટમાં લખે છે કે, “ કેટલાક મોટા કારખાનાઓમા છોકરાઓને નોકરી રાખવા અગાઉ તેમની માતાઓની ચાલ્લચલણુ માટે પૂરતી તપાસ કરવામા આવતી અને જો તે માતા સારી માલમ પડતી, તો બેધડક છોકરાને નોકરી રાખી દેતા ! તેના બાપની ચાલચલણુની તો તેઓને જરા પણુ દરકાર નહોતી ” જે ઉપરથી સાબિત થાય છે, કે બચ્ચાઓની વર્તણુંકનો આધાર કેવળ તેઓની માતા ઉપર રહે છે માટે બચ્ચા કરતા બચ્ચાની માતાને સાચવ તારૂ ઘર બચ્ચાથી ભર્યુ હોય તો તેઓનુ પેટ કયાથી ભરીશ એવો ભય તો તુ રાખતો જ ના જેમ, એક બાળક વધશે તેમ રોજીનો એક વધુ દરવાજો પણુ પરમેશ્વર તેના નશીબે ઉઘાડશે. માટે ગૃહસ્થાશ્રમી થઈ ઈશ્વર ઉપર તારૂં ભવિષ્ય છોડી દેજે

તારૂ ધાર્યું થાતુ હોય તો, સુખ સચે દુ ખ હરે,
આપપણુ અજ્ઞાન કુળ એ, મૂળ વિચારે ખરે
કૃષ્ણને કરવુ હોય તે કરે

અર્ધો ડઝન બચ્ચા વધી પડ્યા તેનો વળી તુ શુ કરવા અફસોસ કરે છે? જ્યારે તેમના મોમા દાત ન હોતા ત્યારે તેમના પેદા કરનારે તેમને દુધ આપ્યુ, અને જ્યારે દાત આપ્યા ત્યારે તેમના પેટપૂરતુ અન્ન શું નહી આપશે? તારી સ્ત્રી એમ કરતા કર્કશા કે વઢકણી હોય તોએ તેનાથી લઇ ચલાવજે શુ નઠારી હોય તે કાઈ તને વાઝિયો પણ રાખશે? સારી અને સુદર સ્ત્રી જ શુ બચ્ચાં જણે છે? કુકડો હોય ત્યા જ શુ વહાણુ વાય? જેઓ પોતોની દુષ્ટ સ્વભાવની અને વઢકણી સ્ત્રીથી દુ.ખી હોય તેઓએ તો **સર એડવર્ડ કોકને** મળેલી વઢકારી ને દુષ્ટ સ્ત્રી **લેડી હાટનનુ** દાસ્તન વાચીને જ મન સાથે દિલાસો લેવો તે ઓરતના મક્કરચક્કર અને ફરેબીફીટણાથી તેનો ધણી સર કોક, રાજાની ગેરમહેરબાની અને પોતાના દોસ્તોની જુદાઇ પામી હેરાનહેરાન ને પરેશાન થઈ આ દુનિયામાંથી ચાલતો થયો હતો પરતુ તે એટલુ જ કહેતો, કે તોફાની ખડકમાથી હીરા તો અવતર્યા! યાને સપૂતો તો તેને જ પેટે પેદા પડ્યા દુ ખી તો તે જ છે, કે જેને દિવસના થાક ઉતારવા નઠારી સ્ત્રીથી રાતે ઉંઘ આવતી નથી દુ ખી તો તે જ છે, કે જેને છતી પથારીએ જાગવુ પડે છે કગાળ તે જ છે, કે જેને ઘરવાળીના સતાપથી, દિવસે ભૂખ નહીં ને રાતે ઉંઘ નહી કહ્યુ છે કે,

જાગે જે કોઈ ધનનો ધણી, જાગે સ્ત્રી ચિંતાનો ધણી.
જાગે રાત અધારી ચોર, જાગે ઘન વરસાદે મોર
જાગે જેના ઘરમા સાપ, જાગે જે દીકરીનો બાપ

જાગે જે કોઈ જપે જગદીશ, જાગે જેને દેવુ શીશ
જાગે જેની દેહમા દુખ, જાગે જેને લાગે ભૂખ

આ બધા જાગેલામા ખરેખરો જાગેલો તો એક જ છે કે, જે જગદીશના જપ કરવામા ઉજાગરો વેઠે છે દુનિયાની જીભ તો બેધારી છે "જતુ કરવત પણ વહેરે ને આવતુ કરવત પણ વહેરે" એ તો બેઉ ગાલ ઉપર બેવડો તમાચો છે જો તુ કદાચ મરજાદાથી વધતુ બોલે નહી, તો તને લોક મુગો કહેશે વધતુ બોલે તો બડબડિયો કહેશે જો સહે તો ખીકડો, નહી સહે તો ભૂડો પાસે આવે તો બેઅદબ, દૂર રહે તો પ્રગલ્ભ-ધીટ કહેશે માટે સસાર સરખુ બીજુ કાઈ કઠણુ નથી સબબ, તારી પીઠ પાછળ તારા ઘર વિષે શત્રુઓ ખોટા ગુલબાનો ગમે એવા ઉડાવે તોએ તારૂ 'ઘર' નિર્મળ રાખવા તારો સસાર શુદ્ધ રાખજે "દુશ્મન અગર કવીસ્ત, નગહુબાન કવીતર અસ્ત" "દુશ્મન જોરાવર હશે તેના કરતા વધારે જોરાવર તારો ખોદા છે देव तारल त्याला कोण मारल ?

ગોવિદ! વિચારથી વાચજે, કે કોઈ પણ માણુસ અથવા પ્રજા પોતે ઇજા બમ્યા વિના પારકાંને હેરાન કરી શકે નહી તેમ જ પોતે ફાયદો મેળવ્યા વિના સામાને સુખ આપી શકે નહી એ કુદરતનો ખરે જ એક ડહાપણભર્યો કાયદો છે "સસારમા જો તારો જીવ આબરૂ મેળવવા પછવાડે તરસ્યો હોય, જો તારા કાનને તારીફનો અવાજ ખુશ લાગતો હોય, તો જે મટ્ટીનો તું બન્યો છે, તે માહેથી પગલુ ઉઠાવ, અને તારી નેમ તારીફલાયક કામો કરવાને બુલદ કર" સસાર ચલાવતા સ્પર્ધા રાખજે, પણ ઈર્ષા ન કરીશ

શત્રુ ભૂડો હોય તેથી તારે ભૂડા થવાનુ નથી શત્રુ નર્કની કુખે જન્મેલો ને તેને કસ્તુરી પણ વાસ મારતી ને દુર્ગંધ વાળી જ લાગવાની જે તારા ઘર-સુખને દેખી શકવાના નહી, તે તો જાત પર ગયા વિના રહેવાના જ નહી નીચ તે કદિ ઉચ્ચ શબ્દ નહી જ બોલવાના. નીચ તે નીચ જ બોલશે મીયા તાનસેનનુ કવિત સધ્યારો આપે છે કે,

બાજનીકી જાયો બાજ, લાજહુ લપટાય રહે,
કુકરીનો જાયો બાજ, હોત ન શુધાએ સો
સિહઅનકે બચ્ચે જાડી, ઉરાપત આન માને,
શ્યાલ ન હોત સિહુ, માસકે ખેલાએ સો
ગૌવનકે બચ્ચેવા પુલમે લપટાયે રહે,
ગધનવા ન હોત ગૌ, ગગાજી નવાહે સો
રાગ તો કમોદ કલ્યાન, હસ મોતીયન ચુગે,
બગલા ન હોત હસ, મોતીકે ચુગાએ સો,
કહેત મીયા તાનસેન, સુનો શાહ અકબર,
વફા નહી પાવોગે, ગુલામકે બધાયસો

દિલાસા પત્ર ૮૦ મો

"Times of general calamity have ever been productive of the greatest minds The purest ore is produced from the hottest furnace, and the brightest thunderbolt is elicited from the darkest storm"

Colton

"સામાન્ય આફતના વખતમાં હમ્મેશા મહાન મનવાળા મનુષ્યો ઉત્પન્ન થયા છે ગરમા ગરમ ભઠ્ઠીમાથી શુધ્ધતમ ધાતુ નીકળે છે અને સૌથી વધારે તેજસ્વી વિજળીનો ચમકાર સૌથી અધારાવાળા તોફાનમાથી નીકળે છે" **કોલ્ટન.**

દીકરા ચુનીલાલ! મારૂ રળેલુ અર્ધુ તો તે ગુમાવ્યુ, ને હવે બાકી રહેલુ પણ જ્યારે જવા જ લાગ્યુ છે ત્યારે અધીરો થઈ રડીશ મા રોવાથી વેપારમા તેજી આવતી નથી હિમ્મત ધરીને હજી આગળ ચાલ સતોષ અને ધીરજ રાખીશ તો તારા માથા ઉપરનુ વિપત્તિનુ વાદળ વિખરાઈ જશે વેપારરોજગાર કરી, ધધામા ખુવાર થવાથી માણસ પોતાને ભારે આપત્તિમા આવેલો માને છે પણ એ તો વેપાર છે કોઈ ઈરાનથી રેશમ આયાત કરીને, કોઈ વળી ઈજીપ્તથી કરિયાણુ વસાવીને, કોઈ ટ્રાન્સવાલથી સોનુ ખરીદ કરીને, અને કોઈ ચીનનો વેપાર કરીને, પશ્ચિમથી પૂર્વ ભટકીરવડીને પૈસો જમા કરે છે પરતુ ઉત્તરથી દક્ષિણ રવડ્યા વગર જ કેટલાક સતોષી માણસો તો પોતાની શક્તિ પ્રમાણેના ઉદ્યોગથી જેટલુ મળે તે ઉપર દરેક જાતનો વેપાર ઘર બેઠા બેઠા જ કરે છે કેમકે તેમને તો સતોષ મોટુ ધન છે આપણને હવા મળે છે, પાણી મળે છે, અને ઉદ્યોગના પ્રમાણથી ખાવાનુ મળે છે, તો પછી આપણે સતોષથી રહોને, કે જ્યુપીટર કહેતા બૃહસ્પતિ પણ આપણી અદેખાઈ કરે!

શા માટે અસતોષ, લોભ, અને અદેખાઈને તારા દુ ખનુ મૂળ કરે છે? આપણી પાસે જે ભરેલુ ભરપૂર છે તેનો આપણે સતોષ પકડી શકીએ. પણ ઘણુ મેળવવાની જે ઈચ્છા છે, તે હાયવોયની ઈચ્છા છે એ ઈચ્છાને જ જો છોડી દે તો તેના

જેવો સાચો સતોષ બીજો એકે નથી. ચુનીલાલ ! ગભરાઈને રૂએ છે શા માટે ? એ તો નફોટોટો ને સુખદુ ખ જમાનાઓ થયાં ચાલ્યુ જ આવે છે

સુખ દુ ખ સરખુ આ સસારે, જોઈ લો અજમાવી રે
ચદની અધારી આવે જાવે, ઓટ ભરતી તેવી રે
દિન રજની, ક્ષય વૃદ્ધિ થાય છે સૃષ્ટિરચના એવી રે
પલક પલકમા ઉલટ સુલટ બને, માટે સમજણુ લેવી રે
પુણ્યમાર્ગથી કર્મણુ કરીને, કીર્તિ રહેવા દેવી રે

સમજયો ચુનીલાલ ! એ તો એવી ને એવી બાજી રમાયાં જ કરે છે, માટે સીકદરના જેવો લોભી ના થઇશ તેમા તને આફત જ આવશે સીકદરે બહુએ મેળવ્યુ, પણ આખરે અમુક જ મિટ્ટી સીકદરની છે, તે પણ આજે કોઈ પારખી શકતુ નથી ડાહ્યો ફીલસુફ ડાયોજીનીસ એક દિવસે માણુસોના હાડકાઓનો ઢગલો ટીકી ટીકીને જોયા કરતો હોવાથી તેને એલેક-ઝાડર ધી ગ્રેટે પૂછયુ –"એ શુ શોધો છો ?" ત્યારે ફીલસુફે કહ્યુ – "હુ આપના માનવત પિતાશ્રીના હાડકા ખોળુ છુ પણ ગરીબ કગાળ ગુલામોના હાડકા કીયાં, અને આપ નામવરના પિતાજીના હાડકા કીયા તે મને માલમ પડતા નથી " આ પ્રમાણે ભલા ભલા ખાક રાખ થઈ ગયા, અને તેમના હાડકાનોએ પત્તો મળતો નથી.

ડાહ્યા ફીલસુફ ડાયોજીનીસ માટે એક ટોપલી પૂરતી હતી, જયારે એલેકઝાંડરને આ દુનિયા નાની પડતી હતી ! કેમકે જયારે તે આખી દુનિયા જિતી રહ્યો ત્યારે ઉંધે મકરત પડીને રડવા લાગ્યો કે, "હાય હાય ! મારે માટે હવે બીજી

દુનિયાઓ જિતવાની રહી નહી!" આવી જાતનો અસતોષ પ્રમાણમા દરેકને હોય છે હવે ઉલટુ જ જૉબ જેવા દુનિયાના દુ ખી માણસનો સઘળો પૈસોટકો, માલમિલકત અને ઘરબાર ઘસડાઈ ગયા, દરેકે દરેક બચ્ચુ મરી ગયુ, તે છતા તે સબુરીથી બોલ્યો હતો કે, "માલેકે આપ્યુ ને માલેકે લીધુ ખુદાનુ રાજ્ય અમર તપો!"

સેંટ પૉલ કહે છે કે, ગમે એવી હાલતમા મબૂરી અને સતોષ રાખવાનુ જ હુ શિખ્યો છુ, કેમકે તે જ મોટો નફો છે. જેઓ પૈસાની લાલચ રાખે છે તેઓ કષ્ટ અને શોક ભોગવ્યા વગર તે લાલસા પૂર્ણ કરી શકતા નથી પૈસો કોને કહીએ? પૈસો પેટ ભરવાની ઍન વખતે કામ લાગે તો તે પૈસો કહેવાય પણ જયારે જરૂરી પ્રસગ પડે ત્યારે હવા, પાણી, અને અન્ન કરતા કાઈ પૈસાની કિંમત વધારે નથી

એક દહાડો બસરાના ઝવેરીઓ આગળ એક આરબે પોતાના ઉપર વિતેલી વાત કહી તે કહે કે, હુ એક વાર મહા ઘોર રણમા ભલો પડયો હતો ભૂખે મરી ચાલ્યો, એવામા અનાજની ભરેલી એક ગુણ મારા દીઠામા આવી હુ એવો તો ખુશીમા આવી ગયો, કે હવે પેટની વરાળ સમાવીશ, જેથી મારા જીવને રાહત થશે પણ અફસોસ જેવી તે ગુણ છોડી, તેવા જ અદરથી બેમૂલા હજારો હજાર મોતી નીકળી પડયા! અરેરે! તે વખતે મોતીને જોઇને ઉપજેલી મારી નાસીપાસીનુ હુ બ્યાન પણ કરી શકતો નથી ભૂખ લાગે ત્યારે જુવારનુ હાલ્લું મોતીથી ભરેલું મળી આવે તોયે તે શા ખપનુ?

ભરપૂર ભડાર એ એક જાતની જજાળ છે હાજત એ એક જાતની દરિદ્રાવસ્થા છે માનપાન એ એક જાતનો બોજો છે.

હલકાઈ એ એક જાતનો ધિક્કાર છે વૃદ્ધિ એ એક જાતનો ભય છે. માત્ર થોડી પુંજી અને થોડી હાજત એ જ શાન્તિનુ સ્થળ છે હુ ઉપર ચઢવાનો નથી શુ પડવાને માટે ચઢુ? હુ નીચે પડવાનો નહી શુ મારી ઉપરથી બધા ચાલી જાય તેને માટે હુ નીચે પડુ? હુ મારા પગ ઉપર ઉભો રહુ, એ જ સલામતી-ભરેલુ છે ઠંડરાટદાર તડકો જ મારી દેહને માટે સારો છે હુ ઠંડીથી જકડાઈ જાઉ, અગર સખ્ત તાપથી દાઝી મરૂ, એ બન્ને ઇચ્છતો નથી

સેંટ પૉલના સોનેરી સખુનો છે, કે મને ત્રણ ત્રણ વાર સોટાનો માર પડ્યો હતો, એક વાર મને પથરે પથરે મારવામા આવ્યો હતો, ત્રણ ત્રણ વખત વહાણ ભાગવાથી આફતમા આવવુ પડ્યુ હતુ, તે એટલે સુધી કે એક દહાડો અને એક રાત દમ નહી લઈ શકાય એટલા ઉંડાણમાં ગુગળાઈ જવુ પડયુ હતુ મને મુસાફરીઓ દરમ્યાન પાણીની તગી, લુટારાઓની સપડાશ, મારા દેશબધુઓ તરફના સકટો, નાસ્તિક લોકોની સતા-મણીઓ, શહેરની આફતો, અને જગલની મુશીબતો, દરિયાના ડરામણા પ્રસગો, નિમકહરામ ખોટા દોસ્તો, દુ ખદર્દની કળ-તરો, અને મન ઉપરના બોજાઓ, ભૂખ અને તરસ, ટાઢ ને તડકામા નગ્ન થઈ પડેલી હાલત, એ સર્વ પ્રકારની લીલીસૂકી વેદનાઓ અને વિઘ્ન મારા ઉપર પડી ચુકવા છતા, ખુદાઈ આશીર્વાદ અને છેવટની મુક્તિનો સધ્યારો મને એટલી તો રાહત આપતો હતો, કે આ સઘળા દુ ખોને હુ માત્ર "જરા અસુખ" થયલુ જ જણાવતો હતો

દીકરા! મેળવેલો પૈસો એક વાર ખોયો, તો બીજી વાર પૈસો પાછો મેળવવા તુ કામ ઉપર જા તને કામ મળશે. તુ

તને જ મદદ કર, ખુદા તને સહાય થશે જહેમત દરેક ચીજને જિતશે જહેમત ઉદ્યોગીને આશીર્વાદ છે, જે આળસુને શ્રાપ સમાન છે જાતમહેનતથી રળેલો રોટલો અજબ મીઠાશ આપે છે સારા નશીબની માતા તે જાતમહેનત છે જેણે સારો પાક મેળવવો હોય તેણે રોપણી વખતે જ મહેનત લેવી મહેનત કરનાર બીજુ નહી તો તદુરસ્તીનુ તો સુખ મેળવે છે જ દર્દી માણુસ બીજો આધાર નહી, તો ઓસડનો આધાર તો મેળવે છે જ

તદુરસ્ત માણુસનો જેમ ખોરાક એ સતોષ છે, તેમ માંદા માણુસને માટે દવા એ પણ સતોષ છે સતોષથી એક માણુસ ઝુપડીને મહેલ બનાવી શકે છે, અને અસતોષથી એક લોભી મહેલને ઝુપડી બનાવી શકે છે હે ચુનીલાલ ! વિચાર કર કે, તને તો સુકુપાકુ ખાવાપીવાનુએ મળે છે, ને નબળુપાતળુ પહેરવાઓઢવાનુએ મળે છે, પણ જે બિચારા અનાથ ભિખારી ઓને બારણે બારણે અફળાતા ઝીકાતા, ટાઢમા થથરતા કે તડકામા રવડતાએ વેળાસર ખાવાનુ મળતું નથી, ને ટાઢ તડકામા જેઓને પહેરવાઓઢવાનુ એક ફાટુતુટુ વસ્ત્ર પણ મળતુ નથી તેમના કરતા તો તુ બેહદ સુખી છે માટે **આપણી હાલત આપણાથી ઉતરતાં મનુષ્યોની હાલત સાથે સરખાવીએ તો આપણુ અર્ધુ દુઃખ દૂર થાય છે.** આજે અમીરી ને કાલે ફકીરી, એ તો રોજી દો ક્રમ થઈ લાગ્યો છે અમીરનો ફકીર થયલો એક અસતોષી માણુસ ગજલ ગાતો ગાતો રૂવે છે કે,

ઓ ફકીરી તો અમીર હઓસલા જાતા રહા,
કયુ કે તુ બાકી રહી, સબ દબદબા જાતા રહા ઓ ફકીરી૦

અએશ દો દીન, અઓર ગરીસી, તીસ દીન, મશહુર હએ,
અગે ગમકે હ઼ ખુશીકા વલવલા જાતા રહા   ઓ ફકીર૦

બાવફા માશુક કુવક્ત સાથ હએ જબસે મેરે
દિલસે મઓકે, અએશો આરામ, અએ ખુદા જાતા રહા   ઓ ફકીરી૦

હે દીકરા! દુ ખ નહી માની લે તારી દરેક રીતની દુર્દશા તારાથી ઉતરતા ભિખારીઓ, અનાથો, અને દર્દીઓ સાથે સર ખાવશે તો તારા દુ ખમા અર્ધો કરાર થશે એક પરહેજગાર પોતાને વિષે વાત કરતો હતો કે, ' જે બાબતમા મારો ઈલાજ નહી હોય તે વિષે હું કદિ દિલગીર નહી થતો હતો, પણ તે ઉપર સબૂરી પકડીને સતોષ રાખતો હતો એક વાર હું એટલો બધો બતગ હાલતમા હતો કે, જોડા વેચાતા લેવાની અથવા કોઈ પણ ઠેકાણેથી મેળવવાની મારી પાસે કોઈ જોગવાઈ નહી હતી, તેથી મને ઉઘાડે પગે ચાલવા શિવાય બીજો ચારો નહી હતો તે વખતે હુ ઈનસાનીયતની નબળાઈથી મારી તે હાલત ઉપર અસતોષી થઇને અફસોસ કરવા લાગ્યો તેવામા એક જણ મારી નજરે પડ્યા, કે જેને પગ જ નહી હતા! તે ઉપરથી ચેતવણી લઈને મેં તરત મારા અસતોષીપણાનો પસ્તાવો કર્યો, અને ખુદાએ મને પગોની તો બક્ષિસ કરી છે, પણ પેલો બિચારો પાગળો તો તેથી એ બેનશીબ છે, એમ ડહાપણથી વિચારીને ખુદાનો શુકર કીધો, અને ઉઘાડા પગ વિષેનો ગંમ મનમાંથી કાઢી નાખ્યો " ચુનીલાલ! આ એક ખરા સતોષનો દાખલો છે સબૂરીવાળો શુ કરે? ને નાસબૂરીવાળો માણસ શુ કરે? તુ નાસબર ન થઈશ. અને સટોરિયાની માફક આપઘાત કરવાના વિચારો છોડી દે. કેમકે,

કસાઈ દુઃખથી મનુષ્ય સુખસ્વાદ જાણશે,
સુખી થઈ સુખી કરી, સદાય સુખ માનશે,
નિદાન દુઃખ દાન તે પીછાનશે પછાતથી,
નિરાશી સુખ શોધશે, વિનાશી આપઘાતથી

સતોષ વિષે કહેવત કહેલી છે કે, "શરીરનુ પોષણ ખોરાકથી અને આત્માનુ પોષણ સતોષથી" હે ચુનીલાલ! જે ઘટતુ મળે તે ઉપર સતોષ રાખશો તો કદિએ ખેદ પામશો નહી એવો ખરો સતોષ ધરાવનાર જે માન પામે છે અને પોતાનો જે વક્કર તથા જે હુરમત જાળવી રાખે છે, તેથી ખોટા સતોષવાળુ તેમ જ અસતોષી ઇનસાન બેનશીબ રહે છે

સતોષનો સદ્‌ગુણ સમજદારીથી ધારણ કર સદા
મૂર્ખાઈથી સતોષી થઈ ભિખારીઓ ભટકે બધા

તુ એમ પણ ખાત્રીથી જાણી લે, કે પૈસાથી વેચાનારા લોકો છે પૈસે ગરીબ હમ્મેશા ટકી રહે છે એશિયાના એક આગલા રાજાનો એડીકાં ઘણો બહાદુર અને પ્રામાણિક હતો, પરતુ તે ગરીબ અને શરમાળ હતો તેની ગરીબી ટાળવા સારૂ રાજાએ વિચાર કર્યો કે, તેને કાઈ રોકડ રકમ આપીશ તો તે લજવાઈને લેશે નહી, કેમકે તે ટેકી ને શરમાળ છે આથી એક ચોપડીના આકારે એક બુક બનાવી તેમા ૫૦૦ શિક્કા વળગાડી, એક પુસ્તક રૂપે તેને ભેટ આપી' રાજાએ વિચાર કર્યો, કે તે ટેકી હોવાથી જો એક વાર ભેટ સ્વીકારશે તો એ પ્રમાણે દર વરસ તેને ગુપ્ત મદદ પહોચાડીશ થોડા વખત પછી તે માનકરીને રાજાએ પૂછ્યુ – "મે તમારા ઉપર જે પુસ્તક ભેટ મોકલ્યુ તે તમને પસદ પડ્યુ કે?" માનકરી બોલ્યો.–" સાહેબ! એ

પુસ્તક તો ઘણું જ ઉત્તમ છે મેં એટલા તો હોંસથી તે વાચ્યુ છે, ને મને એવો તો રસ પડયો છે, કે બીજુ વૉલ્યુમ વાચવાની મને બહુ જ અધીરાઈ લાગે છે " રાજા હસ્યો. તેણે વિચાર્યું કે, હું ધારતો હતો કે તે શરમાઈ જશે, કેમકે તે લાલચુ નથી પણ ટેકી છે ખેર હવે એનો ભાવ મારા મનમાંથી ઉતરી ગયો તોપણ તે એડીકાંની વર્ષગાઠને દહાડે તેવું જ પુસ્તક બનાવી તેના ઉપર "વૉલ્યુમ ૨ જુ" લખીને ભેટ ભેટ મોકલ્યુ " મગર તેના પાછલા પુઠા ઉપર એવો લેખ કોતરાવ્યો કે, 'આ પુસ્તક બે વૉલુમમા સમાપ્ત થયુ છે " જેણે પૈસા સબધી ટેક ગુમાવ્યો તેણે ધન, કીર્ત્તિ, મોટાઈ, અને લોકપ્રિયતા ગુમાવી જ સમજો

ઉત્તર અમેરીકાના ઈન્ડીયનોમા એવો જ ધખારો છે, કે જેઓ પૈસા મેળવાની ઈચ્છા રાખનારાઓ છે તેઓ બહાદુર નરો હોય જ નહી એ કારણથી તેઓનો મુખી હમ્મેશા પૈસે ગરીબ હોય છે! લોકનુ ભલુ કરનારા ઉત્તમ પુરૂષો ઘણે ભાગે ગરીબો જ હતા ઈઝરાયલાઈટો, ગ્રીકો, અને રોમનોમાં એના ઘણા દાખલા બનેલા છે એલીશાને પેગબર તરીકે માનવાને લોકો જે વેળાએ આતુર થયા, તે વખતે તો તે હળથી જમીન ખેડતો જણાયો હતો! રોમન લશ્કરની સરદારી લેવા જ્યારે લોકોએ સીનસીનેટસને આગ્રહ કર્યા ત્યારે તે કાછડો મારીને ખેતીનુ કામ કરતો જણાયો હતો! રૂબાઈમા કહ્યુ છે તેમ

જીસ વખ્તને પહુંચાઈ બ્હે હયરાની હય,
આરામભી દે બ્હો તો પરેશાની હય
નાકર્દા ગુનાહ જીસને ફસાયા, ઉસ્સે,–
સુખ પાનેકી ઉમ્મીદભી નાદાની હય

સૉક્રેટીસ ને એપેમીનૉન્ડાસ એ સૌથી ડાહ્યા અને લોક પ્રિય કહેવાતા છતા, તેઓ જ સૌથી ગરીબ માણસો તરીકે ગ્રીસમા જણાયલા હતા મૅરેથૉન, સૅલેમીસ અને પ્લેશિયાની લડાઈઓ મારનાર ઍરીસ્ટાઇડીસ મુઓ ત્યારે તેની પાસે પાઈ નહોતી કેમકે તે પૈસાને માટે પોતાને વેચતો નહોતો! એનુ અનુકરણ કરવાથી જ ઍપેનીયનો નીતિમાન કહેવાતા હતા અગ્રેજોમા પણ એવા લોભ વગરના ઘણા સુખી વીરલા થઈ ગયા છે તેઓ પૈસાની પૂજા ન કરતા ફરજની પૂજા કરવાથી પૂજાઈ ગયા છે હિન્દમા અસાઈની લડાઈ પછી, નીઝામ હૈદ્રાબાદનો એક વઝીર ચોખ્ખા અને ઘાનતદાર ડયુક ઓફ વેલીગ્ટન આગળ આવી ૧૫,૦૦,૦૦૦ પદર લાખ રૂપીઆની લાચ આપી માત્ર એટલી જ બાતમી માગતો ઉભો, કે મરાઠાઓને કયો પ્રદેશ આપવાનુ ગવર્નમેટે ઠરાવ્યુ, ને નીઝામને કેટલો ભાગ મળશે? વેલીગ્ટને કહ્યુ "તમે ગુપ્ત વાત ગુપ્ત રાખી શકવા જેટલી ઘાનતદારી ધરાવો છો?" વઝીરે કહ્યુ "હા" ત્યારે વેલીગ્ટને કહ્યુ 'જુઓ! તમારા જેવુ હુ પણ છપી વાત છૂપી રાખવાનુ અત કરણ ધરાવુ છુ, માટે મને આવી મોટી રકમો નથી જોઇતી, ને તમારી સીફારસે નથી જોઇતી, તમે ચાલ્યા જાવ!" કહે છે, કે હિન્દનો કિનારો જ્યારે એ સરદાર છોડી ગયો ત્યારે કોઇ મોટી દોલત સાથે લઈ જવાનુ તો બાજુએ રહ્યુ, પણ ઘણી જ ગરીબ અવસ્થામા તે ઇગ્લડ ગયો હતો એવો તે ચોખ્ખો હતો મ્હૈસોરની જિત પછી માર્કવીસ ઑફ વેલેસ્લીને પણ ૧૫ લાખની લાચ આપવામા આવતા તેણે તે ઠોકરે મારી હતી! સર ચાર્લ્સ નેપીયરે પણ આવી જાતની મોટી લાચને ઠોકર મારી હતી અને લાચ સ્વીકારવાની સિંધીયા સરકારને ના પાડી હતી

માટે પૈસા ગયા, પૈસા ગયા, એમ હાયવાય કરવા કરતા ઉપર જણાવેલા દૃષ્ટાંતોમા જે ગરીબીમા ભારે સતોષ લેવામા આવ્યો છે તેને લાખ દરજ્જે ઉત્તમ ગણ ચુનિલાલ "Where content is, there is a feast સતોષ સમાન દોલત નથી."

ચુનીલાલ! જો તારાથી સતોષ ન રખાતો હોય તો બ્રુહમના જેવો ઉદ્યોગ કર નહી તો "વેપારમા ટોટો ગયો." "ધધામા ખોટ ગઈ," "પૈસો ખોટો," એવા એવા ખ્યાલો ને વિચારમા તુ ગાંડો થઈ જશે પાછો ટટાર થઈ આગળ કરતા ભારે મહેનતે જહેમત કર અગાઉના કરતા પાછો જવાન થઈ જા, ને ઉદ્યોગનો ભારો માથે ચઢાવ મજુરી કરવી પડે તો કર તેનો સ તાપ કર્યા ન કર તારા જેવા મજુરી માટે બળાપો કરનારાઓએ લોર્ડ બ્રુહામનો દાખલો લેવો જોઈએ. ૬૦ વરસ કરતા પણ વધારે મુદ્દત સુધી પ્રજાસેવા તેણે પહાડી મહેનતથી બજાવી છે કાયદાશાસ્ત્રમા, સાહિત્યમા, રાજ્યપ્રકરણમા, અને વિજ્ઞાનમાં તેણે ખત, શ્રમ, ચિવ્વટાઈ, અને મુશ્કેલીઓથી ભરપૂર મજુરીઓ કરીને કહેવતરૂપી નામ અમર કર્યું છે દરેકે દરેક જાહેર સવાલોમા તેનો હાથ હતો જ, ને દરેક દિશામા તેણે જહેમત કરવાને કેમ વખત મેળવ્યો હશે તે જ એક અજાયબી છે સર સૅમ્યુઅલ રોમીલીને એક વાર એક નવીન કામ ઉપાડી લેવાને વિન તિ કરવામા આવતા તેણે ના કહી જણાવ્યુ હતું કે, "મને તો વખત નથી, પણ પેલા બ્રુહામ પાસે કરાવો, કેમકે દરેક બાબત માટે તે પોતાનો વખત ફાજલ પાડી શકે છે!" આનો ભેદ એ જ હતો, કે એક પળ પણ તે નિરૂપોગી રહેતો નહી એક કામમા નિષ્ફળ થાય તો બીજામા ટટાર રહેતો એક વાર બુઢાપામાં તેની આખી

દોલત ઘસડાઈ ગઈ ત્યારે "હિમ્મતથી ફરી મહેનત કરી ફરી પૈસો મેળવીશ," એવી તેને ધીરજ હતી તેનો બાંધો સરસ હોવાથી થાકથી તે કંટાળતો પણ નહી જેટલી વૃદ્ધ વયે બીજા લોકો આશાયશ લઈ મજાહ ઉડાવવા લલચાય તે ઉમ્મરે તો પ્રકાશના નિયમો વિષેની શોધખોળ કરવાની તેણે શરૂઆત કરી હતી।

ગમે તે કર, પણ હે પુત્ર! જગત કોઈથી જિતાયું નથી તારી માફક સુખથી જગત જિતવાની ઈચ્છા રાખનારાઓએ તમાચા ને બબરચા બહુ ખાધા છે તને મેં સુખમાં ઉછેર્યો, એ જ મારી મોટી ભૂલ થઈ છે સુખમા ઉછરવાથીજ તને જરા જેટલા દુઃખ પહાડ જેવા લાગે છે મેં પહેલાંથી જ જો તને ચમકાવીને ચિમટો લીધો હોત, તો આજે તારો ઝુરાપો જોવાનો મને વખત જ ન આવત

મહાન ગાયનકાર બીથોવને રોઝીનીને માટે અભિપ્રાય આપ્યો છે, કે તે ઉત્તમ ગાયનકાર થઈ શકત, જો તેને નાનપણમાં જરા ચાબકો મારવામા આવ્યો હોત, પણ સુખમા ઉછરવાથી જ તેનામા ખામી રહી ગઈ હતી

હે ચુનીલાલ! લોકો બોલી બોલીને એ જ બોલે છે કેની, કે "ચુનીયો તુટયો! ચુનીયો પડ્યો!" ભલે લોકો બોલે છે તેમ તુ તુટ્યોએ નથી, ને પડ્યોએ નથી તો પછી લોકના બોલવાની પાછળ કા ભમ્યા કરે છે? જે માણસના પોતાનામા કાંઈ દમ છે, તેણે પોતાની વિરૂદ્ધ ઉચ્ચારવામાં આવતા મતની તો કાળજી કરવી જ નહી લોકો તો ગમે તે બોલે તેમની નિંદા તરફ ધ્યાન ન આપ નહી તો હરીફ વેપારીઓ તારી ખોટી નાલેશી કરાવી તને કાચુ દેવાળુ ફુકાવશે

ખોટી ચુનીલાલ ! તારીફ તેમ જ દિલ ઉતારનારી ટીકા તરફ માલદાર મગજવાળાએ તો બીલકુલ લક્ષ આપવુ જ નહી જોઇએ મેન્ડેલસ્હોને જ્યારે પોતાનો એલીજાહ નાટક પ્રથમ જ રંગભૂમિ ઉપર આવેલો અનુભવ્યો, ત્યારે તેણે પોતાના વખાણુ-નારાઓને કહ્યુ હતું, કે જે ખુબીઓ હોય તે તો મને કહેતા જ ના, પણ જેટલી જેટલી બારીક ખામીઓ ને છિદ્રો તમને જણાય તે જ મને કહેજો સારૂ નરસુ હુ સમજી લઇશ

હે ચુનીલાલ ! નિશ્ચય કર કે, ગમે એવા દુ ખ ને પડતીના વખતમા હું તો આનદમા રહીશ માઈકલ ઍન્જેલો જેવો મહાન શિલ્પી શત્રુઓની અદાવતનો મોટો ભોગ થઈ પડ્યો હતો, તેને ચાલુ સતામણીથી ઘણું દુ.ખ થતુ, પણ આનદી સ્વભાવ રાખી તે પોતાના કાર્યમા હમ્મેશા મશગુલ રહેતો હતો

હે ચુનીલાલ ! તું પણ તેવો થઈશ હે દીકરા ! તુ ટેસો જેવો ખમાઉ થાય તો હુ ઘણો ખુશી થઈશ, કેમકે ટેસો ઉપર નિંદાનો અને સતામણીનો ભારેમા ભારે વરસાદ વરસ્યો હતો ચુગલી ખોરોની નિંદક જીભલીથી તેના મગજ ઉપર એવી અસર થઈ, કે ૭ વરસ સુધી તને દિવાનાશાળામા નાખવામા આવ્યો હતો પછી ઇટલી તરફ તે ભટકતી હાલતમા રહ્યો હતો તોપણ પોતાના બિછાના ઉપર તે લખી ગયો, કે “ નિમકહરામ માણુ-સોના અપકારો વિષે હુ કાઇએ ફરિયાદ કરતો નથી, તેઓએ આજે મને આવી હાલત ઉપર લાવી નાખ્યો છે તોએ !”

સમાપ્ત.

Printed by C S Deole, at the Bombay Vaibhav Press, Servants of India Society's Building, Sandhurst Road Girgaon, Bombay

Published by N M Tripathi, Manager, N M Tripathi & Co Book-Sellers and Publishers, Kalbadevi Road, Bombay